સુવિચાર

તમે કોઈના માટે ગમે તેટલું
સારું કર્યું હશે પણ એ વ્યક્તિ
ધ્યાનમાં એ જ લેશે જે
તમારાથી ચુકાઈ ગયું હશે...

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૭-૭-૨૦૨૪, બુધવાર
વર્ષ: ૧૩, અંક: ૧૧૧

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

# અબતક®

સાંધ્ય દૈનિક

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

ભાદર સહિત ૩૦ જળાશયોનાં જળ વૈભવમાં વધારો

(વાંચો છેલ્લા પાને)

# અષાઢે અનરાધાર: વેરાવળ-માણાવદરમાં સવા પાંચ ઈંચ વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૫૮ તાલુકામાં મેઘ મહેર: રાજકોટના વિંછીયામાં પાંચ ઈંચ: જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ સહિતના ગ્રામ્ય પંથકમાં પણ મેઘો મહેરબાન: આજે સવારથી ગીર સોમનાથ, અમદાવાદ, સુરેન્દ્રનગરમાં મેઘાવી માહોલ જામ્યો

## આગામી પાંચ દિવસ સાર્વત્રિક ભારે વરસાદની આગાહી

રાજયમાં વરસાદી સિસ્ટમના લીધે ધોધમાર વરસાદ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગના જિલ્લાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં એક થી લઇ પાંચ ઇંચ જેટલો વરસાદ પડ્યો છે ત્યારે હવામાન વિભાગના જણાવ્યાનુસાર ગુજરાતમાં લાવે તેવી હાલ ત્રણ સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે રાજયમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદ રહેશે. જે બાદ બે દિવસ છૂટા છવાયા સ્થળો પર વરસાદ પડવાની આગાહી છે. આજે દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, પંચમહાલ, વલસાડ, નવસારી, સુરત, દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. તેમજ આ ઉપરાંતના તમામ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આવતીકાલે દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, જામનગર, રાજકોટ, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, વલસાડ, નવસારી, સુરત, દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.



તસવીર: જીજ્ઞેશ પટેલ, માણાવદર

### માણાવદરના સીતાણા-નાનડીયા ગામમાં આભ ફાટ્યું

સમગ્ર સૌરાષ્ટ્ર ઉપર મેઘરાજાએ જાણે હેત વરસાવ્યું હોય તેમ સાર્વત્રિક પાંચ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ માણાવદર તાલુકાના સીતાણા-નાનડીયા ગામમાં જાણે આભ ફાટ્યું હોય તેમ દોઢ કલાકમાં જ આઠ ઇંચ વરસાદ વરસી જતા ચારેકોર જળ બંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. જેમાં સૌથી વધુ વરસાદ ગામમાં આવેલ દલીતવાસમાં ૧૫ થી ૨૦ જેટલા મકાનો અને પ્લોટ વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. સાથે ગામનો મુખ્ય ગેઇટ ધોવાઇ ગયો હતો. સાથે ગામની બહાર આવેલા સીમ વિસ્તારમાં માર્ગો, વૃક્ષો પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. જો કે, વરસાદ રહી ગયાના એક કલાકમાં પાણી ઉતરી જતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

### ક્યાં કેટલો વરસાદ?

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| ગીર સોમનાથ | વેરાવળ | ૫.૨ ઈંચ |
| જૂનાગઢ | માણાવદર | ૫.૧ ઈંચ |
| રાજકોટ | વિંછીયા | ૫ ઈંચ |
| જૂનાગઢ | માંગરોળ | ૫ ઈંચ |
| જૂનાગઢ | માળીયા હાટીના | ૫ ઈંચ |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૪ ઈંચ |
| દેવભૂમિ દ્વારકા | ખંભાળીયા | ૩ ઈંચ |
| બનાસકાંઠા | વડગામ | ૩ ઈંચ |
| બનાસકાંઠા | દાંતા | ૩ ઈંચ |
| દેવભૂમિ દ્વારકા | કલ્યાણપુર | ૩ ઈંચ |
| કચ્છ | મુંદ્રા | ૩ ઈંચ |
| દેવભૂમિ દ્વારકા | દ્વારકા | ૨.૫ ઈંચ |
| જૂનાગઢ | મેંદરડા | ૨ ઈંચ |
| પોરબંદર | પોરબંદર | ૨ ઈંચ |
| રાજકોટ | લોધિકા | ૨ ઈંચ |

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાનો બીજો રાઉન્ડ: ૫૦ તાલુકામાં ઝાપટાથી લઇ ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણડૂબ પાણી ભરાયા

**અબતક, રાજકોટ**

આખરે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં અષાઢી ધોધમાર વરસાદ શરૂ થયો છે. ગીર સોમનાથના વેરાવળ-પાટણમાં સવા પાંચ ઈંચ, જૂનાગઢના માણાવદરમાં પાંચ ઈંચથી વધુ, માંગરોળ તથા માળીયા હાટીનામાં પોણા પાંચ ઈંચ વરસાદ, રાજકોટના વિંછીયામાં સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં સાંજે કલાકમાં જ બે ઈંચ વરસાદથી ચોમેર પાણી ભરાયા હતા. જૂનાગઢના માણાવદર તેમજ વેરાવળના ઈન્દ્રોયમાં વિજળી પડતા વિજ ઉપકરણો ખાખ થઈ ગયા હતા.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેર અને પંથકમાં મેઘરાજા મહેરબાન થયા હતા. બપોરે ૧:૦૦ કલાકે પડેલા ચાર ઈંચ જેટલા વરસાદના પગલે બસ સ્ટેશન રોડ, સુભાષ રોડ, સટ્ટાબજાર સહિત અનેક વિસ્તારો તથા સોસાયટીમાં ગોઠણડૂબ પાણી ભરાયા હતા અને સાંજ સુધીમાં સવા પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો. વેરાવળના ઈન્દ્રોય ગામમાં મકાન પર વિજળી પડતા ઘરની અંદર રહેલા ઈલેક્ટ્રીક ઉપકરણો બળી ગયા હતા. સદ્નશીબે જાનહાની ટળી હતી તો બીજી બાજુ વેરાવળના સુત્રાપાડામાં દોઢ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો.

રાજકોટ શહેર-જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. વિંછીયા તાલુકામાં બે કલાકમાં જ સાડા ત્રણ ઈંચ જેટલો ભારે વરસાદ થતા ચોમેર પાણી ભરાયા હતા. જયારે રાજકોટ શહેરમાં સમી સાંજે ધોધમાર વરસાદ શરૂ થતા એક કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો.

જૂનાગઢમાં પણ મેઘરાજા ફરીથી મહેરબાન થયા છે. માણાવદરમાં સવા પાંચ ઈંચ, માંગરોળમાં સાડા ચાર ઈંચ, માળીયા હાટીનામાં સાડા ચાર ઈંચ, મેંદરડામાં અઢી ઈંચ, ભેંસાણમાં દોઢ ઈંચ તેમજ જૂનાગઢ શહેર તાલુકામાં સવા એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જિલ્લાના કેશોદ તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસતા ગ્રામ્ય પંથકના રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા. જેમાં મંગલપુર, જોનપુરનો રસ્તો બંધ થયો હતો. રસ્તા પર પાણી ફરી વળતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જૂનાગઢના માણાવદર તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. દરમિયાન જી-શ્વાન ટાવર પર વિજળી પડતા મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્ર અને સમાજ સુરક્ષા શાખા મળી કુલ પાંચ કોમ્પ્યૂટર બંધ થઈ ગયા હતા.

પોરબંદરમાં પણ વિવિધ વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. જેમાં પોરબંદરમાં અઢી ઈંચ, રાણાવાવમાં પોણા બે

(અનુ. આઠમા પાને)

## સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં સિઝનનો સૌથી વધુ ૬૩.૫૨% વરસાદ

### વિસાવદરમાં સિઝનનો ૩૪ ઇંચ જયારે મેંદરડા-વંથલીમાં ૩૧ ઇંચ વરસાદ વરસ્યો

**અબતક, રાજકોટ**

જુલાઇ મહિનામાં મેઘરાજાએ જાણે હેત વરસાવ્યું હોય તેમ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ ૬૩.૫૨ ટકા વરસાદ વરસી ચુક્યો છે. તેમાં પણ ખાસ વિસાવદરમાં ૩૪ ઇંચ જયારે મેંદરડા અને વંથલીમાં ૩૧ ઇંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત માણાવદરમાં ૭૩૮ મીમી, ભેંસાણમાં ૩૮૮ મીમી, જૂનાગઢ શહેરમાં ૬૭૬ મીમી, કેશોદમાં ૫૩૯ મીમી, માળીયા હાટીનામાં ૬૦૫ મીમી વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્રમાં બીજા નંબર પર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૪.૩૧ ટકા વરસાદ વરસ્યો છે. જેમાં ખંભાળીયામાં સૌથી વધુ ૭૭૯ મીમી, કલ્યાણપુરમાં ૪૪૨ મીમી, દ્વારકામાં ૪૦૨ મીમી અને ભાણવડમાં ૩૫૪ મીમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લામાં પણ ૩૫.૫૫ ટકા વરસાદ વરસ્યો છે. જેમાં ગીરગઢડામાં ૨૩૩ મીમી, કોડીનારમાં ૩૯૮ મીમી, સુત્રાપાડામાં ૩૯૦ મીમી, તાલાલામાં ૪૪૫ મીમી, ઊનામાં ૨૭૦ મીમી અને પાટણ-વેરાવળમાં ૪૦૯ મીમી વરસાદ નોંધાયો છે. પોરબંદરમાં ૪૬.૩૭ ટકા વરસાદ વરસી ચુક્યો છે. જેમાં કુતિયાણામાં ૪૨૪ મીમી, પોરબંદરમાં ૩૦૭ મીમી જયારે રાણાવાવમાં ૩૮૮ મીમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત જામનગર શહેરમાં કુલ ૩૩.૩૬ ટકા વરસાદ વરસ્યો છે. જેમાં ધ્રોલમાં ૧૪૮ મીમી, જામજોધપુરમાં ૩૧૭ મીમી, જામનગરમાં ૨૦૨ મીમી, જોડીયામાં ૧૯૭ મીમી, કાલાવડમાં ૩૦૮ મીમી અને લાલપુરમાં ૨૯૦ મીમી વરસાદ નોંધાયો છે. બીજા જિલ્લાની વાત કરીએ તો રાજકોટમાં સિઝનનો કુલ ૩૭.૦૩ ટકા, મોરબીમાં ૪૦.૮૦ ટકા, સુરેન્દ્રનગરમાં ૨૩.૨૦ ટકા, બોટાદમાં ૪૨.૮૪ ટકા, ભાવનગરમાં ૪૨.૬૧ ટકા, અમરેલીમાં ૪૩.૧૫ ટકા વરસાદ વરસ્યો છે.



### સૌરાષ્ટ્રનો સિઝનનો વરસાદ

| જિલ્લા | વરસાદ |
|---|---|
| સુરેન્દ્રનગર | ૨૩.૨૦ ટકા |
| રાજકોટ | ૩૭.૦૩ ટકા |
| મોરબી | ૪૦.૮૦ ટકા |
| જામનગર | ૩૩.૩૬ ટકા |
| દ્વારકા | ૬૪.૩૧ ટકા |
| પોરબંદર | ૪૬.૩૭ ટકા |
| જૂનાગઢ | ૬૩.૫૨ ટકા |
| ગીર સોમનાથ | ૩૫.૫૫ ટકા |
| અમરેલી | ૪૩.૧૫ ટકા |
| ભાવનગર | ૪૨.૬૧ ટકા |
| બોટાદ | ૩૧.૪૧ ટકા |
| કુલ | ૪૨.૮૪ ટકા |

## રાજયના ૪૭ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો

રાજયમાં ૪૮ કલાકની સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજયના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે. આજના દિવસે રાજયના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજયના ૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જયારે સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે. જુનાગઢના માંગરોળમાં ૩ અને માળિયાહીટીનામાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે.જુનાગઢમાં મેઘરાજાએ જમાવટ કરી છે. જુનાગઢના માંગરોળમાં મેઘરાજા મન મુકીને વરસ્યા. હવામાન વિભાગના આંકડા મુજબ માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. જે બાદ અનેક નીચાણવાળા વિસ્તારો પાણી-પાણી થયા છે. આ તરફ ટાવરચોક, બસસ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાયા. જયારે માળીયા હાટીનામાં પણ ૨ ઈંચ વરસાદ વરસ્યો છે. અસહ્ય ગરમી વચ્ચે મેઘમહેર થતા નાગરિકોએ રાહતનો અનુભવ કર્યો.ગીર સોમનાથમાં પણ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ રાજયમાં સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. વેરાવળ, સુત્રાપાડામાં પણ વરસાદના અહેવાલ છે. વેરાવળમાં ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા. સટ્ટાબજાર, સુભાષ રોડ, લોહાણા હોસ્પિટલ રોડ પણ પાણીમાં ગરકાવ થયો. મેઘરાજા જાણે કે મહાદેવ પર જળાભિષેક કરતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા અને તપેશ્વર મહાદેવ મંદિરમાં પાણી ઘુસ્યા. લાંબા વિરામબાદ વરસાદ થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

# ઔદ્યોગિક-ક્વોરી વિસ્તારોમાં રોડ-રસ્તા માટે રૂ. ૧૪૭૦ કરોડ ફાળવાયા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય: ૬૮૮ કીમીના ૬૫ માર્ગોનું અપગ્રેડેશન અને મજબૂતી કરણ કરાશે


**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી ઔદ્યોગિક વિસ્તારો અને ક્વોરી વિસ્તારોને જોડતા માર્ગોના અપગ્રેડેશન અને મજબૂતીકરણ માટે ૧૪૭૦ કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ આ હેતુસર ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે પરામર્શ કરીને તેમની જરૂરિયાતો પણ ધ્યાને લેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. ઔદ્યોગિક વિસ્તારોને તથા ક્વોરીને જોડતા આ રસ્તાઓના કામો થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામોના ટ્રાફીકને સરળતા રહેશે અને વાહન વ્યવહાર લાયક સારા માર્ગોની સગવડતા મળશે.

ગુજરાત દેશના સૌથી વધુ ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા રાજયોમાં એક અગ્રેસર રાજય છે. એટલું જ નહિં, પોલિસી ડ્રિવન સ્ટેટ, રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પરિણામે દેશમાં ગુજરાત એફડીઆઈનો મોટો હિસ્સો ધરાવતું રાજય બન્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને દિશાદર્શનમાં શરૂ થયેલ વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટની ફલશ્રુતિએ રાજયમાં મોટાપાયે ઉદ્યોગો આવતાં અપ્રતિમ ઔદ્યોગિક વિકાસ થયેલો છે.



આવા ઉદ્યોગો દ્વારા 'મેઈક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાનના વિઝનને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રોડ નેટવર્ક વધુ સુદ્રઢ કરવાના હેતુથી છેલ્લા બે વર્ષમાં રોડ સેક્ટરની નાણાંકીય જોગવાઈઓની ફાળવણીમાં ૮૦ ટકાથી વધુનો વધારો કરવાની પહેલ કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં ઔદ્યોગિક વિસ્તારો અને ક્વોરી વિસ્તારોને જોડતા કુલ ૬૮૮ કિલોમીટરના ૬૫ માર્ગો માટે આ ૧૪૭૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

આ ફાળવણી અન્વયે ૮૩ કિલોમીટર માર્ગોને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે તેમજ ૧૭૩ કિલોમીટર રસ્તાની લંબાઈ ૧૦ મીટર સુધી પહોળી કરાશે. આ કામ સાથોસાથ ૪૩૨ કિલોમીટર લંબાઈનું મજબૂતીકરણ-સ્ટ્રેન્ધનીંગ કરાશે તેમજ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ તથા વાઈડનીંગ કરવામાં આવશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાયે આ રસ્તાઓ પર ફ્લાય ઓવર પણ કરાશે.

ક્વોરી વિસ્તારના અને ઉદ્યોગોને જોડતા ગ્રામ્ય માર્ગો પણ વધુ મજબૂતીકરણની તેમજ વાઈડનીંગની જરૂરિયાત ધરાવતા હોય છે, તે બાબતને પણ ધ્યાને રાખવામાં આવેલ છે.

મુખ્યમંત્રીએ માર્ગ અને મકાન વિભાગને રાજયના દરેક વિસ્તારના ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા રસ્તાઓને ધ્યાનમાં લઈને ઉત્તર, મધ્ય, દક્ષિણ, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોના સર્વાંગી વિકાસની વ્યૂહરચના અનુસાર રસ્તાઓ આવરી લેવા દિશા નિર્દેશ આપ્યા છે.

આ આયોજન પ્રવર્તમાન સમયની જરૂરિયાતોને પૂર્ણ કરવા સાથે ઉદ્યોગ અને ક્વોરી વિસ્તારની અને તેને જોડતા રસ્તાઓના ગામો, નગરો, શહેરોની ભવિષ્યલક્ષી જરૂરિયાતોની પણ આપૂર્તિ કરશે.

માર્ગોના મજબૂતીકરણ અને અપગ્રેડેશન માટે નાણાં ફાળવણીની મુખ્યમંત્રીએ આપેલી આ સૈદ્ધાંતિક અનુમતિને પરિણામે ભવિષ્યમાં ઉદ્યોગો માટે રો-મટીરીયલ, ફિનિશ્ડ પ્રોડક્ટસ તેમજ મુખ્ય અને ગૌણ ખનિજોના આવા-ગમનની સરળતામાં વધારો થતાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ મળશે.

રાજયમાં વધુ પ્રમાણમાં ઉદ્યોગોની સ્થાપનાનો માર્ગ મોકળો થશે અને વડાપ્રધાનની વિકસિત ભારતની પ્રતિબદ્ધતામાં ગુજરાત 'વિકસિત ગુજરાત'ના નિર્ધારથી અગ્રીમ યોગદાન આપશે.

આજે વિશ્વ ઈમોજી દિવસ

# સોશિયલ મીડિયામાં દરરોજ સાત અબજથી વધુ ઈમોજીનો ઉપયોગ કોમ્યુનિકેશન માટે થાય છે !

## શબ્દો વિના અભિવ્યકિત વ્યકત કરવા આજકાલ યુવા વર્ગમાં તેનો ક્રેઝ વધુઃ પીળો રંગ સુખનું પ્રતિક ગણાતું હોવાથી તેનો રંગ મોટાભાગે પીળો હોય છેઃ હકારાત્મક અભિવ્યકિતઓના સૌથી વધુ ઈમોજીસ છેઃ આપણાં દેશમાં હાથ જોડીને પ્રાર્થના કરતાં ઈમોજીનો સૌથી વધુ ઉપયોગ થાય છે

**ઈમોજીની શોધ ૧૯૯૯માં જાપાની વ્યકિત શિગેતાકા કુરીતાએ કરી હતીઃ અન્ય લોકો સુધી લાગણી પહોચાડવા આજે તેનો ઉપયોગ વધુઃ અત્યાર સુધીમાં ૩૬૩૩ ઈમોજી બનાવાયા છે, જયારે વોટસ એપ પર ૮૦૦ ઈમોજી ઉપલબ્ધ છે**

આજકાલ સોશિયલ મીડિયાનો જબ્બર ક્રેઝ છે. બાળથી મોટેરા તેનાથી જોડાયેલા રહે છે, ચેટિંગના આજના યુગમાં કશું બોલ્યા વગર સામે વાળી વ્યકિતને એક નાનકડા ચિત્ર કે ઈમોજીથી ઘણી વાત કહી દઈએ છીએ. લાગણી વ્યકત કરવા કે વાતની સમજ માટે એક ઈમોજી ઘણું કામ કરી આપે છે. ડિજિટલ વિશ્વમાં ચેટીંગ અને ઈમોજીનો ઉપયોગ ખુબ જ ઝડપથી વધ્યો છે. ચેટીંગ, મેઈલ, સોશિયલ મીડીયા, ટેકસ્ટ મેસેજ વગેરેમાં આપણે ઘણા પ્રકારના ઈમોજીનો ઉપયોગ કરીઅી છીએ. આજે વિશ્વ ઈમોજી દિવસ છે, ત્યારે વિશ્વમાં યુવા વર્ગ તેની ભવ્ય ઉજવણી કરતો હોય છે. આપણાં દેશમાં હાથ જોડીને પ્રાર્થના કરતાં ઈમોજીનો ઉપયોગ સૌથી વધુ થાય છે. અભિવાદન કરવા, આદર આપવા તેનો ઉપયોગ કરીને આભારની લાગણી વ્યકત કરાય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ઈમોજી પીડિયાના સર્વે અનુસાર ટીયર્સ ઓફ જોય ઈમોજી એટલે હસતી વખતે આંસુ સાથે આનંદ વ્યકત કરાય છે. આ ઈમોજીને ૨૦૨૧માં બેસ્ટ ઈમોજીનો એવોડ પણ મળ્યો તો. અમુક માટે હૃદય કે ઉદાસી બતાવવા પણ ઈમોજીનો ઉપયોગ કર છે. અંગૂઠો ઉભો કરેલ ઈમોજીનો ઉપયોગ અભિપ્રાય કે સંમત થવાની લાગણી છે. આજે તો કોઈ સાથે ચેટીંગમાં તેનો ઉપયોગ જ ન કરો તે શકય જ નથી.

આજે ઈમોજી આપણા જીવનનો અચૂટ હિસ્સો બની ગયો છે, ગુસ્સો કરવો, પ્રેમ બતાવવો કે પછી વિરહ મિલનની વાત રજુ કરવા તેનો ભરપુર ઉપયોગ થવા લાગ્યો છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આવા પ્રકારના ઈમોજી રોજ ઓનલાઈન ચેટીંગમાં સૌથી વધુ પ્રયોગ કરે તે લોકો ફલટી અને સેકસી મનો સ્થિતિના હોય છે.

ફેબ્રુઆરી ૧૯૯૯ માં શિગેતાકા કુરીતા નામની વ્યકિતએ પહેલી વાર ઈમોજીસને ડીઝાઈન કરી હતી, તેમણે આ વિચાર ચાઈનીઝ કાર્ટુન મંગા અને કેટલીક સ્ટ્રીટ સાઈનના માદયમ પરથી આવ્યો હતો. ઓકસફર્ડ ડિકશનરીમાં ૧૯૯૭માં ઈમોજી શબ્દ આવ્યો હતો. પણ તેનો ઉપયોગ ૨૦૧૫માં સૌથી વધુ જોવા મળ્યો હતો. ટીયર ફેઈસ વાળો ઈમોજી વિશ્વભરમાં પ્રચલિત થતાં તેને એક ઈમોજી તરીકે ભાષામાં કાયમી સ્થાન આપેલ હતું. રોજીંદા ચેટીંગમાં આજકાલ તેનો બહોળો ઉપયોગ થાય છે. સોશિયલ મીડીયામાં દિલની વાત ને દિલ સુધી લઈ જવામાં ઈમોજીની તોલે કોઈ ન આવી શકે વોટસએપ, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ, ટિવરર અને ટેલિગ્રામ પર લાગણી વ્યકત કરવા માટે એક ઈમોજી ઘણા શબ્દોને પછડાટ આપે છે. હસવું, રડવું, ગુસ્સો કરવો, ઉજવણી કરવી, માફી માંગવી, માન આપવું, સંમત થવું, ના પાડવી અને ગુડબાય જેવી ઘણી લાગણી અને વાત વ્યકત કરવા ઈમોજી સંદેશ વ્યવહારને સરળ અને અસરકારક બનાવે છે. ઈમોજીનો અર્થ જોઈએ તો ઈ એટલે ચિત્ર




જ્યારે મોજી એટલે કે રેકટર બને છે. એક નાનકડુ ચિત્ર દ્વારા અન્ય લોકો સુધી ફિલિંગ પહોચાડે છે. સોશિયલ મીડીયા પ્લેટ ફોર્મ પર દરરોજ સાત અબજ થી વધુ ઈમોજીનો ઉપયો કોમ્યુનિકેશન માટે થાય છે.

આજે તો ટેકનોલોજી અને નવા નવા ફીચર્સ આવતાં તમારી મરજી પ્રમાણેનું ઈમોજી બનાવી શકો છો. ગુગલનું જોરદાર ફીચર્સ તમારા ચેટમાં ચાર ચાંદ લગાવશે. ઈમોજી કિચન ફીચરમાં તમે પોતાની કસ્ટમ ઈમોજી બનાવી શકશો, સાથે બે ઈમોજી મીકસ કરીને નવી ઈમોજી બનાવી મિત્રોને શેર કરી શકશો. એક જુની કહેવત પ્રમાણે ચિત્ર હાજર શબ્દોને એક દ્રષ્ટિમાં દર્શાવે છે. દરેક બ્રાંડના ફોનમાં, સોશિયલ મીડીયામાં અને વેબસાઈટ ઉપર અલગ અલગ સ્વરુપમાં જોવા મળે છે. કોવિડ ના સમયમાં વક ફ્રોમ હોમ દરમિયાન તેનો ઉપયોગ પાંચગણો વધી ગયો હતો.

આજના દિવસે મન મોહી લેતા આ ડગલાઓ બધાના દિલ જીતી લે છે. જયારે આપણો અવાજ કે એકસપ્રેશન સામે વાળી વ્યકિત સુધી પહોચાડી ન શકીએ ત્યારે ઈમોજી કામ કરે છે. આપણી પાસે શબ્દો પુરા થઈ જાય ત્યારે કામ આવતું ટુલ એટલે ઈમોજી ૨૦૧૪ થી આ દિવસની ઉજવણી થાય છે, તેની શરૂઆત ઓસ્ટ્રેલિયાના જેરેમી બર્ગ દ્વારા કરવામાં આવી હતી.

આજે સોશિયલ મીડીયા યુઝર્સને પોતાના દરેક પ્રકારના એકસપ્રેશન વર્ણવવા માટે ઈમોજી ઉપલબ્ધ છે. જેવા કે રડવું, હસવું, ડાન્સ કરવું, ખુશી, ઉદાસી, અસ્વસ્થ થયું, ખાવાનું, રસોઈ, મુસાફરી, મોટેથી હસવું, પ્રેમ વ્યકત કરવો, જેવી બધી લાગણીઓ આ ઈમોજી દ્વારા દર્શાવાય છે. આજે ઘણી કંપનીઓ તેના ખાસ ઈમોજીસને લોંચ પણ કરે છે. સ્માર્ટ ફોનના યુગમાં ઈમોજી એક આદાન પ્રદાનનું શ્રેષ્ઠ માદયમ બની ગયું છે. ઈમોજી પિડિયાની જાણકારી મુજબ એપ્પલ, ગુગલ, સેમસંગ અને જોય પિકસલ કેલેન્ડરની ઈમોજીનો ઉપયોગ કરે છે. સૌથી પહેલા એપલે ૨૦૦૨માં એક કેલેન્ડરમાં તેનો ઉપયોગ કર્યો હતો. દિલની આંખો સાથે હસતો ચહેરો પ્રેમની અભિવ્યકિત માટે સૌથી વધુ ઉપયોગ થાય છે.

ઘણીવાર કેટલીક વાત કે વસ્તુ કહેવાની હોય તે ઈમોજીસના માદયમથી સરળતાથી કહો શકો છો. આજે ઓનલાઈન ચેટીંગમાં સૌથી વધુ ઈમોજીસનો ઉપયોગ થાય છે. વિશ્વ ઈમોજી દિવસે તેના અવતરણોમાં એક હસતો ચહેરો હજારો શબ્દો બોલી શકે છે, તે એક ડિજિટલ યુગની ભાષા છે. ભાષાઓ અને સંસ્કૃતિ વચ્ચેનો અંતરને ઈમોજી દૂર કરે છે. ઈમોજી ઈન્ટરનેટની સાર્વત્રિક ભાષા છે. આજે વિવિધ કાર્યક્રમ પણ યોજાયા છે. જેમાં યુવા વર્ગ વધુ જોડાયો છે. આજે હેશટેગના માદયમથી મિત્ર-સર્કલમાં તેની ઉજવણી થાય છે. ઈન્ટરનેટની રચના થઈ ત્યારથી ઈમોજીસનો ઉપયોગ થાય છે. ભાષાના અવરોધો સાથે જોડવામાં અને વાતચીત કરવામાં મદદ કરે છે. દુનિયાભરમાં આજે આનંદના આંસુ સાથેનો ચહેરો, લાલ હૃદય, ઉત્તમ-શ્રેષ્ઠ, હાથ હલાવીને, પોપ, હૃદયની આંખો સાથે હસતો ચહેરો જેવા ઈમોજી સૌથી લોકપ્રિય છે. ૨૦૧૭માં સોની પિકચર્સ ધ ઈમોજી મુવી રીલીઝ કરી હતી. અનેક શબ્દોની ગરજ સારતા ઈમોજી યુવા વર્ગ ખુબ જ પ્રિય છે. આજના યુગમાં નવી દુનિયાની મોજીલ ભાષા એટલે ઈમોજી.

### ઈમોજી લાઈફનો મહત્વ પૂર્ણ હિસ્સો

ઈમોજીએ એક માદયમ છે, જેના દ્વારા તમે તમારી લાગણીઓને સેકન્ડમાં જ વ્યકત કરી શકો છો. ઈમોજી જાપાની શબ્દ ઈ (ચિત્ર) અને મોજી (પાત્ર) પરથી ઉતરી આવ્યો છે. આપણાં દેશમાં ખુશીના આંસુઓનો ઉપયોગ કરે છે. અને બ્લોઈંગ અ કિસ ઈમોજીનછ સૌથી વધુ ઉપયોગ કરે છે. દુનિયા ભરમાં સ્માઈલ

ફેસનો ઉપયોગ સૌથી વધુ કરે છે. તેને અમેરિકન હાર્વે રોઝ બોસ દ્વારા બનાવાયો હતો. ૯૦ના પ્રારંભે જાપાનમાં શરુ થયેલ ઈમોજી ધીરે ધીરે સમગ્ર વિશ્વમાં પ્રસરી ગયું અને ૨૦૧૦ પછી તો તેનો ઉપયોગ વેબસાઈટસ અને એપ્લિકેશનમાં થવા લાગ્યો હતો.

# ગાંધીજીનાં એકાદશ વ્રત – જાત મહેનત

## જે લોકો પૂરતો શ્રમ કરે છે,તેને પૂરતું ખાવા મળતું નથી અને જે લોકોને પૂરતું ખાવા મળે છે તે શ્રમ કરતા નથી

દુનિયામાં આજ સુધી અનેક ક્રાંતિકારી લોકો આવ્યા છે. હિટલર, મુસોલીની,લેનીન, અબ્રાહમ લિંકન વગેરે.આ બધા લોકોએ પોતાના દેશને સ્વતંત્ર બનાવવા માટે અનેક પ્રયત્નો કર્યા, છતાં પણ તેમને કોઈએ મહાત્મા હિટલર, મહાત્મા મુસોલીની, મહાત્મા લેનિન કે મહાત્મા લીંકન કહ્યા નથી. દુનિયાની ક્રાંતિના ઈતિહાસમાં એક જ એવી ક્રાંતિકારી વિભૂતિ છે, જેને લોકો મહાત્મા કહે છે, અને એ છે મહાત્મા ગાંધી.

લોકો એમને મહાત્મા શા માટે કહે છે ? શું તેમણે આઝાદી અપાવી એટલા માટે ? આઝાદી તો બીજા કેટલાય લોકોએ અપાવી છે,તેમ છતાં એમને મહાત્મા નથી કહેતા તો ગાંધીજીને 'મહાત્મા' શા માટે કહે છે ? કારણ એ છે કે એમણે સત્ય અને અહિંસા મારફતે આઝાદી મેળવવાનો પુરૂષાર્થ કર્યો છે. ભારતને આધ્યાત્મિક માર્ગે સ્વતંત્ર કરવાનો એમણે પ્રચંડ પ્રયત્ન કર્યો છે.

ગાંધીજીને ૧૯૩૦ માં જેલવાસ થયેલો ત્યારે ગાંધીજી યરવડા જેલમાં હતા. યરવડા જેલનું નામ ગાંધીજીએ યરવડા મંદિર પાડેલું.આ સમયે ગાંધીજી તેમનો સમય, તેમને મળતા છાપાં વાંચી,રેંટિયો કાંતિ કે પછી ગીતાના મનનમાં ગાળતા.એ સમયે એક બે ભાઈઓ તરફથી એવી રજૂઆત થઈ કે સાબરમતી આશ્રમના જીવનમાં વધુ ચેતન રેડવાની આવશ્યકતા છે. આથી ગાંધીજીએ આશ્રમ વાસીઓ પર સાપ્તાહિક પત્રો લખવાનું શરૂ કર્યું. કોઈપણ કાર્ય નિયમિત થવું જોઈએ, એવો ગાંધીજીનો આગ્રહ હોવાથી દર મંગળવારની સવારની પ્રાર્થના પછી એક પ્રવચન લખી મોકલવાનો એમણે સંકલ્પ કર્યો.આ પ્રવચનો દર મંગળવારના રોજ પ્રભાતના સમયે લખાતાં હતાં. આથી આ પ્રવચન સંગ્રહનું નામ 'મંગળ પ્રભાત' જ રાખ્યું છે.

આ પ્રવચનોની શરૂઆત તારીખ ૨૨:૭:૧૯૩૦ ના રોજથી થઈ.'સત્ય' વિષય ઉપરથી શરૂઆત કરી તારીખ ૨૧:૧૦:૧૯૩૦ ના રોજ 'સ્વદેશી વ્રત' વિષયના પ્રવચનથી પૂર્ણાહુતિ થઈ.આ વ્રતો માંહેના નવમું વ્રત 'જાત મહેનત' વિશે તારીખ ૧૬:૯::૧૯૩૦ ના રોજ પ્રવચન થયેલું.

દુનિયાના ૯૦ ટકા લોકોનો જીવન નિર્વાહ ખેતીથી ચાલે છે.બાકીના ૧૦ ટકા પણ અનુકરણ કરે તો,જગતમાં કેટલું સુખ,શાંતિ અને આરોગ્ય ફેલાય ? જાત મહેનતના ફાયદાને સૌ સ્વીકારે તો ઉચ્ચ નીચના ભેદ મટી જાય. આજે માલિક - મજૂરનો ભેદ પેસી ગયો છે. ગરીબ - ધનિકની અદેખાઈ જોવા મળે છે.બધા જ રોટી પૂરતી મજૂરી કરે તો, આ ભેદ ટળે. પોતાને માલિક નહીં પણ ટ્રસ્ટી સમજે તો આ ભેદ ટળે. પણ કમભાગ્યે આજે સાર્વત્રિક શ્રમ ઘટી રહ્યો છે.અરે ! ખેડૂતો પોતાની જમીનમાં પણ શ્રમ કરતા નથી, પર પ્રાંતીય મજૂરો પાસે મજૂરી કરાવી માલિક પદ ભોગવે છે. અથવા તો પોતાની જમીન વેચી અન્ય ધંધા રોજગાર તરફ વળે છે.જાત મહેનતનો અર્થ એટલો જ કરવાનો છે કે એક યા બીજા પ્રકારે શ્રમ દ્વારા ઉત્પાદન થવું જોઈએ.શ્રમની સૂગ દૂર થવી જોઈએ.

દેશમાં અંગ્રેજોના આગમન પછી કારકુનો પેદા કરવાનું શિક્ષણ દાખલ થયું.આથી સૌના માનસમાં વ્હાઈટ કોલર જોબની અસર બેસી ગઈ,જે આજે પણ ગઈ નથી.આજે આપણા દેશમાં શિક્ષિત બેકારોનો રાફડો ફાટ્યો છે.બેકારીનું વાસ્તવિક કારણ વ્હાઈટ કોલર જોબ છે. કોઈને ખેતી કરવી નથી.કડિયા કામ, મિસ્ત્રી કામ કે નાના ધંધા-રોજગારી આપે તેવા કારીગર નથી બનવું.આવા વ્યવસાયોને હલકા ગણવામાં આવે છે.બાકી આવા વ્યવસાય કરનાર વ્હાઈટ કોલર જોબની કમાણી કરતાં પણ વધુ રળતર મેળવે છે. આથી જ ગાંધીજીએ બુનિયાદી શિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો.ગાંધીજી કહેતા દરરોજ આઠ કલાક કામ કરવું જોઈએ. પોતે ૧૯૨૧ થી દરરોજ અડધો કલાક રેંટિયો કાંતવાનું વ્રત લઈ, આજીવન નભાવ્યું હતું. ગાંધીજીએ પોતાની જિંદગીના છેલ્લા વર્ષોમાં તો ૧૮- ૨૦ કલાક કામ કરેલું.જાપાનમાં હિરોશિમા અને નાગાસાકી ઉપરના અણુ બોમ્બ બ્લાસ્ટ પછી દરેક કર્મચારીઓને વધુ કામ કરવાની ફરજ પાડવામાં આવેલી.અમુક વર્ષો પછી લક્ષ્યાંકો પૂર્ણ થવાથી આવી વિશેષ સેવા ફરજ બંધ કરવામાં આવી, તો કર્મચારીઓએ હડતાલ પાડેલી. અમારૂં કામ શા માટે લઈ લેવામાં આવ્યું ? અમને વધુ કામ આપો.હડતાલ પાડવાની કેવી ઊંચી રીત ?! અને આપણા દેશમાં ? રજાના દિવસો વધારો. કામના દિવસો ઘટાડો. આવી હડતાલ પાડવામાં આવે છે.

**ચિંતનની પાંખે**



**વિઠુલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

ગાંધીજી બધાને પોતપોતાના સફાઈ કર્મી થવાની વાત કરી છે. પોતાનું જાજરૂ પોતે સાફ કરે. સફાઈ કર્મીનો નોખો ધંધો કલ્પવાને ગાંધીજીએ મહા દોષ ગણ્યો છે.આ ભાવના બચપણથી જ પેસવી જોઈએ.સમાજના ઉપયોગી કોઈપણ કામને ગાંધીજી હલકું ન ગણતા. શ્રી કૃષ્ણ ભગવાને પણ સમાજને ઉપયોગી કોઈ કામને હલકું ગણ્યું નથી.પોતે રાજસૂય યજ્ઞમાં દ્વારપાળ તરીકેની ભૂમિકા ભજવેલી. ભોજન સમારંભમાં એઠાં પતરાળાં પણ ઉપાડેલા.તો વળી મહાભારત યુદ્ધમાં અર્જુનના રથના સારથિ તરીકેનું કામ તેઓએ કરેલું. ધર્મશાસ્ત્રમાં પણ જાત મહેનતને મહત્વ આપવામાં આવ્યું છે.ઈશોપનિષદમાં 'કામ કરતા કરતા શતાયુ થાઓ'ની વાત કરવામાં આવી છે. તો વળી, બાઈબલમાં 'બ્રેડ લેબર' અર્થાત 'રોટી ને સારૂં મજૂરી'ની વાત કરી છે.'તારી રોટી તું પસીનો પાડીને કમાજે અને ખાજે.' ગીતાના ત્રીજા અધ્યાયના બારથી ચૌદ શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે યજ્ઞ કર્યા વિના ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે.અહીં યજ્ઞનો અર્થ શ્રમ કરવાનો છે.આજે મોટી સમસ્યા એ થઈ છે કે જે લોકો પૂરતો શ્રમ કરે છે,તેને પૂરતું ખાવા મળતું નથી અને જેને પૂરતું ખાવા મળે છે તે શ્રમ કરતો નથી. એક ખાવાનું ન મળવાને કારણે મરે છે, તો બીજો ખાઈ ખાઈને મરે છે. એક ગરીબ બીજો અમીર. એક શ્રમજીવી બીજો વિશ્રામજીવી. એક ઉત્પાદક બીજો ઉપભોક્તા.

એરિક ફ્રોમના એક પુસ્તક The sane Society 'શાણો સમાજ'માં વર્ણવ્યું છે કે દરેકે પૂરતો ખોરાક અર્થાત ઘસારો પૂરો કરવા જેટલો લેવો જોઈએ. પૂરતો શ્રમ અર્થાત થાક લાગે તેટલો કરવો જોઈએ અને જરૂર પૂરતો આરામ કરવો જોઈએ.

'From each according to his necessity' અર્થાત શક્તિ પ્રમાણે કામ અને આવશ્યકતા પ્રમાણે દામ સૌને મળવા જોઈએ.

ગાંધીજીએ 3 H - Head, Heart and Hand ની કેળવણી ઉપર ભાર દેવાની વાત કરી છે. ત્રણેયના સમન્વય યુક્ત કાર્યોને મહત્વ આપવાની વાત કરી છે. ગૃહ-ગ્રામ ઉદ્યોગને વિકસાવવાની હિમાયત કરી છે. વિનોબાજી કહેતા,'એક પેટ ભરવા ભગવાને બે હાથ આપ્યા છે, બે હાથ કામ કરે તો પેટ ભરવું મુશ્કેલ નથી.' જાણીતા કવિ ઉમાશંકર જોશીએ યથાર્થ જ કહ્યું છે,

ત્રણ વાનાં મુજને મળ્યાંઃ
હૈયું,મસ્તક ને હાથ,
બહુ દઈ દીધું નાથ !
જા, હવે ચોથું નથી માગવું !

આપણા દેશનો ગ્રામ સમાજ છ માસ બેકાર રહેતો. આથી ગાંધીજીએ રેંટિયો દાખલ કર્યો.આજે આ રેંટિયાનું સંસ્કરણ થઈ,વિકાસ પામી અંબર ચરખા સુધી પ્રગતિ થઈ છે.અનેક ગામો બેઠા થઈ ગયા છે.ગાંધીજીએ દરેક ખાનારને કામ કરવાની ભલામણ કરી છે. કામ એ પૂજા છે.'Work is worship.' આવો ભાવ પેદા થાય તો જ સમાજ ઊંચો આવે. આવો, આપણે શ્રમ નિષ્ઠ સમાજની રચના કરીએ અને દેશનું નવનિર્માણ કરીએ. શ્રમ - શ્રમિકની પ્રતિષ્ઠા સમાજમાં ઊભી કરીએ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૭-૨૦૨૪ બુધવાર**
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડિઅર લવ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.દીપ મણિયાર)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (વિપશ્યના 'સ્વ' ને ઓળખવા માટેની અલોકિક ચાવી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ઈમ્યુનિટી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ છે રાજ્ઞિ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૦:૦૦ બ્રિજરાજ ગઢવી ડાયરો
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૭-૨૦૨૪ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

**તા.૧૮-૭-૨૦૨૪ ગુરૂવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિઃ** ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | અષાઢ શુદ બારશ વિછુડો |
| **નક્ષત્ર** | જયેષ્ઠા |
| **યોગ** | શુકલ **કરણઃ** બવ |
| **સુર્યોદય** | ૬.૧૪ **સુર્યાસ્તઃ** ૭.૩૩ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિક ગુરૂવારે રાત્રે ૩.૨૬ થી ધન |
| **રાશિ અક્ષર** | ન.ય/ભ.ફ.ધ |
| **દિશાશૂળ** | દક્ષિણ દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૧.૩૦ થી ૩ |
| **દિવસનાચોઘડીયા** | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| **રાત્રીનાચોઘડીયા** | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૬ થી ૧.૧૯ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | ૬ | | | |
| | | | ૧ | ૮ | | | | |
| | ૬ | ૪ | | | | ૧ | | |
| ૩ | | ૫ | | | | | | |
| | ૪ | ૭ | | | | ૯ | | ૩ |
| | ૧ | ૬ | ૨ | | | | | ૭ |
| | | | ૫ | | | ૩ | ૯ | ૧ |
| | | | ૭ | | | ૫ | | ૨ |
| | ૯ | | ૬ | ૧ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૭ | ૫ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૫ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ | ૧ | ૯ | ૩ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૬ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૨ |
| ૩ | ૭ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૪ | ૬ | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |

## આજનું રાશિફળ

**તા.૧૭.૭.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ અગિયારસ, દેવપોઢી એકાદશી, અનુરાધા નક્ષત્ર, શુભ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારૂં રહે, મનોમંથન કરી શકો. વિચારોમાં પરિવર્તન જણાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારૂં રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :**વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારૂં રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારૂં, સંતાન અંગે સારૂં રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યકિતત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ):** કોઈ બાબતમાં વધુ દલીલથી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.


**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ ,સ,શ) :**વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારૂં રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

## ડોનાલ્ડ ટ્રમ્પ : હિચકારા હુમલા પછી ફરી રાજયોગ!!?

આજરોજ બુધવારને દેવશયની એટલે કે દેવપોઢી એકાદશી છે. આ દિવસથી ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં સૂઈ જાય છે અને પછી લગભગ ચાર મહિના પછી દેવ જાગે છે તે દિવસને દેવઉઠી એકાદશી કહેવામાં આવે છે. દેવપોઢી એકાદશી પછી ચાર માસ લગ્ન જેવા શુભ કાર્ય થતા નથી અને પછી પ્રભુના વિવાહ થાય છે. આ ચાર વ્રત દ્વારા દેવતત્વને



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

પછી વિવાહ યોગ શરુ માસનો સમય વિવિધ જાગૃત કરવાનો સમય છે! ગોચર ગ્રહોની વાત કરીએ તો ગ્રહોના રાજા સૂર્ય મહારાજ રાણીના ઘરમાં એટલેકે કર્ક રાશિમાં જળતત્વમાં પ્રવેશી ગયા છે અને બધે જળબમ્બાકાર કરી રહ્યા છે વળી રાહુ પણ જળતત્વમાં હોય જળતત્વથી વિશેષ સાવધાની રાખવી જોઈએ વળી સૂર્યના કર્ક પ્રવેશ સાથે સૂર્ય શનિનો ષડાષ્ટક યોગ શરુ થયો છે જે રાજા અને પ્રજા વચ્ચે ખાઈ ઉભી કરે છે વળી અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પર પણ હુમલો થયો છે જે હાલના ગોચર મુજબ સમજી શકાય છે જો કે તેમનો લગ્નેશ સૂર્ય મજબૂત થઈ દશમે બિરાજમાન છે જે તેમનું એક ઘાત પછી સારું ભવિષ્ય દર્શાવે છે વળી આઠમે રાહુએ તેમને ઘાત આપી પણ ઉગારી પણ લીધા છે જે ભવિષ્યમાં તેમના માટે શુભ પુરવાર થશે. તેમની કુંડળીમાં દશમે સૂર્ય રાહુ યુતિ તેમને વિવાદો પણ આપે છે અને સત્તાના કેન્દ્ર માં પણ રાખે છે, લાઈમ લાઈટમાં રાખે છે વળી આગામી દિવસોમાં તે સારો દેખાવ પણ કરી શકશે તેમ દર્શાવે છે!

# ગુજરાતમાં જાપાની ઉદ્યોગોને સાનુકૂળ વાતાવરણ પુરૂ પાડવાની નેમઃ મુખ્યમંત્રી






## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચરનું ડેલિગેશનઃ ગુજરાત સાથે પીપલ-ટુ-પીપલ કનેકટ-શિક્ષણ-સંશોધન-પ્રવાસન-સાંસ્કૃતિક સંબંધોનો સેતુ વધારવા ઉત્સુકતા

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જાપાનના શિઝૂઓકા પ્રીફેક્ચરના ૧૮ સભ્યોના ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી.

જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર એસેમ્બલીના સભ્ય અને ત્યાંની એસેમ્બલીના ઈન્ડીયા-જાપાન ફ્રેન્ડશીપ પાર્લામેન્ટ લીગના સેક્રેટરી જનરલ શ્રીયુત્ત આત્સુયુકી રાચીના નેતૃત્વમાં આ ડેલિગેશન ગુજરાતની મૂલાકાતે આવેલું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથેની આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં તેમણે ગુજરાત સાથે વાણિજ્યીક સંબંધો ઉપરાંત પીપલ ટુ પીપલ કનેકટ, શિક્ષણ અને સંશોધન તથા પ્રવાસન અને સાંસ્કૃતિક ક્ષેત્રે સંબંધોનો સેતુ લાંબા ગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે આગળ ધપાવવાની ઉત્સુકતા દર્શાવી હતી.

શિઝૂઓકા પ્રદેશ જાપાનમાં મેક ઈન જાપાન ઉધોગોમાં ચોથા ક્રમનું અગત્યનુ સ્થાન ધરાવે છે. એટલુ જ નહિ, સૂઝુકી, યામાહા, હોન્ડા અને ટોયટો જેવા ઓટોમોબાઈલ ઉધોગો શિઝૂઓકા પ્રદેશમાં વિશેષ મહત્વ ધરાવે છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ડેલિગેશનને આવકારતા કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં ભારત-જાપાનના સંબંધો વિશ્વાસુ મિત્રદેશ તરીકે આગળ વધ્યા છે. ગુજરાત આ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ ધપાવશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, જેમ 'મેઈડ ઈન જાપાન'ની વિશ્વસનિયતા-ક્રેડીબિલીટી છે તેજ રીતે ઝિરો ડિફેક્ટ - ઝિરો ઈફેક્ટ મંત્ર સાથે પણ પર્યાવરણ અનુકૂલન અને વિશ્વકક્ષાના ઉત્પાદનો માટે 'મેક ઈન ઈન્ડીયા' પ્રતિબધ્ધ છે.

મુખ્યમંત્રી એ ગુજરાતમાં કાર્યરત જાપાનીઝ ઉધોગો માટે સાનુકૂળ વાતાવરણ પુરૂ પાડવાની નેમ દર્શાવતાં જણાવ્યુ કે, ઉધોગોને કોઈ સમસ્યા ન રહે અને ઈન્ડો-જાપાન બાય લેટરલ રિલેસન્સ સાતત્યપૂર્ણ રીતે આગળ વધતા રહે તે માટે સરકારનો અભિગમ પ્રોએક્ટીવ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં જાપાનના મળી રહેલા સહયોગ અને પાર્ટનર કન્ટ્રી તરીકે ના યોગદાનની પણ સરાહના કરી હતી.

ડેલિગેશનના વડા શ્રીયુત્ત આત્સુયુકી રાચીએ મુખ્યમંત્રીભુપેન્દ્ર પટેલને જાપાનની અને તેમના પ્રદેશની મૂલાકાતે આવવાનું ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યુ હતુ.

તેમણે ઉમેર્યુ કે, આગામી મહિનાઓમાં તેમના પ્રદેશના ગવર્નર પણ ભારત અને ગુજરાતની મૂલાકાતે આવવા ઉત્સુક છે. (અનુ. આઠમા પાને)

### યા હુસેન... કરબલા તો દૂર હે જાના જરૂર હે.. ના નાદ સાથે

# મુસ્લિમ બિરાદરોમાં ગમનો માહોલ: તાજીયા રાત્રે ટાઢા થશે

## સૌરાષ્ટ્રભરમાં કરબલાના શહીદોની યાદમાં કોમીએખલાસના વાતાવરણમાં મોહરમ મનાવવામાં મુસ્લિમો સાથે હિન્દુઓ ખંભે ખંભા મિલાવી જોડાયા

### શું છે મોહરમ નો ઈતિહાસ?

**આજથી ૧૪૦૦ વર્ષ પહેલા સત્ય માટે પોતાના સમગ્ર પરિવારને બલિદાન આપી શહીદી વોહરનાર ઈસ્લામના પેગંબર હજરત મહમદ સાહેબ ના દોહીત્ર હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨ સાથીદારોએ યઝીદ નામના દુરાચારી સામે સત્ય કાજે શહીદી વહોરી લીધી હતી શહીદોની યાદમાં દર વર્ષે મહોરમ માગમ મનાવવામાં આવે છે અને મોહરમની નવ અને ૧૦ તારીખે કરબલામાં આવેલ ઈમામ હુસેન ના મજાર ની પ્રતિકૃતિ તાજીયા બનાવી શહીદોને યાદ કરવામાં આવે છે.**



**અબતક, રાજકોટ**

ઈસ્લામના મહાન પેગંબર હજરત મહંમદ સાહેબ ના દોહીત્ર ‘‘નવાસા ‘‘હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨ સાથીદારોએ ધર્મ અને માનવતા કાજે ઈરાક ના કરબલા ના રણમાં આપેલી શહીદીની અમર યાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મોહરમ ના ગમના પર્વ બનાવવામાં આવી રહ્યા છે દસ દિવસના ગમના પર્વ ના અંતિમ તબક્કામાં ગઈકાલે સૌરાષ્ટ્રભરમાં રાજકોટ જૂનાગઢ જામનગર ભાવનગર અમરેલી થી લઈ કચ્છ અને પોરબંદર ઉના સુધીના નાના-મોટા શહેર ગામમાં તાજીયા પડો માં આવ્યા હતા રાત ભર મુસ્લિમ સમાજે મસ્જિદો અને ઈમામ બારગાહોમાં ખુદાની ઈબાદત કરી વિશ્વ શાંતિ ની દુઆ અને શહીદોને અંજલી આપી હતી.

આજે ૧૦ મી મોહરમ આસુરા ના દિવસે મુસ્લિમ જગત કરબલા ના શહીદો ના ગમ માં ડૂબીને શહીદોને ગમ સાથે અંજલી આપવામાં લીન બન્યું છે. પરંપરા મુજબ માતમમાં રહેલા તાજીયા આજે દફનવિધિ માટે લઈ જવાશે રાજકોટ જામનગર અને કોડીનારના કલાત્મક ઈકો ફ્રેન્ડલી તાજીયા ની સાથે સાથે (અનુ. આઠમા પાને)



### પો.કમિશ્નર બ્રજેશ ઝા સહિતના ઉચ્ચ અધિકારીઓ ચાલુ વરસાદે હેડક્વાર્ટર ખાતે તાજીયામાં હાજરી આપી

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા સહિતના અધિકારીઓએ વર્ષો જૂની પરંપરા જાળવી રાખી હતી. પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓએ તાજીયામાં હાજર રહ્યા હતા. પોલીસ હેડક્વાર્ટર ખાતે મુસ્લિમ બિરાદરો સ્વરા વર્ષોથી તાજીયા અને ઝૂલુસનું આયોજન કરવામાં આવે છે ત્યારે પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા સહીતના અધિકારીઓ ચાલુ વરસાદે તાજીયામાં હાજરી આપી વર્ષો જૂની પરંપરા જાળવી રાખી હતી.

### ગોપાલ નમકીનના સહયોગથી

# ભારતભરમાં મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન કેન્દ્ર તથા ગર્ભ સંસ્કાર કેન્દ્રના સંચાલકોનું બે દિવસીય સંમેલન

## ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં ડો.મેહુલ આચાર્ય આપી માહિતી

**અબતક, રાજકોટ**

મંત્રૌષધિ સુવર્ણપ્રાશન બાળકો માટે ઈમ્યુનિટી ટોનિક છે, જેના ખુબ જ સકારાત્મક પરિણામો સમાજમાં પ્રાપ્ત થયાં છે. સુવર્ણપ્રાશન એક એવું અદ્ભૂત ટોનિક છે. સ્વસ્થ બાળકની ઈમ્યુનિટી તેમજ મેમરી વધારે છે. બાળકોની પ્રાણશક્તિ વધે છે, આળસ દૂર થાય છે, પાચનતંત્ર સ્વસ્થ બને છે, શ્વસનતંત્ર સ્વસ્થ બને છે.

ગોપાલ નમકીન કંપનીનાં સહયોગથી સમાજનાં ચાર લાખ બાળકો દર પુષ્યનક્ષત્રના દિવસે મંત્રૌષધિ સુવર્ણપ્રાશન ડ્રોપ્સ લે છે. આદિવાસી, વનવાસી વિસ્તારમાં મંત્રૌષધિ સુવર્ણપ્રાશનના હજારો કેન્દ્રો ચાલે છે. તેમાં મુખ્ય ૭૦૦ શહેરના કેન્દ્રોનાં મુખ્ય સંચાલકોનું સમ્મેલન ગોપાલ નમકીન ખાતે રાખવામાં આવ્યું છે.

પૂ.વિશ્વનાથ ગુરુજી જે વારાણસીના રાજવૈદ્ય તથા વૈદ્યસભાના પ્રમુખ હતા, તેઓની આગેવાનીમાં મંત્રૌષધિ સુવર્ણપ્રાશનનું વિધિવત્ત નિર્માણ કરવામાં આવ્યું. જેમાં સુવર્ણ, મધુ બ્રાહ્મી, શંખપુષ્પી, જેવી દિવ્યૌષધિ તે દ્વારા વેદોના મંત્રો દ્વારા કરવામાં આવ્યું, આજે સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા પૂરા ભારતમાં આપવામાં આવે છે.

આ અદ્ભુત સુવર્ણપ્રાશન ભગવાન ધન્વંતરિના પ્રસાદ રૂપે પ્રાપ્ત થયેલ હોવાથી દર પુષ્યનક્ષત્રના દિવસે ભારતભરમાં કેન્દ્રો પર નિઃશુલ્ક પ્રદાન કરવામાં આવે છે. ગોપાલ નમકીન દ્વારા છેલ્લા એક વર્ષથી ૪ લાખથી પણ વધારે બાળકોને મંત્રૌષધિ સુવર્ણપ્રાશન પીવડાવવામાં આવે છે.


તસવીરઃ કરન વાડોલિયા

તેમજ સંસ્થા દ્વારા ભારતભરમાં અનેક રાજ્યોમાં મંત્રોષધિ ગર્ભસંસ્કાર કેન્દ્રો ચાલે છે. જેમાં ગર્ભાવસ્થા પૂર્વે પુત્રેષ્ટિ યાગ, ગર્ભાવસ્થા દરમ્યાન ત્રણ સંસ્કારો - પુંસવન સંસ્કાર, અનવલોભન સંસ્કાર તેમજ સિમંત્તોનયન સંસ્કાર ઓનલાઈન તેમજ ઓફલાઈન નિઃશુલ્ક કરવવામાં આવે છે.

તેમજ બાળકોને ઘરેથી જ સંસ્કાર મળી રહે તેમજ અનેક પ્રકારનાં દૂષણોથી બચી શકે તે માટે માતા-પિતા માટે ખાસ બાળ મનોવિજ્ઞાન આધારિત વૈદિક પેરેંટિંગનો કોર્સ ઓનલાઇન તથા ઓફલાઈન ચલાવવામાં આવે છે.

જે લોકો મંત્રૌષધિ સુવર્ણપ્રાશન સુવર્ણપ્રાશન કેન્દ્ર ખોલવા માંગતા હોય કે મંત્રૌષધિ ગર્ભસંસ્કાર કેન્દ્ર ખોલવા માંગતા હોય તે લોકો માટે ટ્રેઈનીંગનું આયોજન આ સમ્મેલનમાં કરવામાં આવ્યું છે. તેમજ ગુરુપૂર્ણિમા પર વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવનાર વ્યક્તિએ નિઃશુલ્ક રજીસ્ટ્રેશન માટે ૯૬૬૪૯૧૧૧૮૨ / ૮૧૪૦૧૪૦૦૧૪ પર સંપર્ક કરવા જણાવ્યું છે. રાજકોટ ગોપાલ નમકીન ખાતે ભારતભરમાં મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન કેન્દ્ર તથા ગર્ભ સંસ્કાર કેન્દ્રના સંચાલકોનું ૨૦-૨૧ જુલાઈ શનિ-રવિવાર સમય સવારે ૧૦ થી ૬ સુધી રાખવામાં આવ્યું છે. ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતે ડો.મેહુલ આચાર્ય, શિવાંગી હદવાણી, કરણભાઈ વોરાએ જણાવ્યું હતું.

### એક વર્ષમાં ૪ લાખથી પણ વધારે બાળકોને સુવર્ણ પ્રાશન પીવડાવવામાં આવે છેઃ ડો.મેહુલ આચાર્ય

**‘અબતક’ શુભેચ્છા મુલાકાતમાં ડો.મેહુલ આચાર્યએ જણાવ્યું હતું કે આપણા જીવનમાં આયુર્વેદનું મહત્વ છે. આયુર્વેદથી લોકોને જાગૃતતા લાવવી જરૂરી છે. આયુર્વેદ ડોક્ટરની ડિગ્રી મેળવે ગર્ભ સંસ્કારથી બાળક તંદુરસ્ત અને સ્વસ્થ્ય જન્મ છે. તેવી જ રીતે સુવર્ણ પ્રાશન ભગવાન ધન્વંતરીના પ્રસાદ રૂપે પ્રાપ્ત થયેલ હોવાથી દર પુષ્ય નક્ષત્રના દિવસે ભારતભરમાં કેન્દ્રો પર નિઃશુલ્ક પ્રદાન કરવામાં આવે છે. ૧૨ રાજ્યમાં ૮૦ થી ૧૦૦ કેન્દ્ર ચાલી રહ્યા છે. જ્યારે રાજ્યમાં ૪૦ કેન્દ્ર દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન ટીપા પીવડાવવામાં આવે છે. એક વર્ષથી ૪ લાખથી પણ વધારે બાળકોને મત્રૌષધિ સુવર્ણ પ્રાશન પીવડાવવામાં આવે છે.**

## સીવીલ હોસ્પિટલનો ઈમર્જન્સી વોર્ડ દર્દીથી ઉભરાયો



**અબતક, રાજકોટ**

રાજકોટની નામચીન સીવીલ હોસ્પિટલમા આજે મહોરમ નિમિતે રજા હોવાથી ઈમર્જન્સી વિભાગમાં સવારમાં ૯ થી બપોરના ૧ વાગ્યાથી સુધીમાં આશરે ૩૫૦ જેટલી ઓપીડી કેશ નોંધાયા હતા. પાણી જન્ય રોગો અને ઋતુ જન્ય રોગોનો વધારાની સાથે આજે પી.ડિ.યુ બિલ્ડીંગની કેશ બારી બંધ હોવાથી ઈમર્જન્સી વિભાગમાં દર્દીઓની ભીડ જામી હતી ત્યારે સામે પક્ષે ડોક્ટરે સૂઝબુઝ વાપરી દરેક દર્દીની કુનેહ પૂર્વક સારવાર કરી હતી.

## ઘેલા સોમનાથ મંદિરે જન્માષ્ટમી નિમિત્તે ૫ ઓગસ્ટથી એક મહિનાનો લોકમેળો

### મંદિરના પરિસર આસપાસની જગ્યાના ૧૨૭ સ્ટોલ અને શોપિંગ મોલની કુલ ૧૫ દુકાનો માટે શુક્રવારે હરાજીઃ તંત્ર દ્વારા મેળાની તૈયારીઓનો ધમધમાટ



**અબતક, રાજકોટ**

જિલ્લાના વિંછીયા તાલુકાના સોમપીપળીયા ખાતે આવેલ ઘેલા સોમનાથ મંદિર ખાતે આખા શ્રાવણ માસ દરમ્યાન ખુબ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. જ્યાં શ્રાવણ માસ દરમ્યાન ૫ ઓગસ્ટથી એક મહિનાના લોકમેળાનું આયોજન કરવામાં આવે છે.

લોકમેળા અન્વયે ઘેલા સોમનાથ મંદિર હસ્તકના ગોડલાધાર રોડ પરનું, મોઢુકા રોડ પરનું, નવાગામ રોડ પરનું તેમજ કાળાસર રોડ પરના પાર્કિંગ, મંદિર પરિસર આસપાસના તમામ ૧૨૭ સ્ટોલ અને શ્રી ઘેલા સોમનાથ શોપિંગ મોલની કુલ ૧૫ દુકાનો તા.૦૫/૦૮/૨૦૨૪ થી તા.૦૩/૦૯/૨૦૨૪ સુધી ભાડે આપવાનું નક્કી કરવામાં આવેલ છે. આ જગ્યાની હરરાજી તા. ૧૯/૦૭/૨૦૨૪ ના રોજ ઘેલા સોમનાથ મંદીર ખાતે બપોરના ૩-૦૦ કલાકે રાખવામાં આવી છે. તમામ જગ્યાની હરરાજીની અપસેટ કિંમત કુલ રૂ.૩૫ લાખ રાખવામાં આવેલ છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓએ હરરાજીમા જોડાવવા અનુરોધ (અનુ. આઠમા પાને)


भारतीय शिक्षक प्रशिक्षण संस्थान, गुजरात
Indian Institute of Teacher Education

ADMISSION ON VACANT SEATS

| Programme | Course | Main Subject / Method offered | Duration |
|---|---|---|---|
| Under Graduate (After 12th) | B.Sc. - B.Ed.(Integrated) | Maths, Physics, Chemistry, Botany | 4 Year |
| | B.A. - B.Ed.(Integrated) | English, Gujarati, Sanskrit | 4 Year |
| Post Graduate | M.A./M.Sc.-M.Ed. (Integrated) | Maths, Physics, Chemistry, Botany, English | 3 Year |
| | B.Ed.-M.Ed. (Integrated) | Maths, Science, Accountancy, English | 3 Year |
| | M.Sc. | Maths, Physics, Chemistry, Botany | 2 Year |
| | M.A. | English | 2 Year |
| | M.Ed. | – | 2 Year |

Apply online for UG/PG Programme: Get Registered on www.iite.ac.in on or before 23-7-2024
(Please Visit University Website for more details)
For any Query Email : admission2024@iite.ac.in
Date : 16-07-2024 Registrar, IITE

# કાન્તા સ્ત્રી વિકાસ ગૃહના ૮૧માં સ્થાપના દિન નિમિત્તે વિદ્યાર્થીનીઓએ વિવિધ કૃતિઓ કરી રજૂ

## સાંસ્કૃતિક કાર્યક્રમમાં ફેશન શો અને લઘુ નાટક બાદ વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટના કેળવણી ક્ષેત્રે અગ્રણી ગણાતી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ પરિવારની પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ અને બાલમંદિર ના ભુલકાઓ માટે શાળા પ્રવેશોત્સવ ની સાથે શાળાના ૮૦ વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સંપૂર્ણપણે તૈયાર કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સારા પ્રવેશોત્સવ મનાવવામાં આવ્યો હતો આચાર્ય ગીતાબેન શાહ ટ્રસ્ટી નેહાબેન દફતરી અતુલભાઇ મોદી સંચાલક શિલ્પાબેન ડોડીયા ના માર્ગદર્શન યોજાયેલા સારા પ્રવેશ ઉત્સવમાં પ્રારંભે ધોરણ આઠ ના બાળકોએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. ત્યારબાદ બાલમંદિરના બાળકોનો ફેશન શો અને લઘુ નાટક બાદ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા સાંસ્કૃતિક કાર્યક્રમ માં ફેશન શો અને લઘુ નાટક બાદ વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

હતા દેશભકિત ગીત આભાર વિધિ બાદ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ આવતી થઈ હતી આ કાર્યક્રમમાંથીથી વિશેષ તરીકે શીતલબેન રામપરિયા કાચા યોગેશભાઈ મહેતા અને પત્રકાર અરૂણ દવે હાજર રહ્યા હતા

(અનુ. આઠમા પાને)





તસવીરઃ દર્શન વાડોલિયા



### નવાં પ્રવેશ મેળવેલા બાળકોની પ્રતિભા ઉજાગર કરવા પ્રયત્ન શીલઃ નેહાબેન દફતરી



'અબતક' સાથેની વાતચીતમાં સંયુકત સચિવ નેહાબેન દફતરીએ જણાવ્યું હતું કે, અમારી સંસ્થાના સ્થાપના દિવસની સાથો સાથ પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રવેશ મેળવેલા નવા વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર આવે એ માટે તેમની પાસે ડાન્સ વિવિધ કૃતિઓમાં રજુ કરવામાં આવી હતી. સંસ્થાના તમામ સભ્યો દ્વારા વિવિધ કાર્યક્રમને વેગવાન બનાવ્યાં હતા.

### કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ વિધવા અને ત્યક્તા માટે 'આશિર્વાદરૂપ': ગીતાબેન શાહ



'અબતક' ની વાતચીતમાં કાન્તા સ્ત્રી વિકાસ પ્રા. શાળાના આચાર્ય ગીતાબેન શાહએ જણાવ્યું હતું કે, અમારી સંસ્થાને ૮૦ વર્ષ પુર્ણ થતાંની સાથે નવાં એડમીશન લીધેલ બાળકોને સ્ટેજ મળી શકે તેમની પ્રતિભા બહાર આવી શકે એ માટે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગુલાબચંદ તલકચંદ શેઠના અથાગ પ્રયત્નથી તેમની પત્નીના નામથી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહનું નામકરણ કરવામાં આવ્યું જેમાં વિધવા, ત્યકતાઓને આશરો અપાયો, આજ દિન સુધી સંસ્થા આ સેવાકાર્યથી જોડાયેલી છે. સંસ્થાના અતુલ મોદી, પ્રમીલભાઇ વિશાલ શેઠ અને નેહાબેન દફતરીના સહકારથી સંસ્થાએ ઉત્તરોતર પ્રગતિ કરી છે.

---

### ગૌરમાં રે ગોરમાં સસરો દે જો સવાદીયા, સાસુ દે જો ભૂખાળવી, ગોરમા રે ગોરમા કંથ દે જો કહાગરો

# કુમારિકાઓના મનભાવન ભરથાર પ્રાપ્ત કરાવનારૂ મોળાકત વ્રતનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

અષાઢ સુદ અગિયારસથી એટલે કે આજથી કુમારિકાઓને મનભાવન ભરથાર (પતિ) પ્રાપ્ત કરાવનારું ગૌરીવ્રતની શરૂઆત થાય છે. જેને મોળાકત વ્રત કહેવામાં આવે છે

કુમારિકાઓના મોળાકત ના વ્રતમાં ખારુ એટલે કે ખારાશ વિનાનું મોળુ ખાવાનું હોય છે. આ ખારાશ વિનાનું મોળુ ખાવાના વ્રત ઉપરથી મોળાકત શબ્દ બનેલ હોવાનું માનવામાં આવે છે.

આ વ્રત શરુ થવાના આગલા દિવસે બપોરે કુમારીકાને જે પણ કંઇ ખારું, ખાટુ, તીખુ ખવડાવવું હોય તે હોશે હોંશે તેમના વડીલો તેમને ખવડાવે છે જેમાં ઝવેરા વાવવા ગૌરી પુજન, જળાશય નદી વિ. સ્નાન કરવું તથા ડેડો કુટવો.

ઝવારામાં મગ, તલ, ઘંઉ, ચણા અને જુવાર વાવવામાં આવે છે આને પંચતત્વનું પ્રતિક અને એકતા યાને સંઘભાવના પ્રતિક તરીકે ગણવામાં આવે છે. એકતાના ભાવને ઉજાગર કરતી આ એક સુંદર વિધિ છે. જયારે માતા પાર્વતીએ આનુ પ્રથમ પુજન અને વ્રત કરેલું એટલે એમની યાદમાં ગૌરી પૂજન કરાય છે. જયારે અમુક જગ્યાએ નાની નાની બાલીકાઓને મનગમતી રમત રમાડી એને આનંદ કરાવી પ્રસન્નતા પૂર્વક ચણાના લોટની મિષ્ટ યા તિખી વિવિધ વાનગી બનાવી આપવામાં આવે છે તેને લોક ભાષામાં ડેડો કૂટવો કહે છે.

નાની નાની માસુક બાલીકાઓ પાંચ પાંચ દિવસ સુધી અલુણા વ્રત કરે એ વાસ્તવમાં ખરેખર અઘરું છે. અને એ બની ઠનીને બહાર નીકળતી બાલીકાઓને જીવીએ ખરેખર એક લહાવો છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

---

### ૨૩૦ વર્ષ પૂર્વ સ્વામિનારાયણ ભગવાન વનની વાટ લીધી

# એસજીવીપી બાલકૃષ્ણદાસજી સ્વામીની સભામાં મોટી સંખ્યામાં હરિભકતો જોડાયા

**અબતક, રાજકોટ**

આજથી ૨૩૦ વર્ષ પૂર્વે અષાઢ સુદ ૧૦મીના રોજ નિલકંઠ વર્ણી રૂપે ભગવાન સ્વામિનારાયણ ગૃહ ત્યાગ કરી વનની વાટ લીધી હતી.

અનેકજીવોના કલ્યાણ માટે તેમજ અસુરોના સંહાર અને ધર્મનું સ્થાપન કરવા માટે આજથી ૨૩૦ વર્ષ પૂર્વે ૧૮૪૯ અષાઢ સુદ ૧૦મીના રોજ નિલકંઠ વર્ણી રૂપે ભગવાન સ્વામિનારાયણ ગૃહ ત્યાગ કરી વલ્કલ, મુંજની મેખલા પલાશનો દંડ, કમંડલુ ભિક્ષાપાત્ર ગીતાજીના સાર રૂપ ગુડકો વગેરે સાથે લઈ સરયૂ નદીમાં જંપ લગાવી હિમાલયની વાટ લીધી હતી. તે પ્રસંગને અનુલક્ષીને એસજીવીપી હોસ્ટેલના વિશાળ ખંડમાં પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં ભવ્ય સભાનું અને ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા.

(અનુ. આઠમા પાને)



---

# જીનિયસ ગ્રુપની શાળાઓના બસ ડ્રાઈવરોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન અપાયું

## બ્રહ્માકુમારીના સુભાષભાઇ અને કિંજલદીદી સહયોગથી કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

દેશમાં માર્ગ અકસમાતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જેનું એક મુખ્ય કારણ વાહન ચાલકોમાં માર્ગ સલામતી અંગેનું ઓછું જ્ઞાન કે ઓછી સજાગતા પણ મુખ્ય જવાબદાર પરિબળ છે. રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સ સાથે સંકળાયેલ તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સુરક્ષા અને જાગૃકતા માટે વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ ગ્રુપની જીનિયસ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં કામ કરતા ૪૦ થી વધુ બસ ડ્રાઈવરો માટે બ્રહ્મકુમારી રાજકોટના સહયોગથી સડક સુરક્ષા જીવન રક્ષા વિષય આધારીત રોડ સેફટી કાર્યક્રમ અંતર્ગત માર્ગ સલામતીના મહત્વ વિશે માર્ગદર્શન અને શિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા એ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં માર્ગ અકસ્માતોમાં ઈજા અને મૃત્યુ પામનારની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આવી ઘટનાઓને ટાળવા માટે વાહનચાલકની જવાબદારી પૂર્વકની ભુમિકા મુખ્ય ભાગ ભજવે છે. સ્કૂલબસના ડ્રાઈવરની પૂરતી સાવચેતી અને ટ્રાફિકના નિયમોનું અનુસરણ તેમની અને બાળકોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. જીનિયસ સ્કૂલ ખાતે યોજાયેલ આ રોડ સેફટી કાર્યક્રમમાં વકતા સ્થાને બ્રહ્માકુમારીના સુભાષભાઈએ ઉપસ્થિત બસ ડ્રાઈવરોને રક્ષણાત્મક ડ્રાઈવિંગ તકનીકો, રસ્તા પર સંભવિત જોખમોની ઓળખ કરવી, અવિચારી ડ્રાઈવિંગના પરિણામો, વાહન ચલાવતી વખતે વિક્ષેપો ટાળવા માટેની વ્યવહારુ સલાહ, અવિચારી ડ્રાઈવિંગના પરિણામો અને અકસ્માત પીડિતો અને તેમના પરિવારોના જીવન પર તેની અસર, સલામત અંતર જાળવવું અને કટોકટીની પરિસ્થિતિઓને કેવી રીતે સંભાળવા જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે માર્ગદર્શન પુરુ પાડયું હતું. આ તમામ

(અનુ. આઠમા પાને)




---

# મતદાતા અભિવાદન કાર્યક્રમ અંતર્ગત વિધાનસભા-૭૦માં યોજાઈ બેઠક

## ભાજપની જીત બદલ મુકેશ દોશીએ કાર્યકારોનો આભાર માન્યો

## સાંસદ પરસોતમ રૂપાલા સહિતના આગેવાનો રહ્યા હાજર

**અબતક, રાજકોટ**

પ્રદેશ ભાજપની યોજના અનુસાર તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની સામાન્ય ચૂંટણી બાદ લોકસભા સીટમાં આવતી દરેક વિધાનસભાવાઈઝ મતદાતા અભિવાદન કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાં ચૂંટણીમાં જીત બાદ પ્રબુધ્ધ નાગરિકો, ધાર્મિક સાધુ-સંતો તેમજ સામાજીક આગેવાનો સહિત વિધાનસભામાં આવતાં પેજ સમિતિ, બુથ સમિતિ, વોર્ડ સમિતિના સભ્યોનું મતદાતા અભિવાદન કાર્યક્રમ રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના અધ્યક્ષસ્થાને અને સાંસદ પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં વિધાનસભા-૭૦ માં સ્વામીનારાયણ મંદિર, ભુપેન્દ્ર રોડ ખાતે મતદાતા અભિવાદન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ તકે રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં પોતાની જીત માટે રાજકોટના વરિષ્ઠ આગેવાનો, સમાજના શ્રેષ્ઠીઓ, સાધુ-સંતો તેમજ પક્ષના બુથના કાર્યકર્તા, પેજ સમિતિના સભ્યો, વોર્ડના કારોબારી સભ્યો, મોરચાના હોદેદારો, શહેર ભાજપના હોદેદારો, વોર્ડના કોર્પોરેટરો સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા. આ તકે વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પોતાના વકતવ્યમાં લોકસભાના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની ભવ્ય જીત માટે વિધાનસભામાં આવતાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડીયા, હિતેષ ઢોલરીયા, મયુર શાહ સહિતના બહોળી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહયા હતા.




---

# રઘુવંશી લેડીસ એન્ડ ચિલ્ડ્રન કલબ દ્વારા ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

## પ્રતિભા સન્માન સમારોહ, ચેકઅપ કેમ્પ તેમજ બાળકો અવનવી કલાઓ કામણ પાર્થયા

**અબતક, રાજકોટ**

રઘુવંશી ફ્રેન્ડ્સ લેડીસ એન્ડ ચિલ્ડ્રન કલબ દ્વારા પ્રેસિડન્ટ જાગૃતિ ખીમાણી ૧૪ને રવિવારના રોજ સવારે ૮:૩૦ થી બાળકોને પ્રોસહિત કરવા પ્રતિભા સન્માન સમારોહ માં ત્રિવેણી સંગમ કાર્યક્રમ જેમાં બાળકોને શિલ્ડ અને ગિફ્ટ આપીને સન્માનિત કરાયા સાથે હેલ્થ માટે ડાયાબિટીસ ચેકઅપ બ્લડપ્રેશર ચેકઅપ અને સાથે બાળકો માટે ધાર્મિક વેશભૂષા કાર્યક્રમ ખાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા ધારાસભ્ય દર્શિતાબેન શાહ દંડક મનીષભાઈ રાડિયા રાજકોટ શહેર મહિલા પ્રેસિડેન્ટ કિરણબેન માકડીયા રઘુવંશી અગ્રણી અને વીણાબેન પાંધી રઘુવંશી અગ્રણી રીટાબેન કુંડલીયા રઘુવંશી સહિયર ગ્રુપના પ્રેસિડેન્ટ મીનાબેન જસાણી પૂર્વ ડે. મેયર જસુમતીબેન વસાણી લેડીસ કલબ પ્રેસિડેન્ટ રોનકબેન પારેખ રઘુવંશી લેડીઝ કલબ પ્રેસીડેન્ટ બિંદીયાબેન અમલાણી રઘુવંશી તરંગ ગ્રુપ

(અનુ. આઠમા પાને)



---

# મુખ્યમંત્રીના જન્મદિને યુવા ભાજપ મોરચાની અન્નસેવા

## સાંસદ રામભાઈ મોકરિયા સહિતના આગેવાનોએ માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોને નાસ્તો કરાવ્યો



**અબતક, રાજકોટ**

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ અંતર્ગત તા.૧૫ જુલાઈના રોજ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીના શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવાની આગેવાનીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉત્તમ સ્વાસ્થ્ય અને દિર્ઘાયુની મંગલ કામના માટે માનસિક ક્ષતિગ્રસ્ત ૩૦ થી વધુ બાળકોને સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવાએ તેમના હસ્તે

(અનુ. આઠમા પાને)

### શહેર ભાજપ યુવા મોરચા દ્વારા વૃક્ષારોપણ



મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ અંતર્ગત તા.૧૫ જુલાઈના રોજ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીના શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવાની આગેવાનીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉત્તમ સ્વાસ્થ્ય અને દિર્ઘાયુની મંગલ કામના માટે શહેર ભાજપ યુવા મોરચા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ૧૫૧ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ હતું. આ તકે શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવા, મહામંત્રી સહદેવ ડોડીયા, મીલન લીંબાશીયા સહિત યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પેડક રોડના વેપારી પિતા-પુત્ર પાસે...

# સટ્ટાના રૂ. ૬૪.૫૦ લાખની ઉઘરાણીમાં રિવોલ્વર બતાવી ધમકી આપનાર ત્રણ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરમાં સટ્ટાની ઉઘરાણીમાં વેપારી પિતા-પુત્રને રિવોલ્વર બતાવી ધમકી આપનાર બે શખ્સો સહીત ત્રણ વિરુદ્ધ ડીસીબી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મોબાઈલની દુકાન ધરાવતા ઉત્તમ વીરડીયા નામના શખ્સે ૨૪ વર્ષીય યુવાનને સટ્ટાના રવાડે ચડાવી ફસાવ્યા બાદ રવિ વેકરીયા અને સ્મિત સખીયાએ પૈસાનો હવાલો લઈ પિતા-પુત્રને રિવોલ્વર બતાવી ધમકાવ્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પેડક રોડ પર રહેતા પ્રિન્સ મનોજભાઈ ઠુંમર નામના ૨૪ વર્ષીય યુવાને ડીસીબી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ આર્યનગર શેરી નં-૧૪ ખોડીયાર સીલ્વર 'નામે દુકાન આવેલ છે ત્યાં પિતા-પુત્ર હુ મારા પી ચાંદીકામનો વ્યવસાય કરે છે. આશરે દોઢેક વર્ષ પહેલા ઉતમ અશોકભાઈ વીરડીયા કે જે અમીન માર્ગ પર મોબાઈલ શો રૂમ ધરાવે છે. જેની પાસેથી યુવકે અગાઉ મોબાઈલ લીધા હોય બંને પરિચયમાં હતા. આજથી આશરે આઠ-નવ મહીના પહેલા યુવક મોબાઈલ ફોનની ડિસ્પ્લે રીપેર કરાવવા ગયો હતો ત્યારે ઉત્તમ વીરડીયાએ કહેલ કે, તુ મોબાઈલ ફોનમાં ગેમ રમીશ તો તને તેમાં રૂપીયા મળશે તેમ કહીને મોબાઈલ ફોનમાં 'ઓલ પેનલ ૭૭૭' નામની આઈ.ડી. આપી હતી અને તેમાં કશીનો ગેમ રમવાનું કહેલ અને તેમાં તને રૂપીયા મળશે જશે નહી તેમ સમજાવેલ અને આઈ.ડી. અને પાસવર્ડ સ્નેપચેટમાં મોકલેલ હતી. યુવકને ઉત્તમ વીરડીયાએ રૂ. ૫ લાખની બેલેન્સ નાખી આપેલ હતી અને તું કસીનોમાં રમજે અને જે હાર-જીત થાય તેનો હીસાબ દર અઠવાડીયે કરીશું તેમ જણાવ્યું હતું.

પહેલા અઠવાડીમાં જ યુવાન રૂ. ૫ લાખ હારી ગયેલ હતો જેથી તે રૂ. ૫ લાખ કારખાનેથી હીશાબમાંથી પિતાને જાણ કર્યા વિના કાઢીને આ ઉત્તમભાઈને કુવાડવા રોડ ઉપર સેલના પેટ્રોલપંપની સામે રોકડા આપેલ હતા. જે બાદ યુવકે રમવાની ના પાડતા બીજી આઈડી આપી હતી અને આમાં નાણાં રીકવર થઈ જશે તેવું જણાવ્યું હતું. બીજી આઈડીમાં

### મોબાઈલની દુકાનવાળાએ યુવાનને સટ્ટાના રવાડે ચડાવી ફસાવ્યો

યુવાન આશરે ચાર થી પાંચ મહીના દરમ્યાન કુલ રૂ. ૧,૩૭,૦૦,૦૦૦ની હારજીત થયેલ હતી. જે પૈકી યુવકે ઉતમ વીરડીયાને કુલ રૂ.૭૧,૫૦,૦૦૦ રોકડા, આંગડિયા પેઢી મારફત ચુકવેલ હતા.

સટ્ટામાં યુવક જે રકમ જીત્યો હતો તે ઉત્તમ વીરડીયાએ રૂપીયા કટકે કટકે કુલ રૂ. ૩૬,૦૦, ૦૦૦ મને પરત આપેલ હતા અને તે આઈ.ડી માં હુ રમેલ હતો. ઉપરાંત હારી ગયેલ તે રકમ રૂ. ૨૯,૫૦,૦૦૦ આપવાના બાકી હતા. પછી યુવાને રમવાની ના પાડતા તું રમવાનું ચાલુ રાખ એટલે રકમ રિકવર થઈ જશે તેવું જણાવી ઉત્તમ વીરડીયા સટ્ટો રમવા પ્રેરયો હતો. જેથી યુવકે સટ્ટો રમવાનું ચાલુ રાખ્યું હતું. ઉત્તમ વીરડીયાએ વધુ એક 'તાજ૭૭૭' નામની આઈડી આપેલ હતી જેમાં યુવક વધુ રૂ.૩૫,૦૦,૦૦૦ હારી ગયેલ હતો. જે બાદ ઉત્તમ વીરડીયાએ રૂ.૬૪,૫૦,૦૦૦ ની ઉઘરાણી શરૂ કરેલ હતી. યુવક પાસે રૂ. ૬૪.૭૦ લાખની ઉઘરાણી ઉત્તમ વીરડીયા કરી રહ્યો હતો. જેથી મારી પાસે રૂપિયા નથી તેવું કહેતા ઉતમએ કહ્યું હતું કે, કાંઈ વાંધો નહી હું રવીભાઈ વેકરીયા ને લઈને કારખાને આવુ છુ. જેથી યુવકે પોતાના પિતાને વાત કરી હતી. જે બાદ પિતા મનોજભાઈ ઠુંમરે ઉત્તમ સાથે ફોન કરીને વાત કરેલ હતી ત્યારે ઉત્તમે રૂપીયા તો આપવા જ પડશે તેમ વાત કરેલ હતી અને તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના સાડા સાત વાગ્યે ઉત્તમ કારખાને આવ્યો હતો. યુવકને કારખાને ઉપરના માળે મોકલી દઈ તેના પિતા મનોજભાઈ, કુટુંબી મામા ખોડાભાઈ તેમજ કારખાનાના કારીગર વિશાલભાઈ નીચે હતા અને બાદ આશરે સાડા આઠેક વાગ્યે મનોજભાઈએ પ્રિન્સને નીચે બોલાવીને કહેલ કે ઉતમભાઈ તથા તેની સાથે એક વ્યકિત આવેલ જેની ઉતમભાઈ એ રવીભાઈ વેકરીયા તરીકે ઓળખાણ આપેલ અને ઉત્તમભાઈએ કહેલ કે હવે તમારે હું જે રૂ.૬૪,૫૦,૦૦૦ પ્રીન્સ પાસે માંગુ છુ. તે રૂપીયા હવે તમારે આ રવીભાઈ વેકરીયા તથા સ્મીતભાઈ સખીયાને આપવાના છે. જેથી મે કહેલ કે રવીભાઈને અમે ઓળખતા નથી, તો રવીભાઈ એ કહેલ કે ભલે મારી સાથે વહીવટ થયેલ ન હોય પરંતુ તે રૂપીયાનો હવાલો હવે મે તથા સ્મીત સખીયાએ લીધેલ છે અને અમો જેનો હવાલો લઈએ છીએ તેને મુકતા નથી તમારે રુપીયા આપવા જ પડશે તેમ ધમકી આપેલ હતી અને એવુ પણ જણાવ્યું હતું કે, જો રૂપીયા નહી આપો તો તમારે બજારમાં રહેવુ અઘરૂ પડી જશે, તમને ત્રણ દિવસનો સમય આપુ છુ, અમારી ઓફીસ મોકાજી સર્કલ સાશ્વત કોમ્પલેક્ષમાં ચોથા માળે આવેલ છે, ત્યાં રૂપીયા લઈને આવી જજો તેમ ધમકી આપીને જતા રહેલ હતા. આ દરમ્યાન સ્મિત પણ ઓફીસમા આવેલ હતો.

### રવિ વેકરીયા, સ્મિત સખીયા અને ઉત્તમ વીરડીયા વિરૂધ્ધ ડીસીબી પોલીસ મથકમાં ગુનો દાખલ

બે દિવસ પછી પ્રિન્સ અને મનોજભાઈ બપોરના આશરે બે વાગ્યે રવીભાઈ વેકરીયાની ઓફીસ ગયેલ હતા અને ત્યારે ત્યાં રવીભાઈ વેકરીયા તથા સ્મીતભાઈ સખીયા હાજર હતા. ત્યાં પિતા-પુત્રે અમારી પાસે હાલ રૂપીયાની કોઈ સગવડતા થઈ શકે તેમ નથી તેમ કહેતા રવી વેકરીયાએ ઉશ્કેરાય જઈ તું અમને ઓળખતો નથી, તે રૂપીયા કઢાવીને જ રહીશું. દરમિયાન સ્મીત સખીયાએ તેની પાસે લાયસન્સવાળી રીવોલ્વર કાઢીને પ્રિન્સમાં માથે રાખેલ અને ધમકી આપેલ હતી કે જો તું રૂપીયા નહી આપ તો જાનથી મારી નાખીશ, આટલી વાર લાગશે તેમ ધમકી આપી હતી. જે બાદ અમારી આજીજીને અંતે વધુ ત્રણ દિવસમાં પૈસાની સગવડતા કરીને આપી જવા જણાવ્યું હતું. ત્યારબાદ મારા મનોજભાઈએ તેમના સમાજના રાજકીય આગેવાનને વાત કરેલ જેથી તેમણે આ લોકોની વિરૂધ્ધમાં ફરીયાદ કરવાનુ કહેતા વકીલને મળીને વાત કરેલ અને તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હતી અને તે અરજીની તપાસ ગઢવી સાહેબ તથા મહેશભાઈ મંઢને સોંપવામાં આવેલ હતી.જે બાદ તા. ૧૨/૦૫/૨૦૨૪ ના રોજ અમીન માર્ગ ઉપર આવેલ સંતોષ લોન્ડ્રીએ પ્રિન્સ અને તેનો મીત્ર કર્તવ્ય ખુંટ તથા પ્રિન્સનો નાનો ભાઈ દિશાંત એમ ત્રણેય બેઠા હતા ત્યારે કાળા કલરની ફોરચ્યુનર ગાડી જીજે-૦૩-એનએફ-૧ નંબરની ગાડી લઈને સ્મીત સખીયા આવેલ હતો અને ધમકી આપેલ હતી કે તે અમારી વિરૂધ્ધમાં તાલુકા પોલીસમાં અરજી ફરીયાદ કરેલ છે. તો પણ રૂપીયા તો આપવા જ પડશે, તને છોડવાના નથી અને તને બજારમાં રહેવા નહી દઈએ અને તારા બાપને પણ કહી દેજે કે જો રૂપીયા અમારા નહી આપો તો તમોને જીવતા નહી રહેવા દઈએ તેમ ધમકી આપીને જતો રહેલ હતો. આ ધમકીથી ડરી જઈ ફરિયાદીએ કોઈ અરજી કે ફરીયાદ કરેલ ન હતી. દરમિયાન ફરિયાદીણે જાણવા મળેલ કે તેના પપ્પા મનોજભાઈ તથા તેની વિરૂધ્ધ તેમજ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ વિરૂધ્ધમાં અરજી કરવામાં આવી છે જેથી ફરિયાદી પોલીસ કમિશ્નરને સંબોધી અરજી કરતા ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# બહુચર્ચિત સસ્પેન્ડેડ કોન્સ્ટેબલ નીતા ચૌધરીની એટીએસએ લીંબડીથી કરી ધરપકડ

### સહ આરોપી બુટલેગરના સાસરિયામાં છુપાઈ'તી નીતા ચૌધરી

**અબતક, રાજકોટ**

જામીન પર રહેલી નીતા ચૌધરીના સેસન્સ કોર્ટે જામીન નામંજુર કરી જેલ હવાલે કરવાનો હુકમ કરતા જ નીતા ફરાર થઈ ગઈ હતી. જોકે, હવે એટીએસને મળેલ ચોક્કસ બાતમીના આધારે નીતા ચૌધરીને સુરેન્દ્રનગર પંથકમાં લીંબડી નજીકના ગામથી આરોપી બુટલેગરના સગાને ત્યાંથી ઝડપી પાડવામાં આવી છે. ગુજરાત એટીએસએ ફરાર નીતા ચૌધરીને ઝડપી લીધી છે. ત્યારે તેમના ફોટો અને વીડિયો સામે આવ્યા છે. જેમાં તેમને ધરપકડ અને પોતે કરેલા ગુનાનો કોઈ રંજ ન હોય તેમ વર્તી રહી છે. તો તે હળવું હસ્તી પણ જોવા મળી રહી છે. આ અગાઉ પણ જ્યારે નીતા ચૌધરી અને બુટલેગર યુવરાજસિંહ જાડેજાને ઝડપી પાડ્યાં બાદ જ્યારે મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. ત્યારે નીતા ચૌધરીના ચહેરા પર જરા પણ ચિંતાના નિશાન દેખાતાં ન હતાં. એટલું જ નહીં, મીડિયાના કેમેરા સામે નીતા ચૌધરી મલકાતી નજરે પડી હતી. સૂત્રો જણાવી રહ્યાં છે કે પોલીસ લોકઅપમાં પણ નીતા ચૌધરીને કોઈ અફસોસ ન હોય એમ વર્તી રહી હતી, એટલે મક્કમ મનોબળ પાછળનાં કારણો શું હોઈ શકે એ બાબતે તપાસમાં જોડાયેલા અધિકારીઓના મનમાં પણ ઘણા સવાલ ઉઠ્યા છે.



ઉલ્લેખનીય બાબત છે કે, કચ્છનાં ભચાઉ નજીક થોડા સમય પહેલા પોલીસકર્મીની હત્યાનો પ્રયાસ કરનાર કચ્છની સસ્પેન્ડે મહિલા કોન્સ્ટેબલ નીતા ચૌધરીની પોલીસે અટકાયત કરી હતી. નીતા ચૌધરીએ ભચાઉ સ્ટેશન કોર્ટે નીચલી કોર્ટે આપેલા જામીન રદ્દ કરવાનો આદેશ કર્યો હતો. હત્યાનાં પ્રયાસમાં નીચલી કોર્ટે આપેલા જામીનને સેશન્સ કોર્ટે રદ્દ કર્યા હતા. ત્યારબાદ પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ હતી. જ્યારબાદ પોલસ બેડામાં હડકંપ મચી જવા પામ્યો હતો. પોલીસે તેને ઝડપી પાડવા અલગ અલગ ટીમો બનાવી હતી. રાજ્યના વિવિધ વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી.

ભચાઉ ક્રાઈમ બ્રાંચની ટીમ પર બુટલેગર યુવરાજસિંહે કાર ચઢાવી હતી. તેમજ ક્રાઈમ બ્રાંચની ટીમ પર જીવલેણ હુમલો અને પીએસઆઈની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના સમયે નીતા ચૌધરી પણ બુટલેગર સાથે જ હતી. આ કેસમાં નીતા ચૌધરીની પણ ધરપકડ કરાઈ હતી. બુટલેગર યુવરાજસિંહ સામે દારૂની હેરાફેરી સહિતનાં ૧૬ થી વધુ ગુના નોંધાયા છે. યુવરાજસિંહ અને નીતા ચૌધરીને કોર્ટ સમક્ષ રજૂ કરાયા હતા. ભચાઉ પોલીસે રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે રિમાન્ડ નકારીને નીતા ચૌધરીને નીચલી કોર્ટે જામીન આપ્યા હતા. જોકે નીચલી કોર્ટના જામીન સેશન્સ કોર્ટે રદ્દ કર્યા હતા. ત્યારબાદ ધરપકડથી બચવા અને જેલમાં જવાનાં ડરે નીતા ચૌધરી ફરાર થઈ ગઈ હતી.

જણાવી દઈએ કે, નીતા ચૌધરી વર્ષ ૨૦૧૫માં ગુજરાતના પોલીસ વિભાગમાં જોડાઈ હતી. હાલમાં તે સસ્પેન્ડેડ પોલીસ કોન્સ્ટેબલ છે. તેની ફરજનું મૂળ સ્થળ ગાંધીધામ હતું, પરંતુ ડેપ્યુટેશનથી સીઆઈડી ક્રાઈમમાં ફરજ પર મૂકવામાં આવી હતી. અગાઉ એલસીબીમાં તેને ડ્યૂટી આપવામાં આવી હતી.

### ટુ વ્હીલર્સ અથડાવા જેવી નજીવી બાબતે

# રૈયા ટેલીફોન સર્કલ પાસે બે વિદ્યાર્થી પર છરી વડે હુમલો

### આશાપુરા નગરમાં જમીન મકાનના ધંધાર્થી ઉપર પાડોશી રાજપાલ ઉર્ફે રાજા સહિત ત્રણ શખ્સ માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં ખાખીનો ખોફ ઓસર્યો હોય તેમ લુખ્ખાઓ બેખોફ બન્યા છે. બે સ્થળે નજીવી બાબતે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં રૈયા ટેલીફોન એકચેન્જ સર્કલ પાસે એકિટવા અથડાતા જેનો ખાર રાખી અજાણ્યા શખ્સે બે વિદ્યાર્થીને છરી વડે હુમલો કર્યો છે. જયારે કોઠારીયા રોડ નજીક આશાપુરા નગરમાં જવતલીયા સસરા સાથે સંબંધનો ખાર રાખી જમીન મકાનના ધંધાર્થી ઉપર બે અજાણ્યા સહિત ત્રણ શખ્સ બોથડ પદાર્થ વડે માર માર્યોની ફરીયાદ નોંધાવી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ નજીક રાજ રાજેશ્વરી પાર્કમાં રહેતા ઘનશ્યામભાઈ રમણીકભાઈ બકરાણીયા નામના પ્રૌઢના પુત્ર અને તેના મિત્રને નજીવી બાબતે અજાણ્યા શખ્સે માર માર્યાની ગાંધીધામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસ ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે ફરીયાદી ઘનશ્યામ બકરાણીયાનો પુત્ર પ્રિન્સ અને તેનો મિત્ર હર્ષિલ બન્ને બાઈક લઈને સ્કુલેથી ઘરે જતા હતા ત્યારે ઈન્દિરા સર્કલ પાસે જીજે ૦૩ એનજે ૭૧૦૨ નંબરના એકિટવા સાથે અથડાતા બાદ છુટા પડયા હતા. જયારે એકિટવા ચાલકે બાઈકનો પીછો કરી રૈયા ટેલીફોન સર્કલ પાસે બાઈકને અટકાવી પ્રિન્સ અને તેના મિત્ર હર્ષલ સાથે બોલાચાલી કરી છરી વડે પ્રિન્સ અને તેના મિત્ર પર હુમલો કરી માર માર્યો હતો.ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ યુ.આર. ભટ્ટ સહિતના સ્ટાફે અજાણ્યા શખ્સ સામે એકિટવાના નંબરના આધારે ગુનો નોંધી ઝડપી લેવા દોડધામ આદરી છે.જયારે કોઠારીયા મેઈન રોડ નજીક આશાપુરા શેરી નં.૧ માં રહેતા પરાક્રમસિંહ હરદેવસિંહ વાઘેલાને પાડોશમાં રહેતો રાજપાલસિંહ ઉર્ફે રાજા નિર્મળસિંહ જાડેજા સહિત ત્રણે બોથડ પદાર્થ વડે માર માર્યાની ભકિતનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

પોલીસ ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે પરાક્રમસિંહ વાઘેલાને જવલલીયા સસરા વિજયસિંહ ટેમભા જાડેજા સાથે સંબંધ સારા હોય અને રાજપાલસિંહ ઉર્ફે રાજા જાડેજાને વિજયસિંહ સાથે અગાઉ થયેલો ઝઘડાનો ખાર રાખી રાજપાલસિંહ ઉર્ફે રાજા જાડેજાએ બે શખ્સ સાથે મળી માર માર્યોનું જણાવ્યુ હતું. પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી એ.એ.આઈ. ડી.વી. બાલાસરા સહીતના સ્ટાફે કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં લગ્ન પ્રસંગે આવેલા જૂનાગઢના વિપ્ર પરિવારનું ઘરેણા ભરેલું બોક્ષ ચોરાયું

### સાળાના પુત્રના વિવાહમાં બિન બુલાયે મહેમાને રૂ.૨.૪૫ લાખની મત્તાની કરી ચોરી: તસ્કરને ઝડપવા તપાસ આદરી

**અબતક,રાજકોટ**

શહેરના રૈયા રોડ નજીક ધ્રુવનગર શેરી નં.૧માં રહેતા વિપ્ર પરિવારના પુત્રના લગ્ન પ્રસંગમાં આવેલા જૂનાગઢના પરિવારના રૂ. ૨.૪૫ લાખની કિમંતની ધરેણા ચોરી કર્યા અંગેની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાતા પોલીસ સ્ટાફ ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતો અને ડોગ સ્કોડ સાથે ઘસી જઈ તસ્કરનું પગેરૂ દબાવ્યું છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ ખાતે આઝાદ ચોક માળીના ડેલામાં રહેતા ચેતનભાઈ હિંમતભાઈ ભટ્ટ નામના વૃધ્ધના રૈયા રોડ નજીક ધ્રુવનગર શેરી નં.૧માં આવેલા મકાનમાંથી રૂ.૨.૪૫ લાખના ધરેણા ચોરાયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં અજાણ શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ચેતનભાઈ ભટ્ટ પોતાના પરિવાર સાથે રાજકોટ સ્થિત ધ્રુવનગર શેરી નં.૧માં રહેતા સાળા શૈલેષભાઈ નાથાભાઈ જાનીના પુત્રન લગ્ન પ્રસંગમાં ગત તા.૧૦ જુલાઈના રોજ આવ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા શખ્સએ શૈલેષભાઈ જાનીના મકાનમાં પડેલા થેલામાં રાખેલી રૂ. ૨.૪૫લાખની કિમતનું ધરેણા ભરેલુ બોક્ષ અજાણ્યા શખ્સ ચોરી કરી ગયાની ફરિયાદમાં જણાવ્યું છે.

ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એસ.એસ. ગોહિલ સહિતના સ્ટાફે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને કોઈ જાણભેદુના આધારે લગ્ન પ્રસંગનો વિડીયો ગ્રાફીના આધારે તસ્કરનું પગેરૂ દબાવ્યું છે.

# ઉઘરાણીના ત્રાસથી સામા કાંઠાના કારખાનેદારે ફિનાઈલ ગટગટાવ્યું

### ભાગીદારએ દગો દેતા,વેપારીઓ દ્વારા પઠાણી ઉઘરાણી કરાતા કંટાળીને યુવકે કારખાનામાં પગલું ભર્યું

**અબતક,રાજકોટ**

શહેરના પેડક રોડ બાંકેશ્વર સોસાયટીમાં રહેતા કારખાનેદાર યુવકે ધંધાના પૈસાની ઉઘરાણીના ત્રાસથી કંટાળીને માંડા ડુંગર બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં શ્રીરામ કારખાનામાં હતો ત્યારે ફિનાઈલ પી લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.યુવકને ધંધામાં ભાગીદાર શખ્સે પૈસા ન આપતા તે રકમ લઈને ફરાર થઈ જતાં યુવકને વેપારીઓ ઉઘરાણી મામલે ત્રાસ આપતા તેણે પગલું ભર્યું છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

શહેરના પેડક રોડ,બાંકેશ્વર સોસાયટીમાં રહેતા તુષારભાઈ જેન્તીભાઈ શેખલીયા (ઉ.વ.૩૦) નામના યુવકે ગતરોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં પોતે માંડા ડુંગર બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં શ્રીરામ કારખાનામાં હતો ત્યારે ફિનાઈલ પી લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં તુષારભાઈએ પૈસાની ઉઘરાણીના ત્રાસથી કંટાળીને પગલું ભર્યું છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે. વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર તુષારભાઈ જેન્તીભાઈ શેખલીયાએ પોલીસને જણાવ્યા અનુસાર એક વર્ષ પૂર્વે તેણે ધર્મેશ રણજીત ખસિયા નામના વ્યક્તિ સાથે ભાગીદારીમાં રામનગર આજી જી.આઈ.ડી.સી.ની બાજુ માં ઈમીટેશન ગોલ્ડનો પ્લાન્ટ શરૂ કર્યો હોય,દશેક મહિના સાથે કામ કર્યા બાદ કોઈ કારણોસર તુષાર શેખલીયાએ ત્રણ માસ પૂર્વે ધર્મેશ ખસીયાને ધંધાની ભાગીદારીમાંથી છૂટ્ટું થવાનું કહી,કારખાનાના બધા હિસાબની ચુકવણી કરવાનું કહ્યું હતું,પરંતુ ધર્મેશ ખસિયાએ ધંધામાં રોકાણ કરેલી મૂળ રકમ પોતાની પાસે રાખી લઈ,તે પૈસા દ્વારા પોતાના માટે મકાન લઈ લીધું હોય અને કારખાનું ચલાવવા માટે જે કાચો માલ લીધો હોય તે રકમની ઉઘરાણી કરવા માટે વેપારીઓ તુષાર શેખલિયાને હેરાન કરતા હોવાથી ગઈ કાલે યુવક જ્યારે માંડા ડુંગર બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં શ્રીરામ કારખાનામાં નોકરી કરી રહ્યો હતો ત્યારે કેટલાક વેપારીઓ કારખાને આવી પહોંચ્યા અને પૈસાની ઉઘરાણીના મામલે યુવકને ધમકીઓ આપી હોય જેથી કંટાળીને યુવકે ફિનાઈલ પી લીધું હતું.

અગાઉ યુવકે ધર્મેશ ખસિયા પાસે પૈસાની માંગણી કરતા ધર્મેશના કૌટુંબીક ભાઈ શનિ અને બનેવી સુરેશ વાવડીયાએ યુવકને માર માર્યો હોવાનું જણાવ્યું છે.આ ઉપરાંત અપહરણ અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હોવાનું યુવકે પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું છે.વધુમાં પ્રાપ્ત માહિતી મુજબ,યુવક એક ભાઈ અને બે બહેનોમાં મોટા છે અને તેને સંતાનમાં એક પુત્ર છે.હાલ તુષારભાઈ માંડા ડુંગર બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં શ્રીરામ કારખાનામાં કામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે.

# છેતરપિંડીના ગુનામાં નામચીન શખ્સની ધરપકડ

### એડવાન્સ નાણા લઈ કેટરીંગમાં સ્ટાફ ન મોકલી વિશ્વાસઘાત કર્યો તો

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારની નંદનવનમાં રહેતી કેટરીંગની મહિલા ધંધાર્થી સાથે ઓનલાઈન છેનરપીંડી કરનાર માળીયા હાટીના પંથકના નામચીન શખ્સને યુનિ. રોડ પરથી ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ છે.

વધુ વિગત મુજબ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેવા હેતુ સાથે ગુનાખોરી કરી નાશતા ફરતા શખ્સોને ઝડપી લેવા પોલીસ કમિશ્નર એ આપેલી સુચનાને પગલે ક્રાઈમ બ્રાંચના પી.આઈ. એમ.આર. ગોંડલીયા સહીત સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું.



મુળ માળીયા હાટીના હાલ અમદાવાદ અને શહેરના યુનિ. રોડ પર આકાશવાણી ચોક પાસે આંબેડકર નગરમાં રહેતો પાર્થ નરસિંહ વાળા નામનો શખ્સે ભગવતીપરા વિસ્તારનો મુમતાજબેન રાઠોડ સાથે રૂ. ૧૦,૦૦૦ ની છેતરપીંડી કર્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકના ચોપડે વોન્ટેડ હોવાની અને આકાશવાણી ચોક પાસે હોવાની હેડ કોન્સ્ટેબલ અમીત અગ્રાવત અને પ્રદીપસિંહ જાડેજા ન મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ઝડપી પાડયો છે.

ઝડપાયેલા શખ્સ સામે તાલાલા, વંથલી, માંગરોળ, ભુજ, માળીયા હાટીના, જુનાગઢ અને રાજકોટ બી ડીવીઝન પોલીસ મથકના ચોપડે ચોરી, દારૂ મારામારી અને છેતરપીંડીના ગુનામાં ચડી ચુકયો છે. પ્રાથમિક પુછપરછમાં મહિલા પાસેથી એડવાન્સ નાણા લઈ મેન પાવર પુરો ન પાડી છેતરપીંડી કરી હતી.

# ટુર બુકીંગના સંચાલકની કરતૂત : ૨૦ વર્ષની યુવતીના શારીરિક અડપલાં બદલ ધરપકડ

### નોકરી છોડી બીજે જતી રહેલી યુવતીને કરિયર બગાડી નાખવાની ધમકી આપનાર શખ્સ વિરૂધ્ધ પ્ર.નગર પોલીસે કાર્યવાહી આરંભી

**અબતક, રાજકોટ**

શહેરમાં નવીનનગરમાં રહેતો અને યાજ્ઞિક રોડ પર ટ્રાવેલ્સ બુકિંગની ઓફિસ ચલાવતો ૫૪ વર્ષના શખ્સે ત્યાં અગાઉ કામ કરતી ૨૦ વર્ષની યુવતીને શરીરે મરજી વિરુદ્ધ અડપલાં કરી ચુંબન કરતો હોવાનું અને રાજકોટ ઉપરાંત ગોવા તેમજ ફાર્મહાઉસમાં લઈ જઈ કૃત્ય આચરી ધમકાવતો હોય કંટાળી જઈ યુવતીએ ફરિયાદ કરતાં પ્ર.નગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શહેરમાં રહેતી અપરિણીત ૨૦ વર્ષની યુવતીએ ફરિયાદ કરી હતી. જેમાં આરોપી તરીકે નવીનનગરમાં રહેતો હિમાંશુ મનહરલાલ શાહ (ઉ.૫૪)નું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી હિમાંશુ યાજ્ઞિક રોડ પર ડી.કે. ફોરેક્સ નામે ટ્રાવેલ્સ બુકિંગની ઓફિસ ચલાવતો હોવાનું અને છેલ્લા એકાદ વર્ષથી યુવતી ઓફિસમાં નોકરી કરતી હોય અવાર-નવાર ઓફિસમાં બોલાવી શરીરે અડપલાં કરતો અને યુવતી ઈનકાર કરે તો ધમકાવતો હતો.

### ગોવા તેમજ ફાર્મહાઉસમાં લઈ જઈ મરજી વિરુદ્ધ ચેનચાળા કરતો'તો

દરમિયાન રાજકોટ ઉપરાંત ગોવા તેમજ ફાર્મહાઉસમાં લઈ જતો હતો અને મરજી વિરુદ્ધ શરીરે હાથ ફેરવી ચુંબન કરતો હતો અને કોઈને કહીશ તો જિંદગી બગાડી નાખીશ અને મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. દરમિયાન યુવતીએ છેલ્લા એક માસથી નોકરી છોડી અન્ય સ્થળે નોકરી કરતી હોય જેની જાણ થતાં હિમાંશુએ ત્યાં પાછળ પહોંચી તેને ત્યાં નોકરી કરતી યુવતીનું કરિયર ખરાબ કરવાનીની વાત કરતો હોય જેથી જ્યાં નોકરી કરતી હતી તેના માલિકે યુવતીને વાત કરતા તેને ઘેર આવી પરિવારને વાત કરી ફરિયાદ કરી હતી. બનાવને પગલે પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઈ આઈ.એમ. બેલીમ સહિતે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન
ટ્રાફિક બુકિંગનો બદલાવ
ઇ-ટેન્ડર નોટિસ નં : 13 વર્ષ 2024-25 તારીખ 11/07/2024 ઇ-ટેન્ડર નં : DRM-RJT-2024-25-E-31 કામનું નામ : ... M/35, M/37, M/39, T/14, T/15, M/32, T/23, EL/33 અને T/11 ... અંદાજિત NIT કિંમત : ₹76,10,906.14 અર્નેસ્ટ મની : ₹1,52,200.00 ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 01/08/2024 ના 15:00 કલાકે ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001 વેબસાઈટ વિગતો : "www.ireps.gov.in"
facebook.com/WesternRly




તંત્રી લેખ

# લગાતાર જમ્મુને જ નિશાન બનાવવું, મોટું ષડયંત્ર ?

જમ્મુ ક્ષેત્રમાં ૨૦૨૨ અને ૨૦૨૩માં ૩-૩ આતંકવાદી હુમલા થયા હતા, આ વર્ષે અત્યાર સુધીમાં આવા ૬ હુમલા થયા છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ કાશ્મીર ખીણ છોડીને હવે જમ્મુને નિશાન બનાવી રહ્યા છે.

સંરક્ષણ અને વ્યૂહાત્મક વિશ્લેષક લેફ્ટનન્ટ કર્નલ (નિવૃત્ત) જેએસ સોઢીના જણાવ્યા અનુસાર, આ વર્ષની શરૂઆતથી દક્ષિણ ચીન સાગરમાં ચીનની આક્રમક ગતિવિધિઓ વધી છે. આ વર્ષથી અત્યાર સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓ વધી છે. આ બંને બાબતો વચ્ચે સીધો સંબંધ છે. ચીન અને પાકિસ્તાન આ વિસ્તારોમાં જાણીજોઈને આતંકવાદી ગતિવિધિઓ વધારી રહ્યા છે. હકીકતમાં, આ પૃષ્ઠભૂમિ આગામી યુદ્ધ માટે બનાવવામાં આવી રહી છે, જેથી બંને દેશો આંતરરાષ્ટ્રીય સમુદાયને કહી શકે કે આ વિસ્તારો અત્યંત અવ્યવસ્થિત અને અસ્થિર હતા, તેથી આ હુમલાઓ કરવા પડ્યા.

લેફ્ટનન્ટ કર્નલ (નિવૃત્ત) જેએસ સોઢીનું કહેવું છે કે હોંગકોંગથી પ્રકાશિત ચીનના સત્તાવાર અખબાર વિએન વીપો અનુસાર, આગામી ૧૧ વર્ષમાં એટલે કે ૨૦૩૫ સુધી ત્રણ યુદ્ધ થવાના છે. આ વચ્ચે પહેલું યુદ્ધ ૨૦૨૭માં તાઈવાન સાથે થશે, જ્યારે ચીન તેના પર હુમલો કરશે. બીજો હુમલો ૨૦૨૯માં વિયેતનામ, ફિલિપાઈન્સ, મલેશિયાથી ઘેરાયેલા દક્ષિણ ચીન સાગરમાં સ્થિત સ્પ્રેટલી ટાપુઓ પર થશે. આ ટાપુ વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ સિવાય ૨૦૩૫માં ચીન અને પાકિસ્તાન સાથે મળીને ભારત પર હુમલો કરશે. આ બે મોરચાનું યુદ્ધ થવાનું છે, જે અંતર્ગત ચીન અરુણાચલ પ્રદેશ સરહદ પર યુદ્ધ કરશે અને પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરમાં લડશે.

ખીણને બદલે જમ્મુમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા સતત હુમલાઓ પાછળનું એક કારણ ચીનનો આર્થિક કોરિડોર છે જે પીઓકેમાંથી પસાર થઈ રહ્યો છે. ચીને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર પ્રોજેક્ટમાં ૬૫ બિલિયન યુએસ ડોલરનું રોકાણ કર્યું છે. ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મહત્વાકાંક્ષી યોજના છે, જે ૨૦૧૩માં શરૂ કરવામાં આવી હતી. ભારત આ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યું છે, કારણ કે પીઓકે ભારતનો અભિન્ન અંગ છે.

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ જાણીજોઈને જમ્મુના હિંદુ પ્રભુત્વવાળા વિસ્તારોને નિશાન બનાવી રહ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, જમ્મુની કુલ વસ્તી લગભગ ૧૫ લાખ છે અને તેમાંથી ૮૪ ટકા હિંદુ અને ૭ ટકા મુસ્લિમ છે. એ પણ શક્ય છે કે પાકિસ્તાન હવે કાશ્મીરની જેમ જમ્મુમાંથી હિંદુઓને ભગાડવાનું કાવતરું કરી રહ્યું છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ જમ્મુ અને કાશ્મીરમાં માત્ર ૨૭૦૦ થી ૩૪૦૦ કાશ્મીરી પંડિતો જ બચ્યા છે. જ્યારે ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ આ વિસ્તારમાં લગભગ ૧.૨૫ લાખ હિંદુઓ હતા. તેમાંના મોટા ભાગના પંડિત હતા. ૯૦ ના દાયકામાં આતંકવાદની શરૂઆતથી, કાશ્મીરી પંડિતોએ પોતાનો જીવ બચાવવા માટે ત્યાંથી ભાગવું પડ્યું.

જમ્મુથી પૂંચ-રાજૌરી સુધીનો સરહદી વિસ્તાર છે અને આગળ અખનૂર સુધી આંતરરાષ્ટ્રીય સરહદ છે. એલઓસીમાં કડક સુરક્ષા બાદ હવે આતંકવાદીઓ આંતરરાષ્ટ્રીય બોર્ડરની મદદથી જમ્મુ ક્ષેત્રમાં ઘુસી રહ્યા છે. જમ્મુનો મોટો વિસ્તાર આંતરરાષ્ટ્રીય સરહદની નજીક પણ છે. આવી સ્થિતિમાં અહીંથી ઘૂસણખોરી પણ આસાન છે. ડોડામાં એટલા ગાઢ જંગલો છે કે આતંકવાદીઓ તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે. આ વિસ્તારમાં ઘણા પર્વતો અને ગાઢ જંગલો છે. આ સિવાય રોડ કનેક્ટિવિટી પણ બહુ સારી નથી. ૨૦૧૯માં કલમ ૩૭૦ હટાવ્યા બાદથી કાશ્મીરમાં સુરક્ષા દળોની ભારે અને મજબૂત તૈનાતી કરવામાં આવી છે. આ પણ એક કારણ છે કે જમ્મુ હવે આતંકવાદીઓનું નવું નિશાન બની ગયું છે.

# અગ્નિકાંડ પીડિતોના ન્યાય માટે મેળામાં કોંગ્રેસ સ્ટોલ નાખશે:કાલે કલેકટર પાસે માંગણી કરાશે

## કલેકટર દ્વારા સ્ટોલ નહિ ફાળવાય તો આંદોલનને શેરી ગલી સુધી લઇ જવાશે:ઈન્દ્રનીલ રાજયગુરૂ



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં મોતને ભેટેલા હતભાગીના પીડિત પરિવારોને ન્યાય મળી રહે તે માટે કોંગ્રેસ દ્વારા સાતમ આઠમના મેળામાં એક સ્ટોલ ઉભો કરવામાં આવશે. આવતીકાલે જિલ્લા કલેકટર સમક્ષ સ્ટોલ ફાળવવાની માંગણી કરવામાં આવશે જો તંત્ર દ્વારા સ્ટોલની ફાળવણી નહીં કરાય તો આંદોલનને શેરી ગલી સુધી લઈ જવામાં આવશે.તેમ આજે એક પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ એ જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે અગ્નિકાંડના વાદળો હજી મંડરાયેલા છે. ભાજપ ભ્રષ્ટાચારમાં ગળાડુબ છે. ભવિષ્યના કાંડ ઉપર બ્રેક લાગે કુંભકર્ણની નિંદ્રામાં સુતેલી સરકારને જાગૃત કરવા એ કામ અમે કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ પરંતુ લોકોની જાગૃતિ જ આમાં કામ કરી શકશે

સરકાર ઉપર પ્રેશર લાવી શકશે રાજકોટ સફળ બંધને આ સરકારને હલાવી હતી ત્યારે તમારી સતત જાગૃતિ અને રોજ બ રોજની તમારી અંદરો અંદરની ચર્ચાઓની પણ સરકાર નોંધ લેતી હોય છે ત્યારે અધિકારીઓને કે પદાધિકારીઓને બચાવવાનું જે ભાજપ કરી રહ્યું છે તેના તેની ચર્ચાઓ પણ ચોરે ચપ્પોટે થાય ત્યારે જ આ સરકાર ઉપર કંટ્રોલ આવશે અને એ માટે લોક જાગૃતિનું કામ અમે મેળામાં સ્ટોલ મેળવી અને કરવા માગીએ છીએ. આ અંગે કાલે રાજકોટ જિલ્લા કલેકટર સમક્ષ લોકમેળામાં અગ્નિકાંડ પીડિતો જે ન્યાય અંગેના સ્ટોલની લેખિતમાં માગણી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવશે.હાલમાં જો સરકાર એની ઓછો વિકાસ અને જાહેરાતો જાજી એ મેળામાં કરી શકતા હોય તો લોકજાગૃતિનું કામ મેળામાં શા માટે ન થઈ શકે ? સરકારની અસફળતાઓને દર્શાવવાનું કામ મેળામાં શા માટે ન થઈ શકે. અધિકારીઓ જેની ધરપકડો કરવામાં આવી છે તેમણે પદાધિકારીઓના નામ પણ દરેક તપાસમાં કબુલાત કરેલ છે છતાં પણ એ નામ ખુલતા નથી તેને બચાવી લેવાનું પ્રોમિસ આપવામાં આવે છે પરંતુ જે એમાં ખરા અર્થમાં ગુનેગાર છે આટલી જિંદગીઓ લેવાના તેને છાવરવાનો ખુલ્લેઆમ સરકાર પ્રયત્ન કરી રહી છે અને એના નામ જાહેર કરવાની પણ સરકાર દરકાર કરતી નથી.

જો સરકાર લોકમેળામાં આ અંગે સ્ટોલ નહીં ફાળવે તો અગ્નિકાંડનો મુદ્દો રાજકોટની શેરીમાં લઈ જવાશે. ભાજપ સરકાર ફક્ત ગેમ ઝોન માં જ ભ્રષ્ટાચાર આચરી છે એવું નથી પરંતુ રસ્તાના કામમાં અને બાંધકામમાં બેફામ ભ્રષ્ટાચારો આચરીને કરોડો રૂપિયામાં આ ભાજપના નેતાઓ ની લાંચ રૂશ્વત બ્યુરો ખાતા દ્વારા તપાસ પણ થવી જોઈએ. સરકાર ભાવનગરની રથયાત્રામાં એક પ્લોટ પણ સહન કરી શકતી ન હોય ત્યારે સ્ટોલ નહીં આપે તો પત્રિકા દ્વારા મેળામાં જાગૃતિ કરવાનું કામ કોંગ્રેસના તમામ કાર્યકરો દ્વારા કરવામાં આવશે.

આજની પત્રકાર પરિષદમાં ઈન્દ્રનીલભાઈ રાજગુરુ, અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, નયનાબા જાડેજા, ધરમભાઈ કાંબલીયા, વશરામભાઈ સાગઠીયા, ગોપાલભાઈ અનડકટ, ડી.પી મકવાણા, મેઘજીભાઈ રાઠોડ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસના આગેવાનોએ હાજરી આપી હતી.

# ગોંડલ રામજી મંદિરે ત્રિ-દિવસીય ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

## ભજન, ભક્તિ અને ભોજનનો ત્રિવેણી સંગમઃ મહંત જેરામદાસબાપુના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી







**અબતક, રાજકોટ**

અષાઢ સુદ પૂર્ણિમા એટલે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુનું અનેરૂં મહત્વ જોવા મળે છે. શ્રી રણછોડદાસજીના અદ્રશ્ય આશીર્વાદ તથા પ્રાંતઃ સ્મરણીય સદગુરુ ભગવાન સ્વામી હરિચરણદાસજી મહારાજના સૂક્ષ્મ આશીર્વાદ સાથે જયરામદાસજી મહારાજની અધ્યક્ષતામાં રામજી મંદિર ખાતે ગુરુપૂર્ણિમાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે ત્યારે ગોંડલના રામજી મંદિર ખાતે ગુરુપુર્ણિમાની તા.૧૮ થી ૨૦ ત્રણ દિવસીય ઉજવણી ધામધૂમ પૂર્વક ઉજવવા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સદગુરૂદેવ રણછોડદાસજી મહારાજની નિશ્રામાં મહામંડલેશ્વર હરિચરણદાસજી મહારાજના અદ્રશ્ય આશીર્વાદ સાથે શ્રી રામજી મંદિર ટ્રસ્ટ પરિવાર દ્વારા ગુરુપુર્ણિમા ઉજવણીની તડામાર તૈયારી શરુ કરી દેવામાં આવી છે.જેના ભાગે રામજી મંદિર ખાતે તા. ૧૮ જુલાઈથી ગુરુ પૂર્ણિમા ઉત્સવ શરૂ થશે. જેમાં સવારે ૯થી ૧ અને સાંજે ૪થી ૭ શ્રી રામ ચરિત માનસ સમૂહ પાઠ બાલકદાસજી મહારાજ (ગોરા) દ્વારા સંગીતની સુરાવલી સાથે રસપાન કારાવશે. નવકૂંડી શ્રી રામ મહાયજ્ઞ, પૂજન ગુરુદેવ હરિચરણદાસ મહારાજના પાદુકા પૂજન શ્રી રામજી મંદિરના મહંત જયરામદાસ મહારાજના હસ્તે કરાશે. નવકૂંડી શ્રી રામ મહાયજ્ઞ સવારે ૭.૩૦ શરૂ થશે તેમજ પંચાક્ષર રામ મંત્ર આહુતિ અપાશે બાદ બપોરે ૧૨ વાગ્યે બીડું હોમાશે જે તા.૨૦ જુલાઈ એ વિરામ લેશે. મહંતશ્રી જયરામદાસજી મહારાજ પૂ.હરિચરણદાસ મહારાજના સમાધિ સ્થાની સાડશોપચાર પૂજાની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે ૨૧ જુલાઈને રવિવારે ગુરૂપૂર્ણિમાની ભાવભેર ઉજવણી કરાશે. સાંજે ૭.૦૦ કલાકે મહંત જયરામદાસ મહારાજ દ્વારા આશીર્વચન પાઠવશે. ગુરૂપૂર્ણિમા મહારાજશ્રીના દર્શન કરવા માટે હજારો ભાવિકોનો ઘોડાપૂર ઉમટશે. આ ધર્મોત્સવને મંદિરના સ્વયંસેવક અને સેવકો તૈયારીને આખરી ઓપ આપી રહ્યા છે. આ પ્રસંગે મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હોઈ ભક્તોએ લાભ લેવા રામજી મંદિર ટ્રસ્ટ પરિવાર દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે.

# રણછોડદાસજી આશ્રમે ગુરૂપૂર્ણિમાએ ગુરૂપુજન

**અબતક, રાજકોટ**

રણછોડદાસજી બાપુ આશ્રમ દ્વારા ગુરૂપુર્ણિમા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૧-૭ને રવિવારના રોજ દિવસભર ભક્તિમય સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ગુરૂપુર્ણિમા મહોત્સવની મહાપુજા ભગવાનજીભાઈ જેઠાભાઈ નથવાણી પરિવાર દ્વારા કરવામાં આવશે.

સદ્ગુરૂ આશ્રમમાં ગુરૂપૂર્ણિમાં મહોત્સવમાં મહાપુજા, ષાડષોપચાર પૂજનઃ-૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી સદ્ગુરૂદેવ ભગવાનશ્રીના દર્શન ઝાંખી માટે સવારે ૫:૩૦ થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી તથા બપોરે ૩:૦૦ થી રાત્રિના ૧૧:૩૦ વાગ્યા સુધી નિજ મંદિર ખુલ્લુ રહેશે.

સદ્ગુરૂદેવ ભગવાનશ્રીના ચરણ પાદુકાના દર્શન સવારે ૧૧:૦૦ થી ૧:૩૦ તથા બપોરે ૩:૦૦ રાત્રીના ૧૧:૩૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. આ સમય દરમ્યાન ભાવિકો સદ્ગુરૂદેવ ભગવાનના ચરણ પાદુકાના દર્શનનો લાભ લઈ શકશે.

સદ્ગુરૂદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુએ કહ્યું છે કે ચરણ પાવરી તો (પાદુકાજી) સાક્ષાત વિગ્રહ(ગુરૂદેવ કા સ્વરૂપ) હી હૈ, માટે વર્ષમાં બે જ વખત આ ચરણપાદુકાજીનાં દર્શનનો લ્હાવો મળતો હોય તો સર્વધર્મપ્રેમી ભાઈ-બહેનોએ અચુક પરિવાર સાથે આ ગુરૂપૂર્ણિમાનાં આ મહામંગલમય દિવસે અવશ્ય દર્શન કરીને લાભ લેવા વિનંતી છે.

# જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૫૪૨મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



વિનોદભાઈ ચંદુલાલ પોપટનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે, તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૫૪૨મું ચક્ષુદાન થયેલ છે. આ જુલાઈ-૨૪માં સાતમું ચક્ષુદાન થયેલ છે.સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા-૯૪૨૮૫૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# મહારાષ્ટ્રની વિવિધ પાંજરાપોળમાં જીવદયા સ્ટેન્ડનું વિતરણ

**અબતક, રાજકોટ**

મા સ્વામી પૂ. જયવિજયાજી મહાસતીજી ની પ્રેરણાથી અને પૂ. ધીરગુરુદેવના અનુગ્રહથી જીવદયા પ્રેમી બીનાબેન અજયભાઈ શેઠના આર્થિક સૌજન્યથી મહારાષ્ટ્રની વિવિધ ગૌશાળા પાંજરાપોળમા ગૌમાતા જીવરક્ષા સ્ટેન્ડનું વિતરણ કાર્ય ચાલુ છે. આ સ્ટેન્ડથી માતા અને વાછરડાને જીવનદાત મળે છે.

સૌરાષ્ટ્રની પાંજરાપોળ ગૌશાળામાં વિતરણ કરવાની યોજના છે. જે જે પાંજરપોળને જરુર હોય તેઓને લેટર હેડ ઉપર અરજી મોકલવા અનુરોધ છે. દાતાઓ પણ સંપર્ક કરી શકશે. વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ જશ-પ્રેમ ધીર સંકુલ, ૫ વૈશાલીનગર, રૈયા રોડ, રાજકોટ મો. નઁ. ૯૯૭૯૨ ૩૨૩૫૭ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કોર્પોરેશનના પૂર્વ વિપક્ષી નેતા ક્યુર મસરાણીનો આજે જન્મદિવસ



રાજકોટ મહાનગરપાલિકાના કોંગ્રેસના પૂર્વ વિરોધપક્ષના નેતા ક્યુરભાઈ મસરાણીનો આજે જન્મદિવસ છે તેઓ તા.૧૭/૦૭/૧૯૭૭ના રોજ જન્મેલા ક્યુરભાઈ આજે જીવનના ૪૭ યશસ્વી વર્ષ પૂર્ણ કરી ૪૮ માં મંગલ વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

અગાઉ રાજકીય પ્રવૃતિમાં કોંગ્રેસના ફરિયાદ સેલના પ્રમુખ તરીકે કામગીરી કરેલ ત્યારબાદ તેઓ યુથ કોંગ્રેસના મહામંત્રી ફરજ બજાવી છે તેમજ રાજકોટ શહેર કોંગ્રેસના મહામંત્રી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય રહી ચુક્યા છે અને તેઓ વોર્ડ નં.૮ના સફળ કોર્પોરેટર બન્યા છે અને વિરોધપક્ષના નેતા તરીકે રાજકોટની જનતાને સેવા આપેલ છે મો.નં.૯૮૨૫૩૯૯૩૦૨ પર શુભેચ્છાઓ વરસી રહી છે.

# પ્રણવાનંદ સંસ્કૃત ભવન ટ્રસ્ટ દ્વારા કાલીદાસ વ્યાખ્યાન માળાનું સમાપન

**અબતક, રાજકોટ**

પ્રણવાનંદ સંસ્કૃત ભવન, ભારત સેવક સમાજ રેસકોર્સ ખાતે કાલિદાસ વ્યાખ્યાન માળાનું સમાપનમાં પ્રમુખ સ્થાનેથી કુલપતિ પ્રા.ડો.કમલેશભાઈ જોશીપુરાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું ને સંસ્કૃતને યુવાનો સુધી પહોચાડવા અપીલ કરી. કૌશિકભાઈ છાયા અને પ્રા.ડો.પારૂલબેન મહેતાએ જણાવ્યુ જયારે વ્યકિત કર્તવ્યમાંથી સ્તુત થાય છે ત્યારે તેને ફળ ભોગવવું પડે જ છે, કવિ કુલગુરૂ કાલિદાસે તેની રચનાઓમાં અદભૂત પ્રકૃતિ વર્ણન કર્યું છે. તેમની ઉપમા શ્રેષ્ઠ છે, તે શિક્ષણ શાસ્ત્રી, માનસશાસ્ત્રી અને સમગ્રતાનો કવિ છે. ભારતીય સંસ્કૃતિના પ્રખર હિમાયતી છે. કહે છે કે રઘુવંશના રાજાઓ વિધિપૂર્વક યજ્ઞમાં આહુતિ આપનાર, અપરાધ પ્રમાણે દંડ આપનાર ત્યાગ માટે ધન સંચય કરતા, સત્યને માટે ઓછું બોલતા હતા. શિક્ષક વેચાય ત્યારે શિક્ષકનું અને શિક્ષણનું પતન થાય છે. શિક્ષક વિદ્વાન હોવો જોઈએ અને અભિવ્યકિત શ્રેષ્ઠ હોવી જોઈએ. શ્રીમતી નયનાબેન જોષીપૂરા, એડવોકેટ હિમ્મતભાઈ લાબડિયા વગેરેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું.

સંસ્થા દ્વારા ૪૮ વર્ષથી સંસ્કૃત પ્રચાર અને પ્રસારનું કાર્ય થઈ રહ્યું છે. જે અંતર્ગત સંસ્કૃત સુભાષિત સુલેખન સ્પર્ધાનું આયોજન છે. વિશેષ વિગતો માટે કૌશિકભાઈ છાયા (૯૮૨૪૯૦૧૦૫૧)નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## ગુરૂપૂર્ણિમા નિમિતે

# આર્ટ ઓફ લિવિંગ દ્વારા કાલથી હેપીનેસ પ્રોગ્રામનું આરંભ

**અબતક, રાજકોટ**

પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવત ને સાર્થક કરવા આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા એક હેપિનેસ પ્રોગ્રામ નું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં શ્રી શ્રી રવિશંકરજી દ્વારા વિશ્વને તેમના દ્વારા આપવામાં આવેલી અદભુત અને અનમોલ યોગીક ભેટ એવી સુદર્શન ક્રિયાને શીખવવામાં આવસે. ડબલ્યુએચઓ, અઈમ્સ, નાસા અને ૧૮૪ થી પણ વધારે દેશોના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા તેની ભલામણ કરેલ છે અને ગૂગલ ઉપર પણ સેંકડો રિસર્ચ ઉપલબ્દ્ધ છે.તેમજ અત્યાર સુધીમાં કરોડો લોકોએ તેનો લાભ લીધો છે. જે વિશ્વની સૌથી ઝડપથી પરિણામ આપતી યોગીક પ્રક્રિયા છે.

ખુશી એ માનવીનો મૂળ સ્વભાવ છે. અને ખુશ રહેવા માટે જ આપણે સતત શારીરિક અને માનસિક દિનચર્યા કરતાં હોઈએ છીએ, માટેજ દરેક ક્ષણને ખુશીથી ભરી શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્તર ને રોગ મુક્ત અને તણાવ મુક્ત કરવા માટે ધ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા

તા.૧૮ થી ૨૧ જુલાઈ૨૦૨૪ના રોજ સવારે ૬ થી ૯ વાગ્યે અથવા સાંજે ૪:૩૦ થી ૭:૩૦ વાગ્યે હેપીનેસ પ્રોગ્રામ નું ૨ બેચ માંઆયોજન કરવામાં આવ્યું છે.

કોઈ પણ ધર્મ કે જાતિના ભેદભાવ વગર આ કોર્ષમાં બધા જોડાય શકે છે.વધારેમાં વધારે લોકો આ શિબિરનો લાભ લે અને ઉર્જાનીઉચ્ચતમ અવસ્થા પ્રાપ્ત કરે તેવી આપ સૌને સંસ્થા દ્વાર અપીલ કરવામાં આવી છે.

કોર્ષ નું સ્થળઃ‘‘બરસાના‘‘, ૫- રોયલ પાર્ક,સત્યમમાર્ટની સામેની શેરી, ઓફ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

વધુ માહિતી માટેઃ૯૮૨૫૨૧૫૨૩૪ ઉપર સંપર્ક કરી શકો છો.

## પરિચાલન અને સેવાઓને સુધારવા રેલવેનું મહત્વપૂર્ણ પગલું

# ‘રેલવેના સ્ટાર્ટઅપ્સ’ પહેલની સાથે ઈનોવેશનને આપ્યું પ્રોત્સાહન આપતી ભારતીય રેલવે

## ઈનોવેશન સાથે સંકળાયેલી ૧૯૪૨ સંસ્થાઓએ રેલવેના ઈનોવેશન પોર્ટલ પર કરાવી નોંધણી

**અબતક, રાજકોટ**

નવીનતાઓ ના માધ્યમથી રેલ્વે પરિચાલન અને સેવાઓને સુધારવા માટે નવીનતા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતારેલ્વે મંત્રાલયે ૧૩ જૂન, ૨૦૨૨ ના રોજ ‘‘રેલવે માટે સ્ટાર્ટઅપ્સ’’ પહેલ શરૂ કરી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રેલ્વે નેટવર્ક ના પરિચાલનક્ષમતા અને સુરક્ષા વધારવા માટે ભારતીય સ્ટાર્ટઅપ્સ, એમએસએમઈ, ઈન્ડિવિઝયુઅલ ઈનોવેટર્સ,અનુસંધાનઅને વિકાસ સંગઠનો/સંસ્થાઓ, ગૈર સરકારી સંગઠનો અને ઉદ્યોગ સાહસિકોની કુશળતાનો લાભ લેવાનો છે

આ પહેલ હેઠળ, ભારતીય રેલવે ઈનોવેશન પોર્ટલને https://innovation.indianrailways.gov.in/ પર પણ લાઈવ કરવામાં આવ્યું છે. જુલાઈ ૨૦૨૪ સુધીમાં, ઈનોવેશન સાથે સંકળાયેલી કુલ ૧૯૪૨ સંસ્થાઓએ ભારતીય રેલ્વેના ઈનોવેશન પોર્ટલ પર નોંધણી કરાવી છે. તેમાં સ્ટાર્ટઅપ્સ, ઈન્ડિવિઝયુઅલ ઈનોવેટર્સ, એમએસએમઈ, અનુસંધાન અને વિકાસ સંગઠન વગેરેનો સમાવેશ થાય છે.

રેલ મંત્રાલયે ઈનોવેશન પોલિસીના વિવિધ હિતધારકોની વચ્ચે જાગરૂકતા ફેલાવવા માટે કાળજીપૂર્વક આયોજિત કાર્યશાળા/ બેઠકો/ વાર્તા/વીસીનું આયોજન કર્યું છે, જેના પરિણામે સ્ટાર્ટઅપ્સ/ઈનોવેટર્સની સારી ભાગીદારી થઈ છે.

રેલ મંત્રાલયને અત્યાર સુધી ઈનોવેશન પોર્ટલ પર ખોલવામાં આવેલા ૨૮ સમસ્યા વિવરણો માટે કુલ ૪૨૩ દરખાસ્તો પ્રાપ્ત થઈ છે. અત્યાર સુધી૧૫ સમસ્યા વિવરણો માટે કુલ ૨૩ ઈનોવેશન પરિયોજના એનાયત કરવામાં આવી છે. ૨૩ પુરસ્કૃત ઈનોવેશન પરિયોજના કિંમત આશરે રૂ.૪૩.૮૭ કરોડ રૂપિયા છે, જેમાંથી લાયક સંસ્થાઓને રેલવેના અનુદાનમાં હિસ્સો આશરે રૂ.૧૦.૫૨ કરોડ રૂપિયા છે.

જે સમસ્યા વીવરણો ના માટે પરિયોજનાઓ પહેલાથી જ મંજૂર કરવામાં આવ્યા છે તેમાં હેવી ડ્યુટી ફ્રેઈટ વેગન માટે સુધારેલ ઈલાસ્ટોમેરિક પૈડની ડિઝાઈન, મીઠું જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે હળવા વજનના વેગન, રેલ સ્ટ્રેસ મોનિટરિંગ સિસ્ટમ, ચોકસાઈ નિરીક્ષણ તકનીકે બ્રોકન રેલ સિસ્ટમ, ટ્રેક કિલનિંગ મશીન, વીપીયુ/પાવર કાર/એસએલઆરમાં ઓડિયો વિઝ્યુઅલ એલાર્મ સાથે સેન્સર આધારિત લોડ કેલ્કયુલેશન ઉપકરણનો વિકાસ, સરળ ઓએચઈ કેન્ટીલીવર ડિઝાઈન, ક્વિક પોઈન્ટ લોકીંગ કલેમ્પ/સિસ્ટમ, વાયરલેસ નેટવર્કિંગ સાથે ભારતીય રેલ્વેના કોચો માટે સેન્સર આધારિત ફાયર/સ્મોક ડિટેકશન સિસ્ટમનો વિકાસ, ભારતીય રેલ્વે પર બુક કરાયેલ કન્સાઈનમેટની સુરક્ષા માટે ઈ-સીલ સિસ્ટમ, ઓછી દ્રશ્યતા અને સંચારના અભાવને કારણે શન્ટિંગ દરમિયાન અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળવા માટે તકનીકી ઉકેલોનો વિકાસ, લોકો પાઈલટ અને ગાર્ડને ચેતવણીની માહિતી, એલવીપીએચ કોચની છત પર ફ્લેક્સી સોલર વીવી પેનલ્સ સાથે સૌર ઉર્જા, ઉત્પાદન માટે સિસ્ટમોની જોગવાઈ, ભારતીય રેલ્વે કોચ પર વાયરલેસ નેટવર્કિંગ સાથે સેન્સર આધારિત ફાયર/સ્મોક ડિટેકશન સિસ્ટમનો વિકાસ(ફેઝ- ll) વગેરે શામિલ છે.

# કોર્પોરેશનમાં કાલે જનરલ બોર્ડ:વિપક્ષ આક્રમક મૂડમાં

## કોંગી કોર્પોરેટર વશરામ સાગઠીયાનો અગ્નિકાંડનો પ્રશ્ન બોર્ડમાં આગ લગાડશે:૧૦ દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકામાં આવતી કાલે જનરલ બોર્ડની બેઠક મળશે. જેમાં ટીઆરપી ઝેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડનો મુદ્દો ગાજે તેવી સંભાવના જણાય રહી છે. ભાજપ અને કોંગ્રેસના ૨૦ કોર્પોરેટરોએ જનરલ બોર્ડમાં ૪૦ પ્રશ્નો રજૂ કર્યા છે.એકમાત્ર વશરામભાઈ સાગઠીયાએ ટીઆરપી ગેમ ઝોનને કોર્પોરેશન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી કે કેમ? તે અંગે સવાલ મુકયો છે.અગ્નિકાંડ મુદ્દે વિપક્ષ બોર્ડમાં આક્રમક રહે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

કોર્પોરેશનમાં દર બે મહિને જનરલ બોર્ડની બેઠક મળે છે. જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ શહેરીજનોને અસર કરતા અલગ અલગ પ્રશ્નો પૂછે છે જેના અધિકારીઓ દ્વારા જવાબ આપવામાં આવે છે. આવતીકાલે મેયર નયનાબેન પેઢડીયા અધ્યક્ષસ્થાને મળનારી જનરલ બોર્ડની બેઠકમાં ભાજપ અને કોંગ્રેસના ૨૦ કોર્પોરેટરો ૪૦ પ્રશ્નો રજૂ કર્યા છે. સૌપ્રથમ વોર્ડ નં. ૧૦ ના ભાજપના નગરસેવિકા જ્યોસનાબેન ટીલાળાના પ્રશ્નની ચર્ચા થશે.તેઓએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રાજકોટને મળતી ગ્રાન્ટ અને છેલ્લા એક વર્ષમાં થયેલા એક્શન પ્લાનના કામો અંગે માહિતી માંગી છે.બીજા ક્રમે કોંગ્રેસના કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયાનો પ્રશ્ન છે.બોર્ડની વણલખી પરંપરા મુજબ માત્ર એક જ પ્રશ્નની ચર્ચામા પ્રશ્નોત્તરીકાળનો એક કલાકનો સમય વેડફી નાખવામાં આવે છે.આવામાં આ વખતે પણ જ્યોશનાબેન ટીલાળાના ગ્રાન્ટ અને એક્શન પ્લાન લગતા પ્રશ્નોમાં એક કલાક વેડફાઈ જાય તેવી શક્યતા નકારી શકાતી નથી. કોંગી કોર્પોરેટર વશરામ સાગઠીયાએ દેશભરમાં ચર્ચાનો વિષય બનેલા રાજકોટ અગ્નિકાંડને લગતો પ્રશ્ન રજૂ કર્યો છે.જેમાં ટીઆરપી ગેમઝોનને રાજકોટ મહાપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા, ટીપી શાખા ફુડ શાખા અને જગ્યા રોકાણ શાખા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી કે કેમ તે અંગેનું સવાલ પૂછ્યો છે. આ ઉપરાંત તેઓએ પ્રીમોનસુન કામગીરીમાં વોકળા તથા આજી નદીની કામગીરી કરવામાં આવી છે કે કેમ તેનો સવાલ પૂછ્યો છે.

ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મચ્છરજન્ય રોગચાળામાં કેટલો વધારો થયો છે તેની માહિતી પણ માંગી છે. સામાન્ય રીતે જનરલ બોર્ડમાં ગમે તેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હોય પરંતુ એક જ પ્રશ્નની ચર્ચા થાય છે. ટીઆરપી ગેમ ઝોનને લગતા વશરામભાઈ સાગઠીયાના પ્રશ્નની ચર્ચા થવાની સંભાવના ખૂબ જ નહિવત છે છતાં વિપક્ષ કોંગ્રેસ અગ્નિકાંડ મામલે બોર્ડ ગજવાના મૂડમાં હાલ દેખાય રહ્યો છે.તેઓએ જ્યારે ગેમ ઝોનમાં આગ લાગી ત્યારે કયા કયા ફાયર સ્ટેશનમાંથી પાણીના કેટલા ટેન્કરો ગયા હતા કેટલા ડ્રાઈવર અને ફાયર મેન ગયા હતા.ગેમ ઝોનને ૨૬૦ (૨)મુજબ નોટિસ આપી હતી કે કેમ તેની પણ માહિતી માંગી છે.

જ્યારે ત્રીજા ક્રમે પૂર્વ ડેપ્યુટી મેયર કંચનબેન સિદ્ધપુરાનો પ્રશ્ન છે તેઓએ છેલ્લા બે માસ દરમિયાન દબાણ હટાવ વિભાગની કામગીરીની માહિતી માંગી છે. જ્યારે ચોથા ક્રમે રહેલા કુસુમબેન ટેકવાણીના પ્રશ્નમાં તેઓએ હાલ શહેરમાં કેટલી ટીપી સ્કીમ મંજૂર કરવામાં આવી છે અને કેટલી સ્કીમો બની રહી છે. કોમ્યુનિટી હોલનું બુકિંગ ઓનલાઈન થાય છે રિફંડ રકમ કેટલા દિવસમાં મળે છે તેની માહિતી માગી છે જ્યારે પાંચમાં ક્રમે બીપીનભાઈ બેરાનો પ્રશ્ન છે તેઓએ મિલકતમાં નામ ફેર અને નળ કનેક્શનમાં નામ ફેર ની પ્રક્રિયા શું છે તેની માહિતી માંગી છે. રેસકોસ સંકુલમાં કયા કયા પ્રકારની રમત રમતની સુવિધા છે અને કેટલા નાગરિકો એનો લાભ લે છે તેની માહિતી માગી છે. જનરલ બોર્ડમાં કુલ ૨૦ નગર સેવકોએ ૪૦ પ્રશ્નો રજૂ કર્યા હોવાનું જાણવા મળે રહ્યો છે.

છેલ્લા જનરલ બોર્ડમાં લોકસભાની ચૂંટણીની આચાર સંહિતાના કારણે કોઈ નિર્ણય લઈ શકાયો ન હતો. આવતી કાલે મળનારી જનરલ બોર્ડની બેઠકમાં નાના મવા સર્કલ પાસેના પ્લોટની ફાળવણી રદ કરવા, કોર્પોરેશનની વિવિધ જગ્યાઓ ઉપર સિદ્ધિ ભરતી કે બઢતીથી નિયુક્ત થતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અનુસાર પગાર બાંધણી કરતા ઉદભવેલી વિસંગતતાઓ દૂર કરવા, દબાણ હટાવ ઈન્સ્પેક્ટરની નવ જગ્યાનો કાયમી સેટઅપમાં સમાવેશ કરવા, વોર્ડ નં.૧૨માં વાવડને લાગુ રામનગર વિસ્તારમાં પીવાના પાણીની સગવડતા આપવા, કડિયા નાકાથી નજીકના વિસ્તારમાં શ્રમિક બસેરા માટે જમીન ફાળવવા, જનરલ બોર્ડ, સ્ટેન્ડિંગ કમિટી અને ખાસ સમિતિની કાર્યવાહી સંબંધિત નિયમોમાં સુધારો કરવા વોર્ડ નાં. ૧૮ માં સ્વાતિ પાર્ક સાત રસ્તા પર આવેલા ચોકનું બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ચોક નામકરણ કરવા, વોર્ડ નં.૧૬માં કોઠારીયા મેઈન રોડ પર કેદારનાથ સોસાયટી મેઈન રોડનું ઉકાભાઈ નાનાભાઈ લાવડીયા નામકરણ કરવા તથા ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠીયા અને ચીફ ફાયર ઓફિસ ઈલેશ ખેરને ફરજમાંથી સસ્પેન્ડ કરવાનો હુકમ રજુ કરવા સહિતની દરખાસ્ત અંગે નિર્ણય લેવાશે.

# યુનિકેર હોસ્પિટલની ગંભીર બેદરકારી : કોલેજીયન યુવતીના સાજા પગનું ઓપરેશન કરી નાખ્યું

## ગંભીર બેદરકારીનો ભોગ બનનાર યુવતીએ આક્ષેપ સાથે ગાંધીગ્રામ પોલીસમાં અરજી આપી

**અબતક, રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે આવેલ યુનિકેર હોસ્પિટલની ગંભીર બેદરકારી સામે આવી છે. યુનિકેર હોસ્પિટલના તબીબે જૂનાગઢ પંથકની કોલેજીયન યુવતીના સાજા પગનું ઓપરેશન કરી નાખતા યુવતી છેલ્લા ત્રણ માસથી ખાટલા પર ઝીંદગી વિતાવી રહી છે. ડો. જીગીશ દોષીએ યુવતીનું ડાબા પગમાં થયેલ ગાંઠનું ઓપરેશન કરવાનું હતું, તેની જગ્યાએ જમણા પગની સર્જરી કરી નાંખી હતી. બાદમાં વાલીને તમારી પુત્રીને બંને પગમાં ગાંઠ હતી એટલે બંનેમાં સર્જરી કરી હોવાનો લૂલો બચાવ કર્યો હતો પરંતુ સાજા પગમાં કરેલ સર્જરીથી યુવતીને કાયમી દુખાવો રહી જતાં તબીબનો ભાંડો ફૂટ્યો હતો. જે મામલે યુવતીએ આક્ષેપ સાથે તબીબ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં અરજી આપી હતી.

બનાવ અંગે જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં આપેલ અરજીમાં જણાવ્યું હતું કે, એસ.વાય.બી.એ. નો જુનાગઢની કોલેજમાં અભ્યાસ કરે છે. ૧૦ વર્ષ પહેલાં જુનાગઢમાં ગણેશ વીસર્જન સમયે ટ્રક પલટી જતાં તેમને ડાબા પગે સામાન્ય ઈજા થયેલ હતી. જેથી જે તે વખતે કોઈ સારવાર કરાવેલ ન હતી. ત્યારબાદ ધીમે ધીમે ડાબા પગે ગોઠણથી નીચેના ભાગે દુખાવો થયા કરતો હતો. જેથી થોડાક દીવસ પહેલાં જુનાગઢ ખાતે ડો. નીકુંજ ઠુમરને બતાવેલ હતુ. જેથી તેમણે સોનોગ્રાફી કરાવવાનું કહેતાં સોનોગ્રાફી તથા એમ.આઈ.આર કરાવેલ હતું. ડો.નીકુંજ ઠૂંમરે રિપોર્ટ જોઈ જણાવેલ કે, તમારા ડાબા પગે લોહીની ગાંઠ થઈ ગયેલ છે અને તમારે આ સારવાર માટે વાસક્યુલર સર્જન ડોકટરને બતાવવુ પડશે તેવું જણાવ્યું હતું.




યુવતીએ મોબાઈલમાં ગુગલ ઉપર સર્ચ કરતાં યુનીકેર હોસ્પિટલ રાજકોટનું સરનામુ આવેલ હતું. જેથી કુટુંબી ફુવા સતીષભાઈ રીબડીયા રાજકોટ રહેતાં હોય તેમને ફોન કરી યુનીકેર હોસ્પિટલ ખાતે આયુસ્માન કાર્ડમાં વાસક્યુલર સર્જન ડોકટર દ્વારા ઓપરેશન કરી આપે છે કે, કેમ તેની ખાત્રી કરવા જણાવેલ હતું. તેમના ફુવાએ જણાવેલ કે, યુનીકેર હોસ્પિટલમાં આયુસ્માન કાર્ડમાં વાસક્યુલર સર્જરી કરવામાં આવે છે. જેથી તેણી તેના ફઈ દયાબેન વોરા સાથે તા.૦૩/૦૪/૨૦૨૪ ના યુનીકેર હોસ્પિટલ રાજકોટ બતાવવા સારુ આવેલા અને ડો. જીગીશ દોષીએ પગની તપાસ કરી આશરે ૫ દીવસની દવા આપેલ હતી. ત્યારબાદ તા.૧૦/૦૪/૨૦૨૪ ના તેણી તેના ફઈ સાથે ફરીથી બતાવવા આવેલ હતાં. જેથી ડો. જીગીશ દોષીએ જણાવેલ કે, દવાથી કોઈ રાહત થયેલ નથી જેથી દવાથી સારુ ન થાય તેમજ દુખાવો વધુ થતો હોય તો તો તમારે ઓપરેશન કરાવવુ પડશે અને તમારે જયારે ઓપરેશન કરવવાનું થાય ત્યારે મને ફોન કરી જણાવજો હું તમને તારીખ તથા ટાઈમ આપી દઈશ.

તેણીને ડાબા પગમાં દુખાવો વધુ થતો હોય, જેથી યુનીકેર હોસ્પિટલ ખાતે તા.૪/૦૪/૨૦૨૪ ના સારવાર માટે દાખલ થયેલ હતી અને જરૂરી તપાસ કરી લાગતાં વળગતાં રિપોર્ટ કરવામાં આવેલ હતાં. ત્યારબાદ તા.૨૫/૦૪/૨૦૨૪ ના તેણીનું ઓપરેશન કરેલ હતુ. બાદમાં તેણીના પિતાએ તેમને જાણ કરેલ કે, ડોકટર સાહેબે મને જણાવેલ કે તમારી દીકરીને જમણા પગમાં પણ નાની ગાંઠ હતી. જેથી તેનુ પણ ઓપરેશન કરી દીધેલ છે. ત્યારબાદ તા.૨૬/૦૪/૨૦૨૪ ના સાંજના ચારેક વાગે તેણીને રજા આપેલ હતી. ઓપરેશન બાદ તેણીના ડાબા પગમાં દુખાવો મટી ગયેલ અને સારુ થઈ ગયેલ હતું પરંતુ જમણા પગામાં ખુબ જ દુખાવો થતાં તેણી ફઈ સાથે યુનીકેર હોસ્પિટલમાં ડો. જીગીશ દોશીને બતાવવાં આવેલ હતા. ડોક્ટરે જણાવેલ કે, આરામ કરો છ મહીનામાં સારુ થઈ જશે તમારે બીજા કોઈ રીપોર્ટ કરાવવાની જરૂર નથી.પરંતુ તેણીને સારું ન થતાં જુનાગઢ ખાતે ડો. નિકુંજ ઠૂંમરને બતાવેલ હતુ. જેથી તેમણે એમ.આઈ.આર. કરાવવાનું કહેતો એમ.આઈ.આર. કરાવેલ અને રિપોર્ટ જોઈ તબીબી જણાવેલ કે, તમારા જમણા પગમાં ઓપેરશન કરતી વખતે કોઈ ભૂલ થવાથી ગાંઠણના ભાગે આવતી નસ થોડી દૂર જતી રહેલ છે. જેના કારણ તમને દુખાવો થયા કરે છે જેથી ફરીથી યુનીકેર હોસ્પિટલ પર ડો જીગીસ દોષીને બતાવવા ગયેલ તો તેઓએ આરામ કરવાની સલાહ આપેલ હતી. પરંતુ હાલ તેણીને જમણા પગમાં અસહ્ય દુખાવો થાય છે. યુનીકેર હોસ્પિટલના ડો. જીગીશ દોષીએ તેણીના ડાબા પગનું ઓપરેશન કરવાનું હતું તેની જગ્યાએ જમણા પગનું ઓપરેશન કરી નાંખી ગંભીર બેદરકારી કરી હતી અને બંને પગમાં ઓપરેશન કર્યા બાદ ગાંઠ પણ બતાવી ન હતી. જે અંગે તેણીએ આક્ષેપ સાથેની અરજી ગાંધીગ્રામ પોલીસ મથકમાં આપી હતી.

### બંને પગમાં ગાંઠ હતી એટલે બન્નેમાં સર્જરી કરી હોવાનો હોસ્પિટલનો લૂલો બચાવ



યુનિકેર હોસ્પિટલના એડમિનિસ્ટ્રેશન હેડ કાર્તિક અરવિંદકુમાર શેઠે જણાવ્યું હતું કે, દર્દી પહેલા પ્રાઈમરી કન્સલટેશન માટે આવેલા હતા. ડાબા પગમાં દુખાવો થતો હતો એટલે તબીબે દવા લખી આપેલ હતી. એક અઠવાડિયા બાદ ફરી આવેલ હતા કહ્યું હતું કે અમારે સર્જરી જ કરાવી છે, દુખાવામાં ફેર પડતો નથી. આયુષ્માન કાર્ડ સર્જરી માટે તેમને દાખલ કરેલ હતા. ડાબા પગનું ઓપરેશન કરવાનું હતું. અમે જ્યારે પ્રી ઓપરેટિવ રિપોર્ટ કરતા હોય ત્યારે સોનોગ્રાફી કરતા હોય ત્યારે એવું જાણવા મળ્યું હતું કે, ડાબા પગની સાથે ૮૦ ટકા કેસમાં જમણા પગમાં આ વસ્તુ હોઈ શકે છે. એક પગમાં નસ દબાતી હોય તો બીજા પગમાં પણ દબાતી હોઈ શકે એટલે બંને પગનું તેમને સમજાવેલ હતું કે બંને પગની સર્જરી કરવી પડશે. દર્દીની સાથે તેમના ફઈ આવેલ હતા બંનેને ડોક્ટરે સમજાવેલ હતું. બંને પગનું ઓપરેશન કરેલું છે. તેમના પરિવારજનોને સંપૂર્ણ રીતે સમજાવેલ હતું. સંપૂર્ણ સારવારની સહમતિ લીધેલ હતી.

# પ્રોફેશલન ટેક્સ ન ભરનાર ૩૪૧ એકમોને નોટિસ

## નવા ૨૨૬૦ રજીસ્ટ્રેશન થયા: કોર્પોરેશનને રૂ.૧૯.૨૧ લાખની આવક

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના નિયમ હેઠળ કોઈ પણ પ્રકારનો વ્યવસાય કરતા હોય તેમજ નોકરી કરતા હોય તે તમામ લોકોએ વ્યવસાય વેરો ભરવો ફરજિયાત છે. કોર્પોરેશન દ્વારા ૩૪૧ આસામીઓને નોટીસ ફટકારી ૨૨૬૦ નવા રજીસ્ટ્રેશન કર્યા છે અને આ વર્ષે અત્યાર સુધી ૧૯.૨૧ લાખની આવક ઉભી કરી છે. નવું રજીસ્ટ્રેશન કરાવવા માટે અને ચડત વ્યવસાયવેરો બાકી હોય તેવા આસામીઓ વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ત્રણ માસ દરમિયાન ૩૪૧ આસામીઓને ચડત વ્યવસાય વેરો ભરવા નોટીસ આપવામાં આવી છે. જ્યારે ત્રણ માસમાં જાન્યુઆરી મહિનામાં ૨૬૪ ફેબ્રુઆરીમાં ૪૫૮ માર્ચ મહિનામાં ૫૧૮ અને એપ્રિલ માસ દરમિયાન ૧૦૨૦ નવા વ્યવસાયવેરાના રજીસ્ટ્રેશન કરવામાઁ આવ્યા છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન છેલ્લા ચાર માસમાં મહાનગરપાલિકાની વ્યવસાયવેરા પેટે ૧૯.૨૧ લાખની આવક થઈ છે. જે ગત વર્ષ કરતા ૯ લાખ વધુ હોવાનું જણાવ્યું હતું. ચાલુ વર્ષ દરમિયાન વ્યવસાય વેરા માટે હવે દરેક ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોને પણ આવરી લેવામાં આવ્યા છે. કારખાનામાં કામ કરતા તમામ શ્રમિકોનો વ્યવસાયવેરો માલીક દ્વારા ભરવો ફરજિયાત છે. આથી નવી ઝુંબેશમાં દરેક કારખાનામાં કામ કરતા કામદારોનું લીસ્ટ તૈયાર કરવા માટેની સુચના આપવામાં આવી છે. અને તે મુજબ વ્યવસાયવેરાનું રજીસ્ટ્રેશન કરાવી ચાલુ વર્ષનો વ્યવસાયવેરો ભરવા માટેની સુચના પણ અપાઈ છે.

# પ્રાકૃત્તિક કૃષિ પદ્ધતિમાં ૯૦% પાણી-વીજળીની બચતથી જગતાતને ફાયદો

## ખેડૂતોને ગુણવત્તાયુક્ત પાક ઉત્પાદનથી સારા ભાવ મળતા ઘણો આર્થિક ફાયદો મળે

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને જમીનને નંદનવન બનાવી. ગુણવત્તાયુક્ત અને વધુ ઉત્પાદન મેળવીને સમૃદ્ધ બને તેના માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં તેમજ દેશમાં અનેક ખેડૂતો ઝેરી રસાયણયુક્ત તેમજ સજીવ ખેતીના દુષ્પરિણામો જોઈ ચૂક્યા છે અને તેને છોડીને હવે પ્રાકૃતિક કૃષિ અપનાવવા લાગ્યા છે, ત્યારે પ્રાકૃતિક કૃષિના અનેકવિધ ફાયદાઓ વિવિધ અભ્યાસો તથા ખેડૂતોના અનુભવોમાં સામે આવ્યા છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રાકૃતિક ખેતીને મહત્વ આપી રહ્યા છે, તેઓના માર્ગદર્શન હેઠળ કૃષિ અને બાગાયત વિભાગ દ્વારા અનેક વિવિધ ખેતીલક્ષી યોજનાઓનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે.

જે મુજબ, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ કુદરત, વિજ્ઞાન, અધ્યાત્મ તેમજ અહિંસા આધારિત શાશ્વત કૃષિ પદ્ધતિ છે. આ પદ્ધતિમાં ખેડૂતોએ રાસાયણિક ખાતર, છાણિયું ખાતર, જૈવિક ખાતર, અળસિયાનું ખાતર, તેમજ ઝેરી કિટનાશક, રાસાયણિક નિંદણનાશક દવાઓ, રાસાયણિક ફૂગનાશક દવાઓ નાખવાની નથી. ફક્ત એક દેશી ગાયની મદદથી આ કૃષિ કરી શકાય છે. જમીન પિયત કે બિનપિયત હોય, પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં પાક ઉત્પાદન રાસાયણિક તેમજ સજીવ ખેતી પદ્ધતિ કરતા વધારે થાય છે. આમ પાક ઉત્પાદન ઝેરમુક્ત, ઊંચી ગુણવત્તાવાળું, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે. આ ગુણોને કારણે વપરાશકર્તા દ્વારા તેની માગ સારી હોવાના કારણે ભાવ સારો મળે છે.

રાસાયણિક તેમજ સજીવ ખેતીથી મનુષ્ય, કૃષિ, પશુ-પક્ષી, પાણી તેમજ પર્યાવરણનો વિનાશ થાય છે. જ્યારે પ્રાકૃતિક કૃષિથી આ બધાનો વિનાશ અટકે છે અને કુદરતી સંસાધનોની શાશ્વતતા વધે છે.પ્રાકૃતિક કૃષિનું સૂત્ર છે: ગામના પૈસા ગામમાં, શહેરના પૈસા ગામમાં. આમ અનેકવિધ ફાયદાઓ જોતાં પ્રાકૃતિક કૃષિ અપનાવવી ખેડૂતો માટે હિતકારી છે.

# બેંક લોનના હપ્તા નહિ ચૂકવી શકતા કારખાનેદારે ક્લોરોફોર્મ પીધું

## અલગ-અલગ બેન્કોમાંથી અંદાજીત રૂ.૫૦ લાખની લીધા બાદ ધંધો નહિ ચાલતા પગલું ભરી લીધાનું તારણ

**અબતક,રાજકોટ**

શહેરના રાજમોતી મિલ નજીક મફતીયા પરામાં રહેતા યુવકે રાજમોતી મીલની સામે આવેલા કારખાનામાં ક્લોરોફોર્મ પી જતા તેને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયો છે.યુવકે વિવિધ બેન્કોમાંથી ધંધા પેટે રૂ/-૫૦ લાખની રકમની લોન લીધી હોય પરંતુ ધંધામાં મંદીના કારણે લોનના હપ્તા ન ચૂકવી શકાતા યુવકે પગલું ભર્યું હતું.શહેરના રાજમોતી મિલ નજીક મફતિયાપરામાં રહેતા કિશનભાઈ જેન્તીભાઈ વાઘેલા (ઉં.વ.૨૮) નામના યુવકે આજરોજ બપોરના એકાદ વાગ્યાના અરસામાં પોતે પોતાના કારખાને હતો ત્યારે, ક્લોરોફોર્મ પી જતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકે ધંધામાં રોકાણ હેતુથી અલગ અલગ બેંકમાંથી અલગ અલગ લોન મૂકી હોય,જેની કુલ રકમ અંદાજે ૫૦ લાખ રૂપિયા હોય અને બંગડીના કારખાનામાં મંદી હોવાથી તે લોનના હપ્તાની ચુકવણી ન કરી શકાતા ચિંતામાં યુવકે કલોરોફોમ પી લીધું હતું.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.યુવકને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

# આર.ટી.ઓ.માં વારંવાર ટ્રેક બંધ થતા નવા સોફ્ટવેર વસાવા કોંગ્રેસની માંગ

**અબતક, રાજકોટ**

દેશ હાલ ટેકનોલોજીમાં હરણફાળ તરફ આગળ ધપી રહ્યું છે. ડિજીટલ ઈન્ડીયા વચ્ચે આરટીઓનો ટ્રેક છેલ્લે ૬૦ દિવસમાં ૧૮ થી વધુ વખત બંધ થતા કયારેક ટ્રેકમાં આવતી ક્ષતિને પગલે બંધ હોવાથી હજારો વાહન ચાલકોને દૂર-દૂરથી ધક્કાઓ થાય છે. રાજકોટ સહિત અન્ય શહેરોમાં પણ છાશવારે ક્ષતિઓ થવા છતાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા કોઈ નક્કર પગલા ભરવામાં આવતા નથી.

આરટીઓમાં જુનવાણી ટ્રેક અને સિસ્ટમના કારણે રાજકોટ સહિત ટેકનીકલ ખામીઓ ઉભી થઈ રહી છે. આર.ટી.ઓ.માં રાજકોટમાં જે ટ્રેક હાલમાં છે તે વર્ષ-૨૦૧૩ વખતની ટેકનોલોજી મુજબના છે અને તેની સાથેની લીંકઅપ થયેલી સીસ્ટમ પણ જુનવાણી છે. પોર્ટલમાં આવતી એરરની સમસ્યાઓને પગલે વાહન ચાલકોને ભારે યાતનાઓ ભોગવવી પડે છે. આર.ટી.ઓ.માં સામાન્ય કામો માટે વાહન ચાલકોને આખો દિવસ થવા છતાં ક્યારેય કામ થતું નથી. અત્યાર સુધીની બાઈક રી-પાર્સીંગની ફી રૂા.૩૦૦/- હતી. જેની ફી હવે રૂા.૧૦૦૦/- લેવાશે. જ્યારે કાર રી-પાર્સીંગની ફી અત્યાર સુધી રૂા.૬૦૦/- લેવાતી હતી તે હવેથી રૂા.૫૦૦૦/- લેવાશે રજીસ્ટ્રેશન ફી અને દંડનીય રકમમાં તોતીંગ વધારો કરવામાં આવેલ છે. તેમ છતાં આરટીઓના ટ્રેક જુનવાણી છે.

આરટીઓમાં મહેકમ મુજબ જગ્યાઓ તાત્કાલીક ભરવામાં આવે અને આરટીઓના તમામ કામ પરમેનેન્ટ સ્ટાફ કરે એ માટે સ્ટાફની કાયમી ધોરણે નિમણૂંક કરવામાં આવે. તમામ પ્રકારની ફીમાં ઘટાડો કરવામાં આવે. આરટીઓનું તમામ કામ આરટીઓની અંદર કરી આપવામાં આવે આ માટે હેલ્પ ડેસ્કની રચના કરવામાં આવે. સીસીટીવી કેમેરા ત્યાં મુકવામાં આવે અને તે સમયાંતરે જોવામાં આવે એવી રાજકોટ શહેર કોંગ્રેસની માંગ છે.

# જિલ્લાના ૫૯૫ ગામોના વોટર હેડવર્કસ પંપ ઓપરેટરોને તાલીમ અપાઈ

## ૫૭૫ વોટર ફિલ્ડ ટેસ્ટ કીટનું વિતરણ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મો દ્વારા ગામે-ગામ પૂરતા પાણીનું વિતરણ થાય તે માટે કાર્યરત હેડવર્કસ પર વોટર પંપ ઓપરેટરોને ખાસ તાલીમ આપવામાં આવી છે. જેમાં રાજકોટ જિલ્લાના ૫૯૫ ગામોના ૬૨૫ ઓપરેટરોને ૧૭ બેચમાં પંપ ઓપરેટ કરવાના સાધનો, તેની કામગીરી વગેરે વિષે વિસ્તારપૂર્વકની પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. તો, ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની તપાસ માટે વાસ્મો દ્વારા હાલ સુધીમાં ૫૭૫ ફીલ્ડ ટેસ્ટ કીટ વિતરિત કરી પાણીમાં બેકટેરીયા- રસાયણો વગેરેની તપાસણી કરવા અંગે તમામ ઓપરેટરોને વિશેષ તાલીમ આપવામાં આવી છે.

# મિશન શક્તિ સ્કીમ એનરોલમેન્ટ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભુપગઢમાં બાળકોને ગુડ ટચ, બેડ ટચથી માહિતગાર કરાયા

**અબતક, રાજકોટ**

ગ્રામીણ ક્ષેત્રે બાળકોને શિક્ષણનો અધિકાર મળે તેમજ ગ્રામીણ વિકાસમાં મહિલાઓનું પણ પ્રદાન મળે તે માટે રાજ્ય સરકાર અનેકવિધ પગલાંઓ લઈ રહી છે. ત્યારે આજરોજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ સંકલ્પ ડીએચઈડબલ્યૂ- રાજકોટ ટીમ દ્વારા મિશન શક્તિ યોજના હેઠળ ૧૦૦ દિવસની વિશેષ જાગૃતિ કમ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અંતર્ગત ''મિશન શકિત સ્કીમ એનરોલમેન્ટ સપ્તાહ''ની ઉજવણી અન્વયે રાજકોટ જિલ્લાના ભુપગઢ ગામે માધ્યમિક શાળાના બાળકો સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત બાળકોને ગુડ ટચ બેડ ટચ, બાળકોને ૧૦૯૮ ચાઈલ્ડ લાઈન, અભયમ મહિલા હેલ્પલાઈન ૧૮૧, પોલીસ હેલ્પલાઈન ૧૦૦ નંબર, ઈમર્જન્સી હેલ્પલાઈન ૧૦૮, જેવી ઉપરોકત માહિતી સાથે મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે ચાલતી યોજનાની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સબંધિત અધિકારીઓ, શાળાના બાળકો, શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર ધમ્મિકા નિરોશનાની ગોળી મારી હત્યા

## હત્યારાએ નિરોશન પર શા માટે ગોળી ચલાવી તેનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, આરોપી ફરાર: આંબલાંગોડા પોલીસ ગુનેગારને પકડવા તજવીજ હાથ ધરી

**૨૦૦૨ના અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં નિરોશને ૫ ઈનિંગ્સમાં ૧૯.૨૮ની એવરેજથી ૭ વિકેટ લીધી હતી**

**અબતક, શ્રીલંકા**

શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર ધમ્મિકા નિરોશનાની મંગળવારે રાત્રે અંબાલાંગોડામાં તેના ઘરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ચોંકાવનારી ઘટનાથી ક્રિકેટ સમુદાય અને શ્રીલંકા શોકમાં ડૂબી ગયું છે. સ્થાનિક પોલીસે પુષ્ટિ કરી છે કે એક અજાણ્યા હુમલાખોરે નિરોશનના ઘરમાં ઘૂસીને તેને ગોળી મારી દીધી હતી, જ્યારે તે તેની પત્ની અને બે બાળકો સાથે હતો.હત્યારાએ નિરોશન પર શા માટે ગોળી ચલાવી તેનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી અને આરોપી ફરાર છે. આંબલાંગોડા પોલીસ હાલમાં ગુનેગારને પકડવાનો પ્રયાસ કરી રહી છે અને કેસની તપાસ ચાલુ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી ૧૨ બોરની બંદૂક લઈને આવ્યો હતો.૪૧ વર્ષીય નિરોશને અંડર-૧૯ સ્તરે શ્રીલંકાનું પ્રતિનિધિત્વ કર્યું, તેણે ૨૦૦૦માં સિંગાપોર સામે ડેબ્યૂ કર્યું. તેણે બે વર્ષ સુધી અંડર-૧૯ ટેસ્ટ અને ઓડીઆઈ ક્રિકેટ રમી અને દસ વખત ટીમનું સુકાની પણ



કર્યું. નિરોશન રાઈટ હેન્ડ ફાસ્ટ બોલર અને રાઈટ હેન્ડ બેટ્સમેન હતો. ૨૦૦૨ના અંડર-૧૯ વર્લ્ડ કપમાં નિરોશને ૫ ઈનિંગ્સમાં ૧૯.૨૮ની એવરેજથી ૭ વિકેટ લીધી હતી.નિરોશન તેની કારકિર્દી દરમિયાન સારો બોલર હતો. અંડર-૧૯ પછી, તેણે સ્થાનિક શ્રીલંકાની ટૂર્નામેન્ટમાં તેની ક્રિકેટ સફર ચાલુ રાખી. તે ચિલાવ મેરીઅન્સ ક્રિકેટ ક્લબ અને ગાલે ક્રિકેટ ક્લબ માટે પણ રમતો જોવા મળ્યો હતો. ક્રિકેટરના મૃત્યુ બાદ તેનો પરિવાર શોકમાં છે. ધમ્મિકા નિરોશન જોન્ટીના નામથી પણ ફેમસ હતો. તેનો જન્મ ૨૨ ફેબ્રુઆરી ૧૯૮૩ના રોજ ગાલેમાં થયો હતો. તેણે કુલ ૧૨ ફર્સ્ટ ક્લાસ મેચ રમી હતી, જેમાં તેના નામે ૨૬૯ રન અને ૧૯ વિકેટ હતી. ૮ લિસ્ટ એ મેચમાં તેણે ૪૮ રન બનાવ્યા અને ૫ વિકેટ પણ લીધી.

# લોકમેળાનું આકર્ષક નામ આપો અને પુરસ્કાર મેળવો

## રાજકોટના લોકમેળાને આગવી ઓળખ આપતા આકર્ષક શીર્ષક આપવા નગરજનોને ઈજન : ઈ-મેઈલથી તા.૩૧ સુધી એન્ટ્રી મોકલી શકાશે, વિજેતા સ્પર્ધકને પુરસ્કૃત કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં રેસકોર્સના મેદાનમાં આગામી જન્માષ્ટમી નિમિત્તે તા.૨૪ ઓગસ્ટ, ૨૦૨૪ થી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનારા લોકમેળાનું આકર્ષક શીર્ષક મેળવવા માટે સ્પર્ધા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં આકર્ષક શીર્ષક આપનારા સ્પર્ધકને પુરસ્કારથી નવાજવામાં આવશે.



રાજકોટ શહેરમાં પ્રતિવર્ષ પવિત્ર શ્રાવણ માસના રાંધણ છઠથી લોકમેળો યોજવામાં આવે છે. આ મેળાનું સમગ્ર આયોજન રાજકોટ જિલ્લા લોકમેળા સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષનો લોકમેળો તા.૨૪ ઓગસ્ટ થી તા. ૨૮ ઓગસ્ટ સુધી યોજાનાર છે. આ મેળાનું શીર્ષક મેળવવા માટે સ્પર્ધા યોજવામાં આવનાર છે. રાજકોટ, સૌરાષ્ટ્રની આગવી ઓળખ પ્રતિબિંબિત કરતા શીર્ષક એટલે કે 'રંગીલો લોકમેળો', 'થનગનાટ લોકમેળો','જમાવટ લોકમેળો', 'કાઠીયાવાડી લોકમેળો', આ પ્રકારના શીર્ષક ટૂંકું, આકર્ષક, શિષ્ટ, મનોગમ્ય હોવું જોઈએ. વધુમાં વધુ બે શીર્ષક મોકલી શકાશે. સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિ, પરિવેશ, રહેનસહેન, લોકજીવનને અનુરૂપ હોવું જોઈએ.

એન્ટ્રી મોકલનારા સ્પર્ધકે સુવાચ્ય અક્ષરમાં પોતાનું નામ, સરનામું, સંપર્ક નંબર લખવાનો રહેશે. ઈમેઈલથી મોકલનાર સ્પર્ધકે પણ સરનામુ અને સંપર્ક નંબર અચૂક લખવાનો રહેશે. આ સ્પર્ધામાં કોઈ પણ ભાગ લઈ શકશે.

પ્રાપ્ત થયેલી એન્ટ્રીમાંથી લોકમેળા સમિતિ દ્વારા આખરી શીર્ષક પસંદ કરવામાં આવશે. પસંદગી બાબતે લોકમેળા સમિતિનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધકે પોતાની એન્ટ્રી ઈ-મેઈલ lokmelarajkotgmail.com પર તા. ૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં મોકલવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલી એન્ટ્રી ધ્યાને લેવામાં આવશે નહીં તેમ જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં જણાવાયું છે.

# મિત્રને મળવા જતાં આધેડને રસ્તામાં જ કાળ ભેટ્યો

## શાપરથી રાજકોટ આવતી વખતે બાઈક સ્લિપ થતાં સર્જાયો જીવલેણ અકસ્માત

**અબતક/રાજકોટ**

શાપરમાં રહેતા આધેડ રાજકોટમાં મિત્રને મળવા આવતા હતા ત્યારે ગોંડલ ચોકડી નજીક બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા આધેડે દમ તોડતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ બિહારના વતની અને હાલ શાપરમાં આવેલી શાંતિધામ સોસાયટીમાં રહેતા વિનોદભાઈ નરેશભાઈ રાય નામના ૫૦ વર્ષના આધેડ બે દિવસ પૂર્વે સાંજના સાડા છએક વાગ્યાના '' અરસામાં પોતાનું બાઈક લઈ રાજકોટમાં કાનાભાઈનામફતીયાપરામાં રહેતા મિત્રના ઘરે આવતા હતા ત્યારે ગોંડલ ચોકડી પાસે બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં ઘવાયેલા આધેડને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં આધેડનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.પ્રાથમિક પૂછપરછમાં મૃતક વિનોદભાઈ એક બહેનમાં મોટા હતા અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સરકારી મેડીકલ કોલેજમાં ફી ઘટાડાના નિર્ણયને આવકારી મુખ્યમંત્રી આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલનો આભાર માનતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

**અબતક, રાજકોટ**




ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી (GMERS) ની ૧૩ મેડીકલ કોલેજમાં સરકાર દ્વારા સરકારી તથા મેનેજમેન્ટ કોટાની ફી માં ઘટાડો કરવા નેશનલ મેડીકલ ઓર્ગેનાઈઝેશન તથા ડોકટર ધારાસભ્યઓ તેમજ એબીવીપી દ્વારા રજૂઆત કરવામાં આવેલ સરકાર દ્વારા આ રજુઆતને ધ્યાને લઈ એમબીબીએસ ની એક વર્ષની ફી ૫.૫૦ થી ઘટાડીને ૩.૭૫ લાખ તથા મેનેજમેન્ટ કોટાની ૧૭ લાખ ઘટાડી ૧૨લાખ કરવાનો નિર્ણય કરેલ છે.

આ સંદર્ભમાં લેવાયેલ નિર્ણયને વિધાનસભા -૬૯ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ એ આવકારી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ નો આભાર માનેલ છે. અને એમબીબીએસના વિદ્યાર્થીમાં હિતમાં કરાયેલ સંવેદનશીલ નિર્ણય ને આવકારેલ છે.

# જગતમંદિરે કુંડલા ભોગ મનોરથ યોજાયો

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા,**

યાત્રાધામ દ્વારકામાં આવેલ સુપ્રસિધ્ધ દ્વારકાધીશ જગતમંદિરમાં દિન-પ્રતિદિન ધ્વજાજી આરોહણની સાથોસાથ શ્રીજીને ભોગ મનોરથનું નું મહાત્મ્ય વધતું જોવા મળ્યું છે.



છેલ્લાં એક પખવાડિયામાં આંબા મનોરથ, કુંડલા ભોગ, છપ્પનભોગ, અન્નકૂટ મહોત્સવ સહિત ૧૧ જેટલા મનોરથો ભાવિકો દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી યોજવામાં આવ્યા હતા. ઠાકોરજીના ઉત્થાપન સમયે પણ શ્રીજીના ભાવિક ભકત પરિવાર દ્વારા યોજાયેલ કુંડલા મનોરથમાં બહોળી સંખ્યામાં ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતોએ આ દિવ્ય દર્શનનને નિહાળ્યા હતા.

# જેતપુરઃબાંધકામની સાઈટ પરથી ૪૭ હજારના વાલ્વની ચોરી

**અબતક, રાજકોટ**

ચોરીના વધતા જતા ગુન્હાની વચ્ચે જેતપુરમાં વધુ એક ચોરીનો બનાવ બન્યો છે. જેમાં ગત તારીખ ૧૨ની રાત્રે ત્રિરંગા બંગલાની પાછળ વૃંદાવન પાર્કમાં ચાલતી બાંધકામની સાઈટ પરથી એક મહિલાએ રાત્રે ૯ વાલની ચોરી કરી હતી જે વાલની અંદાજે કિંમત ૪૭૦૦૦ જેટલી છે. અને બીજા બનાવમાં પારડી ગામે પડવલા રોડ પરથી બાઈકની પણ ચોરી થઈ હતી બંને બનાવની પોલીસ ચોપડે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જેતપુરના વૃંદાવન પાર્કમા નરેશભાઈ ભુવનભાઈ ભુવા નામના વેપારીની બાંધકામની સાઈટ ચાલુ હોઈ જેમાં મીનાબેન ચંદુભાઈ સોલંકી નામની મહિલાએ ગત તા. ૧૨ની મોડી રાત્રે મેઈન ગેટ તોડીને ચાલુ બાંધકામની સાઈટ પરથી ફિટિંગ કરેલા પ્લાસ્ટિકના પાઈપ લાઈન તોડીને નુકશાન કર્યું હતું

# જેતપુરમાં અનૈતિક સંબંધમાં પ્રેમિકાના પતિને મોતને ઘાટ ઉતારનાર મનોજ બિંડની ધરપકડ

## સાતેક વર્ષથી આડા સંબંધ ધરાવતી મહિલાના પ્રેમીએ લગ્ન કરવા માટે પતિ પર જીવલેણ હુમલો કરી રેલવેના પાટા પર સુવડાવી દીધાનો ખુલાસો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં અનૈતિક સંબંધનો કરુણ અંજામ આવ્યો છે. લાંબા સમયથી આડા સંબંધ ધરાવતી મહિલાના પ્રેમીએ જ પતિને ગંભીર ઈજાઓ પહોંચાડી ટ્રેનના પાટા પર સુવડાવી દઈ પરિવારને જાણ કરી હતી. જે બાદ યુવકની જેતપુર, જૂનાગઢ અને અમદાવાદ ખાતે સારવાર ચાલી હતી પરંતુ ઈજાઓ જીવલેણ નીવડતા યુવકનું મોત નીપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. જે બાદ પ્રેમીએ પ્રેમિકાને ઘટનાની જાણ કરતા અંતે મામલામાં પ્રેમી વિરુદ્ધ ગુનો નોંધી જેતપુર સીટી પોલીસે મનોજ બિંડની ધરપકડ કરી છે.

જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં મીતા બબલુભાઈ મનુભાઈ બિંડએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી પાંચેક વર્ષ પૂર્વે તેનો પતિ બબલુ મનોજભાઈ બિંડ મૂળ વતન મિર્ઝાપુર, ઉત્તરપ્રદેશ ખાતેથી મજૂરી કામ કરવા માટે જેતપુર આવેલ હતા અને જેતપુરના જુના પાંચ પીપળા રોડ પર રહેતા હતા. ત્રણેક વર્ષ પૂર્વે પત્ની અને સંતાનોને પણ જેતપુર ખાતે બોલાવીને પરિવાર સાથે રહેતો હતો. બબલુ બિંડને સંતાનમાં એક દીકરો અને બે દીકરીઓ છે. ફરીયાદીના બંને ભાઈ રાજેશ અને કમલેશ તથા તેમના ગામનો જ વતની મનોજ વિજય બિંડ અને સુનિલ એક સાથે જ રહેતા હતા.



ગત તા. ૨૬ જૂનના રોજ મૃતક બબલુ ભીંડ એમ્પોરીયમ ટેકસટાઈલ કારખાને કામે જવા નીકળ્યો હતો. જે બાદ તા. ૨૭ જૂનના રોજ વહેલી સવારે ૫ વાગ્યાં આસપાસ મનોજ બિંડએ ફરિયાદીને આવીને કહેલ કે, બબલુ ટ્રેનના પાટા પાસે બેભાન હાલતમાં પડેલ છે. જેથી પત્ની જોવા જતાં રેલવેના પાટા પાસે જતાં બબલુ લને માથાના ભાગે લોહી નીકળતું હતું અને શરીરે ઈજાના નિશાન જોવા મળ્યા હતા. જેથી મનોજ અને જુના ઠેકેદાર અનુભાઈ બબલુને સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયાં હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર બબલુને જૂનાગઢ સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૩ દિવસ સુધી વેન્ટિલેટર પર રાખ્યા બાદ તા. ૨ જુલાઈના રોજ બબલુનું મોત નીપજ્યું હતું.

જે બાદ મૃતકની પત્ની અને મનોજ બબલુની લાશને વતન લઈ જવા પ્રાયવેટ એમ્બયુલન્સમાં નીકળ્યા હતા. તેમના વતનથી થોડે દૂર જ રસ્તામાં ચનાઈ ગામ ખાતે મનોજ એમ્બયુલન્સ માંથી ઉતરી ગયો હતો અને મારે અહીંયા થોડું કામ છે તેવું જણાવ્યું હતું. જેથી મૃતકની પત્ની લને શંકા ગઈ હતી. મૃતકની વતનમાં અંતિમવિધિ પૂર્ણ કરીને મિતા બિંડ તેની બંને પત્નીને પરત લેવા જેતપુર આવવા મનોજ સાથે નીકળી હતી. ત્યારે ટ્રેનમાં મનોજે કહ્યું હતું કે, હવે તું રડતી નહિ, હુ તારી સાથે લગ્ન કરીશ અને તારા છોકરાનો પણ સંભાળી લઈશ. જેથી મિતાએ આવું બોલવાની ના પાડતા મનોજે કહ્યું હતું કે, આપડી બંને વચ્ચે છેલ્લા સાતેક વર્ષથી સંબંધ છે,

હુ તને ખુબ જ પ્રેમ કરૂ છું આથી મે તારી સાથે લગ્ન કરવા માટે જ મે તારા પતિને મારી નાખેલ છે અને હવે હુ તારી સાથે લગ્ન કરી લઈશ. સમાજમાં બદનામીના ડરે થોડા દિવસ સુધી જે તે સમયે ફરીયાદ નહિ કર્યા બાદ અંતે મૃતકની પત્નીએ પ્રેમી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે.

ત્યારે જેતપુર પોલીસે ચોક્કસ બાતમીના આધારે જેતપુરના જીમખાના ગ્રાઉન્ડમાંથી પ્રેમી મનોજ બિંડની ધરપકડ કરી છે. સમગ્ર મામલે પ્રેમીની આકરી પૂછપરછ કરતા તે મૃતકની પત્ની સાથે આડા સબંધ ધરાવતો હોય અને તેની સાથે લગ્ન કરવા માંગતો હોય જેથી બબલુની હત્યાના ઈરાદે જીવલેણ ઈજા પહોંચાડી હતી પરંતુ બબલુ જીવતો રહી જતાં સારવાર સાહિતનું નાટક કર્યું હતું.

(પહેલા પાનાનું ચાલું)

### વરસાદ...

ઈંચ, કુતિયાણામાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. માધવપુરમાં પણ ગઈકાલે વહેલી સવારે ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

જામનગર શહેરમાં ભારે ઉકળાટ બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. દ્વારકા જિલ્લામાં પણ નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. ખંભાળીયામાં અઢી ઈંચ અને કલ્યાણપુરમાં પણ અઢી ઈંચ વરસાદ નોંધાયો હતો.

ભાવનગરમાં મોડી રાત્રે ગારીયાધર, તળાજા અને જેસર તાલુકામાં બે-બે ઈંચ વરસાદ પડ્યો હતો તો મહુવામાં પણ એક ઈંચ વરસાદ વરસ્યો હતો. કચ્છ જિલ્લાના અબડાસામાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ગાંધીધામમાં પણ તોફાની પવન સાથે વરસાદનો માહોલ સર્જાયો હતો. અબડાસામાં વિજળી ત્રાટકતા ૨૩ બકરીઓના મોત નિપજ્યા હતા.

(ત્રીજા પાનાનું ચાલું)

### મુખ્યમંત્રી...

ગુજરાત-શિઝુઓકા સંબંધોનો સેતુ વધુ ફળદાયી બનાવવા માટે વેપાર, ઉધોગ ક્ષેત્રે એમ ઓ યુ કરવાની તત્પરતા પણ તેમણે દર્શાવી હતી.

મુખ્યમંત્રી સાથેની આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં ગુજરાતમાં જાપાનના ઓનરરી કોન્સ્યુલ મુકેશ પટેલ, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, ઊધોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ .જે. હૈદર, મુખ્યમંત્રીના ઓ.એસ.ડી. એ.બી. પંચાલ તેમજ ઈન્ડેક્ષ-બી ના એમ.ડી. ગૌરાંગ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીએ ડેલિગેશનના હેડ શ્રીયુત્ત આત્સુયુકી રાચીને કચ્છી હસ્તકલા કારીગરીની સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

### તાજીયા...

કોડીનારના વિશાળ તાજીયા નું જુલુસ અને દફનવિધિ માં મુસ્લિમો સાથે હિન્દુ સમાજ પણ ખંભા મિલાવીને જોડાશે સૌરાષ્ટ્ર ભરમાં તાજીયા ની દફનવિધિ બાદ મહોરમના દસ દિવસના શહીદ પર્વની પુર્ણાહુતિ થશે.

### ઘેલા સોમનાથ...

કરવામાં આવે છે.વધુ વિગતો માટે શ્રી એચ.આર. મકાણી, વહીવટદાર ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ મો. ૯૭૨૪૬ ૦૬૧૦૧નો સંપર્ક કરવાનો રહેશે.

આ હરરાજીમાં જોડાવા માટે અગાઉ સ્થળ પર જઈને તમામ જ્ગ્યાનું સ્થળ નિરીક્ષણ જે-તે પાર્ટીએ કરી લેવાનું રહેશે. જગ્યા જે સ્થિતીમાં છે તે જ સ્થિતીમાં ઉપયોગ કરવાનો રહેશે અને મંદિર ટ્રસ્ટને પરત સોંપવાનું રહેશે. જ્યાં વિજકનેકશનની જરૂરીયાત હશે તે જગ્યાએ લાઈટ કનેકશન જે તે પાર્ટીએ લેવાનું રહેશે. વિજકનેકશન મેળવવા માટે મંદિર ટ્રસ્ટ તરફથી સહયોગ આપવામાં આવશે. તમામ સ્થળની હરરાજી અલગ-અલગ કરવામાં આવશે.

હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ સિકયોરીટી તરીકે ખેતીલાયક જમીનના ૭/૧૨, ૮-અ રજૂ કરવાના રહેશે. ભાગ લેવા ઈચ્છુક વ્યકિત/પાર્ટીએ ડિપોઝીટ પેટે રૂ.૧,૫૧,૦૦૦/- હરરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાના રહેશે. ત્યાર બાદ જ હરરાજીમાં ભાગ લઈ શકશે.હરરાજીમાં ભાગ લેનાર સૌથી ઉંચી બોલી બોલનાર પાર્ટીએ આખરી બોલીની ૫૦ % રકમ હરરાજી પૂર્ણ થયા બાદ તુરંત ભરપાઈ કરવાની રહેશે અને બાકીની ૫૦% રકમ શ્રાવણ માસના ૧૫ દિવસ પૂર્ણ થયે ભરપાઈ કરવાની રહેશે. આ અંગે આખરી નિર્ણય ઉપાધ્યક્ષ, ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ અને નાયબ કલેકટર, જસદણનો રહેશે તેમ ઉપાધ્યક્ષ, ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

(ચોથા પાનાનું ચાલું)

### કાન્તા સ્ત્રી વિકાસ...

શાળામાં હાલ બાલ મંદિરથી ધો. ૮ સુધીમાં વિવિધ વર્ગોમાં બે હજારથી વધુ છાત્રાઓ અભ્યાસ કરી રહી છે. કાર્યક્રમમાં ટબુકડા બાળ દોસ્તોના ફેશન શો એ સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં તમામ ગુજરાતી ગીતોનો સમાવેશ કરીને બાળકોમાં ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ વધાર્યો હતો.

### એસજીવીપી...

આ પ્રસંગે એસજીવીપી દર્શન હોસ્ટેલમાં બિરાજીત ઘનશ્યામ મહારાજને વલ્કલ મુંજની મેખલા પલાશનો દંડ, કમંડલુ ભિક્ષાપાત્ર ધરાવી પૂજન કર્યુ હતુ.

ચાતૂર્માસ શરૂ થઈ રહ્યો છે ત્યારે ફકત ભગવત પ્રસન્નાર્થે તેમજ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી એસજીવીપી હોસ્ટેલ અને દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ કઠિનમાં કઠિન જેવા કે ધારણા પારણા કરવા, ચાંદ્રાયણ વ્રત કરવું, ચારેય માસ સુધી એકટાંણા કરવા વગેરે નિયમો ધારણ કર્યા છે. ઉપરાંત ઠાકોરજીને દંડવત,પ્રદક્ષિણાકરવી, સ્તોત્ર પાઠ કરવા, જનમંગલ સ્તોત્ર પાઠ કરવા, ગીતાજી પાઠ કરવા તેમજ વંદુ સહજાનંદ રસરૂપ કિર્તનને ૨૦૦ વર્ષ પુરા થાય છે ત્યારે તેના પાઠ કરવા વગેરે નિયમો ધારણ કર્યા છે.

ઉપરાંત દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ભણતા ૨૫ જેટલા સંતોએ પણ ચાંદ્રાયણ વગેરે કઠિન વ્રતો ધારણ કર્યા છે.

### જીનીયસ ગ્રુપ...

બાબતોની સાવચેતી અને સમજદારીપૂર્વકનું ડ્રાઈવીંગ માર્ગ અકસ્માતોની સંભવીતતાને ઘટાડવા મુખ્ય ભાગ ભજવે છે.

બસ ડ્રાઈવરોમાં માર્ગ સલામતી અને જવાબદાર ડ્રાઈવિંગ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા, માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરીને સલામતીમાં વધારો કરવા માટે યોજાયેલ આ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપવા બદલ બ્રહ્માકુમારીના સુભાષભાઈ અને કિંજલ દીદીનો જીનિયસ સ્કૂલના કેમ્પસ ઈન્ચાર્જ દર્શનભાઈ પરિખ, જીનિયસ ગ્રુપના ચેરમેન ડી.વી. મહેતા, અને સીઈઓ ડીમ્પલબેન મહેતા એ આભાર વ્યકત કર્યો હતો.

### રઘુવંશી...

પ્રેસીડેન્ટ બીનાબેન રઘુવંશી માનસીબેન શિંગાળા રાજકોટ શહેરના મંત્રી ઈલાબેન પડીયા વોર્ડ -૧પ્રભારી ભાઈ ડાંગર શહેર મહિલા મંત્રી સેજલબેન ચૌધરી વોર્ડ નંબર એકની સંગઠનની બહેનો વોર્ડ નંબર ૧૦ મહામંત્રી મેહુલભાઈ નથવાણીમા ફાઉન્ડેશનના નયનાબેન ગોહિલ પ્રેસ મીડિયામાં જાણીતું નામ અને મોચી સમાજના અગ્રણી એવા સુરેશભાઈ ચૌહાણ કરણી સેનાના અધ્યક્ષને ગૌ રક્ષક આશાબા વાઘેલા નેહાબેન રાજ હસમુખભાઈ સેજપાલ માધાભાઈ સખિયા માનવસેવા વડીલોનું ઘર મુકેશભાઈ મેરજા આશાબેન ભટ્ટી જેડી ઉપાધ્યાય ધારાબેન વૈષ્ણવ રાજસમઢીયાના પરસોતમભાઈ પટેલ જલારામ ઝૂંપડી ઉષાબેન ત્રિવેદી કિરણભાઈ બાટવીયા વૈશાલીબેન આશર દીપેનભાઈ રાજાણી હેમાલી રાજાણી તથા નામી અનામી પધારેલ અમારા મહેમાનો નો ખુબ ખુબ આભાર અને અમારા આ કાર્યક્રમના બધા જ સહોયોગી દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર તથા અમને સેવા આપેલ તમામ બહેનોનું પણ ખૂબ ખૂબ આભાર માને છે.

### અન્નસેવા...

નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ તકે રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવા, મહામંત્રી સહદેવ ડોડીયા, મીલન લીંબાશીયા સહિત યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(અગયારમાં પાનાનું ચાલુ)

### ઈ-નિર્માણ....

પર કામ કરતા મજદૂરો માટે સરકાર દ્વારા આપવામાં આવતી સહાયનો લાભ અંગે સમજાવવામાં આવ્યા હતા. સિદ્ધિ સ્પેસ સાઈટ ગ્રુપ દ્વારા ૫૦૦થી વધુ મજૂરોને ઈ નિર્માણ કાર્ડ વિશે માહિતી આપવામાં આવી. ૧૦,૦૦૦ થી વધુ મજૂરોને ઈ નિર્માણ કાર્ડનો લાભ આપવામાં આવ્યો. આ ઉપરાંત બિલ્ડરોને પોતાના મજૂરો માટે ઈ નિર્માણ કાર્ડ કેમ્પનું આયોજન કરે તેવી અપીલ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં કે. એમ .ગોહિલ ડિસ્ટ્રિક્ટ જજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા

(બારમાં પાનાનું ચાલુ)

### 'રામ ભરોસે'.....

કાકુભાની મદદથી શું કરશે એ વાત વાર્તાને આગળ ધપાવે છે.

આ રીતે આ વાર્તા રમુજ, પ્રેમ અને કરૂણા સાથે પોતાની વાત રજુ કરે છે. ફિલ્મ ના નિર્માણા મુંબાદેવી વિઝન્સના કેતન રાવલ સાથે મનીષ જૈન છે. ફિલ્મના ડિરેકટર અને વાર્તાકાર વિશાલ વડા વાળા છે. જેમણે પહેલા સૈયર મોરી રે અને સમંદર ફિલ્મો બનાવેલ છે. ફિલ્મનું સંગીત કેદાર અને ભાર્ગવ એ આપેલ છે. ફિલ્મનું ઝાંજરિયું ગીત લોકો સુધી પહોંચી ચૂકયું છે.

ફિલ્મ ૧૯ જુલાઈ ના રોજ સિનેમાઘરોમાં આવી રહી છે. અને ગુજરાત ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાઁ રુટેડ વાર્તાએ એક નવું પીંછુ ઉમેરે છે.

રીવા રાચ્છ વિરલ રાચ્છની પુત્ર રામ ભરોસે ફિલ્મમાં કેસરની ભૂમિકા ભજવી રહી છે મુખ્ય ભૂમિકામાં ધૈર્ય ઠક્કર -કેશરનું પાત્ર ભજવી રહ્યો છે. જયારે નિલેશ પરાગ (મિત્ર)નું પાત્ર ભજવી રહ્યો છે.

વિશાલ વડાવાલા એ અગાઉ સૈયદ મોરી રે તથા તાજેતરમાં આવેલી સમંદર અને હવે રામ ભરોસે ફિલ્મ એમની દિગ્દર્શિત ફિલ્મ છે.

### વિશાલ વડાવાળા...

કાકુભાની મદદથી શું કરશે એ વાત વાર્તાને આગળ ધપાવે છે.

આ રીતે આ વાર્તા રમુજ, પ્રેમ અને કરૂણા સાથે પોતાની વાત રજુ કરે છે. ફિલ્મ ના નિર્માણા મુંબાદેવી વિઝન્સના કેતન રાવલ સાથે મનીષ જૈન છે. ફિલ્મના ડિરેકટર અને વાર્તાકાર વિશાલ વડા વાળા છે. જેમણે પહેલા સૈયર મોરી રે અને સમંદર ફિલ્મો બનાવેલ છે. ફિલ્મનું સંગીત કેદાર અને ભાર્ગવ એ આપેલ છે. ફિલ્મનું ઝાંજરિયું ગીત લોકો સુધી પહોંચી ચૂકયું છે.

ફિલ્મ ૧૯ જુલાઈ ના રોજ સિનેમાઘરોમાં આવી રહી છે. અને ગુજરાત ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાઁ રુટેડ વાર્તાએ એક નવું પીંછુ ઉમેરે છે.

રીવા રાચ્છ વિરલ રાચ્છની પુત્ર રામ ભરોસે ફિલ્મમાં કેસરની ભૂમિકા ભજવી રહી છે મુખ્ય ભૂમિકામાં ધૈર્ય ઠક્કર -કેશરનું પાત્ર ભજવી રહ્યો છે. જયારે નિલેશ પરાગ (મિત્ર)નું પાત્ર ભજવી રહ્યો છે.

વિશાલ વડાવાલા એ અગાઉ સૈયદ મોરી રે તથા તાજેતરમાં આવેલી સમંદર અને હવે રામ ભરોસે ફિલ્મ એમની દિગ્દર્શિત ફિલ્મ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજકોટ

જળ જરુરીયાત સંતોષતા ભાદર, આજી, ન્યારી સહીતના જળાશયોમાં પાણીની માતબર આવક થવા પામી છે.

માત્ર અઢી ઈંચ વરસાદમાં કોર્પોરેશનની કહેવાતી પ્રિ-મોનસુન કામગીરીની પોલી મેઘરાજાએ ખોલી નાખી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા.

૧૫૦ ફુટ રીંગ રોડ પર બીઆરટીએસ રૂટની બન્ને બાજુની સોસાયટીઓમાં જાણે નદીઓ વહેતી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. અનેક સ્થળે એપાર્ટમેન્ટમાં વરસાદના પાણી ધુસી ગયા હતા. કોપોરેશનના ફલડ કન્ટ્રોલ રૂમમાં વરસાદી પાંચ ફરીયાદો નોંધાય હતી. કાલાવાડ રોડ પર કોસ્મો પ્લેકસ, રૈયા ગામમાં, સ્પીડ વેલ પાર્ટી પ્લોટમાં સ્વર્ણ ભૂમિ એપાર્ટમેન્ટ પાસે હવેલીની સામે, ગંગોત્રી પાર્ક મેઈન રોડ અને ૪૦ ફુટ રોડ પર ન્યુ ગાંધી સોસાયટીમાં વરસાદી પાણી ભરાયા હતા.


ભારે વરસાદ અને રોડ પર વરસાદી પાણી ભરાવાના કારણે ટ્રાફીક જામની સમસ્યા સર્જાય હતી.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**બાબરા :** દાઉદી વ્હોરા શબ્બીરભાઈ અસગરઅલીભાઈ કપાસી (રેડીયોવાળા ઉ.વ.૭૨) તે મોઈઝભાઈ, મનસુરભાઈ, શીરીનબેન (ગારીયાધાર) ફાતેમાબેન (કોલંબો) જરીનાબેન (અમદાવાદ) રશીદાબેન (સ્વીડન)ના ભાઈ અલીહુશેનભાઈ, આસિફભાઈ, તસનીમબેન (ભાવનગર)ના પિતા તા.૧૬ ને મંગળવારના રોજ બાબરા મુકામે વફાત પામેલ છે. મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે મોટી મસ્જિદ બાબરા ખાતે રાખવામાં આવેલ છે. શોક સંદેશો મો.૯૭૩૭૪૨૦૩૪૦ ઉપર વ્યકત કરવો.



**જુનાગઢ** સ્વઃ રમેશભાઈ વનરાવન મશરુ લોહાણા નિલેશભાઈ આશિષભાઈ (જુનાગઢ)તેમજ(પોરબંદર) પાયલબેન ચીરાગકુમાર ઠકરાર ના પિતાશ્રી તેમજ સ્વઃવિજયભાઈ વનરાવન મશરુ ના મોટા ભાઈવલ્લભભાઈ તેમજ જયંતીભાઈ તેમજ જાગૃતિબેન વિપુલકુમાર છગ ના અદા (રાજકોટ) તેમજ ભીખુભાઈ મદલાણી ના બનેવી( પોરબંદર) (જામ જોધપુર) પ્રફુલાબેન ગોપાલદાસ રાજાણી ના ભાઈ નુ દુઃખદ અવસાન તા ૧૬/૦૭/૨૦૨૪ મંગળવારે થયેલ છે તેમનુ બેસણું તા ૧૮/૦૭/ ૨૦૨૪ ને ગુરુવારે સાંજે ૪ થી ૫ જુનાગઢ મુકામે ગીરનાર દરવાજા રોડ ગોપાલવાડીએ રાખેલ છેમો. નં ૯૫૧૨૩૭૫૨૨૨

**રાજકોટ :** ગુર્જર સુતાર સ્વ.રતીભાઈ મોહનભાઈ વડગામા (ચિભડાવાળા)ના પત્ની પ્રભાબેન રતીભાઈ વડગામા તે સ્વ.લક્ષ્મણભાઈ સુંદરજીભાઈ બામરોલીયાના દિકરી તથા સ્વ.હરેશભાઈ, પંકજભાઈ, મુકેશભાઈ, મીનાબેન હસમુખભાઈ ગજ્જર રેખાબેન શાંતિલાલ સંચાણીયાના માતુશ્રી તથા કેયુરભાઈ, અમિતભાઈ, હિતેનભાઈ, વિનિતભાઈ, ડો.ત્વરાના દાદીમાંનું તા.૧૪.૦૭ રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૮.૦૭. ગુરૂવાર, સમયઃ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે, સ્થળઃ હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટ :** અ.નિ.જ્યોત્સનાબેન રમેશચંદ્ર જડિયા ઉ.વ.૭૦ તે અ.નિ.રમેશચંદ્ર ચંપકલાલ જડિયાના પત્ની, ધર્મેશભાઈ, નિશાબેન, મયુરભાઈના માતુશ્રી તેમજ ધવલ, ટ્વિંકલ, ધાર્મિ તક્ષના દાદી તથા સ્વ.પ્રભુદાસ કાલી દાસ માંડલિયાના દિકરી, સ્વ.વસંતભાઈ, કાંતિભાઈ સુરેશભાઈ, ગુનેશભાઈના બહેન તા.૧૬/૦૭ના રોજ અવસાન પામેલ છે. બંને પક્ષનું બેસણું તા.૧૮/૦૭ ગુરૂવાર સમય સવારે ૧૦ થી ૧૨ સ્થળઃ પારેખ વાડી ખત્રીવાડ રાજકોટ. (ધર્મેશ- ૯૮૯૮૨૦૮૮૩૯, મયુર-૯૪૨૭૪૪૦૮૨૭.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કોર્પોરેશનના ૧૦૮ ઝોનલ કોન્ટ્રાક્ટરો અચોક્કસ મુદતની હડતાલ પર

## વર્ષ :૨૦૦૮થી મજૂરોનો પ્રોફેશનલ ટેક્સ ભરવાના કોર્પોરેશનના નિર્ણય સામે ઝોનલ કોન્ટ્રાક્ટરો લડી લેવાના મૂડમાંઃ રોડ-રસ્તા, ફિલ્ટર પ્લાન, સ્ટ્રીટ લાઈટ રીપેરીંગ સહિતની અનેક કામગીરી રઝળી પડી

**અબતક રાજકોટ**

કોર્પોરેશનના ૧૦૮ ઝોનલ કોન્ટ્રાક્ટર આજથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જતા અનેક પ્રાથમિક કામગીરી રઝળી પડી છે. કોન્ટ્રાક્ટરોએ લેબરના પ્રોફેશનલ ટેક્સ વર્ષ ૨૦૦૮થી ભરવા અને જીએસટીની ડીફરન્સની રકમ મજરે ન આપવાના કોર્પોરેશનના તઘલખી નિર્ણય સામે કોન્ટ્રાક્ટરોએ બાંયો ચડાવી છે. જો કે,માનવતા વાદી અભિગમ અપનાવી આજે પાણી વિતરણ અને ડ્રેનેજ ફરિયાદ નિકાલ સહિતની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આજે સવારે તમામ કોન્ટ્રાક્ટર રેસકોર્સ ખાતે એકત્રિત થયા હતા અને હડતાલને આગળની રણનીતિ નક્કી કરવાની વ્યુંહરચના ઘડી કાઢવામાં આવી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ શહેરના દરેક વોર્ડમાં છ ઝોનલ કોન્ટ્રાક્ટર હોય છે.જે ઝોનલ વોટર વર્કસ,ઝોનલ ડ્રેનેજ સહિતના કામગીરી કરતી હોય છે. કોર્પોરેશન દ્વારા ગત ૨૪મી એપ્રિલના રોજ તમામ ઝોનલ કોન્ટ્રાક્ટરને નોટિસ આપવામાં આવી હતી. જેમાં વર્ષ ૨૦૦૮થી લઈ આજ સુધીનો તમામ લેબરોનો પ્રોફેશનલ ટેક્સ ભરવા જણાવવામાં આવ્યું હતું.મજુર દીઠ ૨૦૦ રૂપિયા પ્રોફેશનલ ટેક્સ ભરવાનો થાય છે. જેની સામે કોન્ટ્રાક્ટર હોય એવા મતલબની રજૂઆત કરી હતી કે ૨૦૦૮ થી કાયદો અમલમાં હોવા છતાં કોર્પોરેશન દ્વારા એમને ૨૦૨૪ માં આ અંગે જાણ કરવામાં આવી હોય અમો આ વર્ષનો પ્રોફેશનલ ટેક્સ ભરવા તૈયાર છીએ. જૂનું લેણું માફ કરવાની માંગ કરાય હતી. જેનો કોઈ જ પ્રત્યુતર અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો નથી. સાથોસાથ કોન્ટ્રાક્ટરોના બિલ અટકાવી દેવામાં આવ્યા છે બીજી તરફ ઝોનલ કોન્ટ્રાક્ટર પાસેથી જે ૧૨% જીએસટી વસૂલ કરવામાં આવતો હતો તે વધારી ૧૮% કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા એવો આદેશ આપવામાં આવ્યો છે કે જીએસટીની ૬% ની ડિફરન્સની રકમ કોન્ટ્રાક્ટરોને મજરે ચૂકવી દેવી છતાં આજ સુધી કોર્પોરેશન દ્વારા કોઈ જ રકમ ચૂકવવામાં આવી નથી. આજે સવારથી ૧૦૮ ઝોનલ કોન્ટ્રાક્ટર હડતાલ પર ઉતરી જતા ડામર એકશન પ્લાનના કામો, રોડ રસ્તા પર પડેલા ખાડા બુરવાની કામગીરી, પેવિંગ બ્લોક લગાવવાની કામગીરી, ફિલ્ટર પ્લાન મેઈન્ટેનન્સની કામગીરી, સ્ટ્રીટ લાઈટ રીપેરીંગની કામગીરી અને ટ્રાફિક ડીવાઈડર રીપેરીંગ કરવા સહિતની તમામ કામગીરી રઝળી પડી હતી. જો કે, શહેરીજનોએ હડતાલના કારણે હાલાકી ન ભોગવી પડે તે માટે કોન્ટ્રાક્ટરોએ માનવતાવાદી અભિગમ દાખવી પાણી વિતરણ વ્યવસ્થા અને



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## કોન્ટ્રાક્ટરોએ માનવતા વાદી અભિગમ અપનાવી પાણી વિતરણ અને ડ્રેનેજ ફરિયાદ નિકાલના કામો ચાલુ રાખ્યા

ડ્રેનેજ ફરિયાદ નિકાલની કામગીરી ચાલુ રાખી હતી. સવારે રેસકોર્સ ખાતે તમામ કોન્ટ્રાક્ટર એકત્રિત થયા હતા અચોક્કસ મુદતની હડતાલમાં આગામી રણનીતિ નક્કી કરવા અંગે નિર્ણય લેવા અને જીવરચના ઘડી કાઢવામાં આવી હતી.

ઝોનલ કોન્ટ્રાકટરોને કોર્પોરેશનની કરોડરજ્જુ માનવામાં આવે છે કારણ કે શેરી-ગલીઓની તમામ ફરિયાદોના નિકાલની જવાબદારી ઝોનલ કોન્ટ્રાક્ટરોની હોય છે. એક ઝોનમાં છ ઝોનલ કોન્ટ્રાક્ટર હોય છે. આ ઉપરાંત ટેન્ડર કોન્ટ્રાક્ટર હોય છે ઝોનલ કોન્ટ્રાક્ટર સાથે અચોક્કસ મુદતની હડતાલમાં સામેલ થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. મજૂરોના પ્રોફેશનલ ટેકસ ભરવાની લઈને શરૂ થયેલી આ હડતાલ કેટલા દિવસ ચાલશે તે કેવું મુશ્કેલ છે. બીજી તરફ કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ આગામી દિવસોમાં ઝોનલ કોન્ટ્રાક્ટર સાથે બેઠક યોજાઈ ઝડપથી સમેટાઈ જાય તેવા પ્રયાસો શરૂ કરે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

### ‘‘મલાઈ’’ના ભાવ વધારી સરકારી ચોકલેટ

# ભારે વિરોધ પછી રાજ્ય સરકારે મેડિકલ કોલેજની ફીમાં અંશતઃ રાહત આપી

## સરકારી ક્વોટામાં પહેલા રૂ.૩.૩૦ લાખ ફી હતી જે વધારી રૂ.૫.૫૦ લાખ કરી અને હવે તેને ઘટાડી રૂ.૩.૭૫ લાખ કરાયઃ જ્યારે મેનેજમેન્ટ ક્વોટામાં પહેલા રૂ.૯ લાખ ફી હતી જેને વધારી રૂ.૧૭ લાખ કરાય હતી અને ઘટાડી રૂ.૧૨ લાખ કરવામાં આવી

**અબતક રાજકોટ**

ભારે વિરોધ ફાટી નીકળ્યા બાદ અંતે રાજ્ય સરકાર જોકે છે સરકારી મેડિકલ કોલેજોની સીમા કરવામાં આવેલ વધારો પાછો ખેંચવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં રાજયના મેડિકલ વિદ્યાર્થીઓ માટે હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.

આ અંગે વધુ વિગતો આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે , રાજ્યની ૧૩ જીએમઈઆરએસ કોલેજની ૨૧૦૦ બેઠકોમાં તાજેતરમાં નક્કી કરાયેલ ફી માં ઘટાડો કરવાનો નિર્ણય રાજ્ય સરકાર કર્યો છે.

તદ્ અનુસાર ગવર્નમેન્ટ ક્વોટામાં માં પ્રવર્તમાન રૂ.૫.૫૦ લાખ ફી માંથી ઘટાડીને રુ.૩.૭૫ લાખ એટલે કે અંદાજીત ૮૦% અને મેનેજમેન્ટ ક્વોટામાં રૂ.૧૭ લાખ ફી માંથી ઘટાડો કરીને રૂ. ૧૨ લાખ એટલે કે અંદાજીત ૬૨.૫ %નો ઘટાડો વિદ્યાર્થીઓના હિતમા કરવામાં આવ્યો હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

પ્રવર્તમાન ફી નું માળખું મેડિકલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી જ લાગુ પડશે.

જીએમઈઆરએસ કોલેજમાં ઝીંકવામાં આવેલા ફી વધારાના કારણે વિરોધ વંટોળ ફાટી નીકળ્યો હતો. વિપક્ષ કોંગ્રેસે આ મુદ્દે રાજયભરમાં આવેદન પત્ર આપ્યા હતા. જેના પગલે સરકારે ઝુંકવા મજબૂર થવું પડ્યું છે અને મેડિકલ કોલેજોમાં ફી વધારો પાછો ખેંચાયો છે.

## નિટ અન્ડરગ્રેજ્યુએટના પેપરને ચોરી કરી વેચનાર બે શખ્સો ઝડપાયા

નિટ કેસમાં સીબીઆઈએ બે મોટી ધરપકડ કરી છે. સીબીઆઈએ બિહારની રાજધાની પટનામાંથી પંકજ કુમાર ઉર્ફે આદિત્યની ધરપકડ કરી હતી અને ઝારખંડના હજારીબાગમાંથી રાજુ સિંહ નામના વ્યક્તિની પણ ધરપકડ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, પંકજે હજારીબાગમાં બોક્સમાંથી પ્રશ્ન પત્ર ચોરી કરી આગળ વહેંચી દીધુ હતું. તે જ સમયે, રાજુ સિંહે પ્રશ્ન પત્રમાં વધુ વિતરણમાં મદદ કરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, પંકજ સિવિલ એન્જિનિયર છે અને તે ઝારખંડના બોકારોનો રહેવાસી છે. તેણે જ હજારીબાગમાંથી ટ્રંકમાંથી પેપરની ચોરી કરીને આગળ વિતરણ કર્યું હતું, જ્યારે રાજુ સિંહ નામના વ્યક્તિએ પેપરનું વિતરણ કરવામાં મદદ કરી હતી. પેપર ચોરીમાં પંકજ મુખ્ય સૂત્રધાર છે.

સીબીઆઈએ એક ટ્રંકનો વીડિયો પણ શેર કર્યો છે. કહેવામાં આવ્યું કે આ એ જ ટ્રંક છે જેમાં હજારીબાગમાં નિટના પેપર આવ્યા હતા. પંકજ ઉર્ફે આદિત્ય આ થડમાંથી કાગળો ચોરીને આગળ મોકલતો હતો. સીબીઆઈના જણાવ્યા અનુસાર, હજારીબાગમાં ટ્રંકમાંથી પેપરની ચોરી કરીને તેને આગળ વહેંચવા પાછળનો માસ્ટરમાઈન્ડ પંકજ ઉર્ફે આદિત્ય છે, તેની પટનાથી ધરપકડ કરવામાં આવી હતી અને તેના સહયોગી રાજુએ પેપરનું વિતરણ કર્યું હતું.

## સરકારી હોસ્પિટલના તબીબો અને મેડિકલ સ્ટાફના વેતનમાં વધારો

### ઈન્સેન્ટીવમાં કરાયો ૧૦ ગણો વધારો કરાયોઃ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલની જાહેરાત

**અબતક રાજકોટ**

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત સરકારી હોસ્પિટલોમાં લાભાર્થીઓને અપાતી સારવારનું ધોરણ વધારવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સરકારી હોસ્પિટલોને મળતીની આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા ઈન્સેન્ટીવમાં મોટા પ્રમાણમાં વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. હાલ મળતા ઈન્સેન્ટીવમાં આશરે ૧૦ થી ૧૫ ગણો વધારો થશે.

મંત્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, અગાઉ પીએમજેએવાયના કુલ લાભાર્થીઓમાં ફક્ત એસઈસીસી (બીપીએલ યાદી વાળા) લાભાર્થી પેટે થતી આવક જ ઈન્સેન્ટીવ માટે વિતરણને પાત્ર હતી. જેમાં ફેરફાર કરી હવે ઈન્સેન્ટીવ આપવા માટે

પીએમજેએવાયની સંપૂર્ણ આવકને ધ્યાને લેવામાં આવશે.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ % શેયર થશે. આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં શેયર ૩૫ % રહેશે, જ્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓમાં શેયર ૪૦ % થશે.તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં પીએમજેએવાય

અંતર્ગત અત્યારે થતા કુલ કલેઈમના ૧૮ ટકા કલેઈમ સરકારી હોસ્પિટલમાં થાય છે. આ કલેઈમની સંખ્યાને વધારીને એક વર્ષમાં ૨૫ ટકા અને બે વર્ષમાં ૩૦ ટકા ઉપર લઈ જવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

# હિંમતનગરઃ શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી વધુ એક બાળકનું મોત

## મેઘરજના ઢેકવા ગામના ૩ વર્ષીય બાળકનું સારવાર દરમિયાન મોત થતાં ફફડાટ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસની સારવાર હેઠળ બાળકનું મોત થતાં ફફડાટ ફેલાયો છે. જેને પગલે મૃત્યુ આંક ૬ ઉપર પહોંચ્યો છે ત્યારે હાલમાં બે બાળકો સારવાર હેઠળ છે અને સ્વસ્થ છે. તેવું જાણવા મળી રહ્યું છે.

આ સમગ્ર મામલે હિંમતનગર સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૨૭ જૂનથી અત્યાર સુધીમાં રાજસ્થાન, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના ૮ બાળકોના કેસ આવ્યા હતા. જેમાંથી ૬ બાળકોના મોત થયા છે ત્યારે હાલમાં બે બાળકો સારવાર હેઠળ છે અને સ્વસ્થ છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઢેકવા ગામનો ૩ વર્ષીય બાળકને ૧૩ જુલાઈના રોજ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જેની હાલત ગંભીર જણાતી હતી જેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું એ બાળકનું બે દિવસની સારવાર દરમિયાન સોમવારની રાત્રિના સમયે મોત નિપજ્યું હતું.

જયારે છેલ્લા ત્રણ દિવસથી કોઈ નવો કેસ સામે આવ્યો નથી ત્યારે મહારાષ્ટ્રના પૂના ખાતે ૭ જેટલા સેમ્પલ તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે.

### નાના રોકાણકારો માટે માઠા સમાચાર

# એસએમઈ આઈપીઓમાં હવે પાંચ લાખથી નીચેની અરજી નહીં સ્વીકારાય

## હાલમાં એક થી દોઢ લાખની અરજી થઈ શકેછેઃ સેબી દ્વારા નવા નિયમની વિચારણા

**અબતક, રાજકોટ**

પ્રાઈમરી માર્કેટમાં ખાસ કરીને એસ.એમ.ઈ. આઈ.પી.ઓ.માં જોરદાર ભરણાઓ થઈ રહ્યા છે. હજાર ગણાથી વધુ ભરણાઓ અનેક કંપનીમાં થયા છે.૫ કરોડની કંપનીને જરૂર હોય ત્યાં ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની ઓફર રોકાણકારો દ્વારા આવી રહી છે.આવા સમયે એસ.એમ.ઈ આઈ.પી.ઓ.ની તેજીને રોકવા તથા ભરણા ઘટાડવા સેબી દ્વારા મિનિમમ રોકાણ સાઈઝ પાંચ લાખની કરવા માટેની વાત વિચારણા હેઠળ છે.

લીસ્ટીંગ નિયમોમાં તો એન.એસ.ઈ દ્વારા ૪ જુલાઈથી નવા નિયમો લાગુ કરી દેવામાં આવ્યા જ છે. હવે ૪ જુલાઈ પછી લિસ્ટિંગ થનારા શેરો એન.એસ.ઈ. માં ૯૦% થી વધુ પ્રીમિયમથી લિસ્ટ થશે નહીં. જોકે આ નિયમ બી.એસ.ઈ.માં તો ઘણા સમયથી છે જ. આમ લિસ્ટિંગમાં થતી તેજીને રોકવા પગલાઓ લેવાઈ રહ્યા છે. ત્યારે બીજી બાજુ અતિશય થતા ભરણાને રોકવા અને નાના રોકાણકારોને એસ.એમ.ઈ આઈ.પી.ઓ માં અરજી કરવા માટે ફક્ત અને ફક્ત પાંચ લાખની અરજીના નિયમો બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. સરવાળે પાંચ લાખથી ઓછી રોકવા વાળો વર્ગ બજારમાંથી અલિપ્ત થશે અને મેઈનબોર્ડ આઈ.પી.ઓ.માં તેનું રોકાણ વધારશે.જેનાથી એસ.એમ.ઈ. આઈ.પી.ઓ. ભરવાવાળો વર્ગ ઘટશે અને મેઈન બોર્ડ આઈ.પી.ઓ ભરણા વધશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર સેબી અને એકસચેન્જ દ્વારા અવારનવાર આવા પગલાઓ લેવાતા જ હોય છે. સેકન્ડરી માર્કેટમાં સર્કિટ ફિલ્ટરો બદલાતા હોય છે. પ્રાઈમરી માર્કેટમાં પણ મિનિમમ-મેક્સિમમ અરજીના નિયમો લાગુ



થતા હોય છે. સેબી દ્વારા થતી આ એક રૂટિન પ્રક્રિયાના ભાગરૂપે છે.ચોક્કસપણે કહી શકાય કે જો પાંચ લાખની મીનીમમ અરજી કરવાની થશે તો એસ એમ.ઈ. કરવા વાળો વર્ગ એસ.એમ.ઈ. આઈ.પી. ઓમાંથી બાકાત થઈ જશે અને તેવા વર્ગમાં નિરાશા જોવા મળશે. પાંચ લાખના શેરો એલોટ થાય તો એને હોલ્ડિંગ કરવા માટે પણ નાના રોકાણકારો માટે મુશ્કેલી સર્જાય. ઉપરાંત લિસ્ટિંગ પછી વોલ્યુમ માં પણ ઘટાડો જોવા મળી શકે. કારણ કે એસ.એમ.ઈ આઈ.પી.ઓ.માં ફક્ત લોટના જ સોદા થતા હોય છે. સરવાળે નાના રોકાણકારો માટે આ બધી મુશ્કેલીઓ સર્જાશે અને એસ.એમ.ઈ.માંથી નાનો રોકાણકાર દૂર થશે.

### સહકારથી સમૃદ્ધિઃ બે જિલ્લાઓમાં સફળતા બાદ હવે

# તમામ જિલ્લાઓમાં ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ શરૂ કરશે

**અબતક ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ લાગુ કરી હતી, જેની સફળતા બાદ હવે આ પહેલને રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. ઉલ્લેખનીય છે કે આ નવી પહેલના સફળ પ્રયોગને કારણે બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં સહકારી મંડળીઓ અને તેમના સક્રિય સભ્યો દ્વારા ૪ લાખથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે, જેના પરિણામ સ્વરૂપે સહકારી બેંકોની થાપણોમાં ₹૯૬૬ કરોડનો વધારો થયો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે ‘સહકારથી સમૃદ્ધિ’ના વિઝન હેઠળ દેશભરમાં સહકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ શરૂ કરવામાં આવી હતી, જે ખૂબ જ સફળ રહી છે.

સહકાર ક્ષેત્રની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, મજબૂત સહકારી ક્ષેત્ર ‘વિકસિત ગુજરાત’ના પાયામાં મજબૂત આધારસ્તંભ સાબિત થઈ શકે છે, જે આપણને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન ‘વિકસિત ભારત ૨૦૪૭’ને સાકાર કરવામાં મદદરૂપ સાબિત થશે.

## સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર મોડલ સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવશે

બનાસકાંઠા અને પંચમહાલમાં આ પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ રાજ્ય સરકારે તમામ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં તેનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલના અમલીકરણ બાદ જિલ્લા સહકારી બેંકો ગ્રામ્ય સ્તરે તેમની સેવાઓનું વિસ્તરણ કરી શકશે અને એ સુનિશ્ચિત કરી શકશે કે ગુજરાતની સહકારી સંસ્થાઓની મૂડી સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા સભ્યો અને અન્ય સહકારી સંસ્થાઓને નાણાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં ઉપયોગી બને.

## બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં ૪ લાખથી વધુ નવા ખાતા ખૂલ્યા અને થાપણોમાં રૂ.૯૬૬ કરોડનો વધારો

## બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાં સફળ રહ્યો ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પાયલટ પ્રોજેક્ટ

જૂન ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે, ગુજરાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની પરિકલ્પનાને અનુસરતા બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ શરૂ કરી હતી. આ સમયગાળા દરમિયાન, દૂધ સંઘો સાથે સંલગ્ન ૧૦૪૮ દૂધ મંડળીઓના પ્રવર્તમાન બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે એકીકૃત કરવામાં આવ્યા અને વધારાનું ભંડોળ તેમના નવા બેંક ખાતાઓમાં સંપૂર્ણપણે ટ્રાન્સફર કરવામાં આવ્યું. બંને જિલ્લાની સહકારી બેંકોમાં ૪.૭ લાખથી વધુ નવા બચત ખાતા ખોલવામાં આવ્યા, જેના કારણે આ બેંકોની હાલની થાપણોમાં ₹૯૬૬ કરોડનો વધારો થયો.

આ પહેલ હેઠળ સહકારી સંસ્થાઓ અને સક્રિય સભ્યોને કુલ ૩.૩૨ લાખ રૂપે ડેબિટ કાર્ડ પણ જારી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગ્રામ્ય સ્તરે બેંકિંગ સુવિધાઓ અને નાણાકીય પ્રવાહીતા વધારવા માટે, આ જિલ્લાઓમાં કુલ ૧૭૩૬ મંડળીઓ, જેમાં દૂધ સંઘો સાથે સંકળાયેલી અગ્રણી દૂધ મંડળીઓનો પણ સમાવેશ થાય છે, તેમને ‘બેંક મિત્ર’ બનાવી તેઓને માઈક્રો પોઈન્ટ ઓફ સેલ મશીન પૂરા પાડવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ સહકારી સંસ્થાઓ પર્યાપ્ત આવક મેળવે તે સુનિશ્ચિત કરવા માટે કમિશનના દરો પણ નક્કી કરવામાં આવ્યા છે, જે માઈક્રો-એટીએમના અસરકારક ઉપયોગને પ્રોત્સાહિત કરશે.

આ પહેલ હેઠળ, સભ્યો દ્વારા નાણાકીય સેવાઓ મેળવવામાં આવતા પડકારોને ધ્યાનમાં રાખીને, સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ૧૬૩૧થી વધુ કર્મચારીઓને માઈક્રો-એટીએમના સંચાલન, રોકડ ઉપાડ અને થાપણો સહિત ડિજિટલ વ્યવહારો પર વિશેષ તાલીમ આપવામાં આવી છે.

## સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’પહેલ શું છે?

આ પહેલનો ઉદ્દેશ ગુજરાતની હજારો સહકારી મંડળીઓના બેંક ખાતાઓ અને થાપણોને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોના નેજા હેઠળ કેન્દ્રીયકરણ કરીને તેમની વચ્ચે સહકાર વધારવાનો છે. આમાં, વિવિધ કોમર્શિયલ બેંકોમાં કાર્યરત સહકારી સંસ્થાઓ અને તેમના સભ્યોના વર્તમાન બેંક ખાતાઓને એકીકૃત કરવામાં આવ્યા છે અને કેન્દ્રીયકૃત જિલ્લા સહકારી બેંક/રાજ્ય સહકારી બેંક હેઠળ લાવવામાં આવ્યા છે.

કેન્દ્રીયકૃત બેંક હેઠળ સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીને એકીકૃત કરવાના ઘણા મહત્વપૂર્ણ પરિણામો જોવા મળ્યા છે. ઉદાહરણ તરીકે, કેન્દ્રીયકૃત સહકારી બેંકની થાપણોમાં નોંધપાત્ર વધારો થયો છે, સહકારી મંડળીઓમાં નાણાકીય પ્રવાહીતા વધી છે, જેના કારણે લોન સંબંધિત જરૂરિયાતો અને માંગણીઓ હવે સરળતાથી પૂરી થઈ શકે છે. આ ઉપરાંત, આ પહેલ હવે સુનિશ્ચિત કરશે કે સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીનો ઉપયોગ અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા પણ કરી શકાય.

# ઓમાનના દરિયામાં ઓઈલ ટેન્કર ડૂબી જતાં ૧૩ ભારતીય ક્રુ લાપતા

## ‘પ્રેસ્ટિજ ફાલ્કન’ નામનું ઓઈલ ટેન્કર દુબઈના હમરિયા પોર્ટથી આવ્યું હતું, ગુમ થયેલાની સઘન શોધખોળ

**અબતક, નવી દિલ્હી**

ઓમાનના દરિયાકાંઠે ઓઈલ ટેન્કર ડૂબી જતાં ૧૩ ભારતીય અને ૩ શ્રીલંકા સહિત કુલ ૧૬ ક્રૂ મેમ્બર લાપતા બન્યા છે. આ ઘટના સોમવારના રોજ બની હતી. હાલ તમામની શોધખોળ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

અહેવાલમાં જણાવ્યા અનુસાર, ‘પ્રેસ્ટિજ ફાલ્કન’ નામનું ઓઈલ ટેન્કર દુબઈના હમરિયા પોર્ટથી રવાના થયું હતું. તેના પર કોમોરોસનો ધ્વજ લગાવવામાં આવ્યો હતો. તે યમનના એડન બંદર તરફ જઈ રહ્યું હતું. ઓઈલ ટેન્કર દુકમ બંદર શહેર નજીક રાસ મદ્રકાહથી લગભગ ૪૬ કિમી દક્ષિણ-પૂર્વમાં પલટી ગયું હતું. ક્રૂ મેમ્બર્સની શોધમાં બે દિવસથી સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે.

જહાજ હજુ પણ સમુદ્રમાં ઊંધું ડૂબેલું છે. તેમાંથી તેલ લીક થયું છે કે નહીં તે અંગેની માહિતી હજુ સુધી મળી નથી. રિપોર્ટ્સ અનુસાર, જે ટેન્કર ડૂબી ગયું તેનું લોકેશન ચાર દિવસ પહેલા અપડેટ કરવામાં આવ્યું હતું.

તે લગભગ ૧૧૭ મીટર લાંબું તેલ ઉત્પાદનોનું ટેન્કર છે, જેનું નિર્માણ ૨૦૦૭માં થયું હતું. સામાન્ય રીતે આવા નાના ટેન્કરોનો ઉપયોગ ટૂંકી મુસાફરી માટે કરવામાં આવે છે. ઓમાનના દક્ષિણ-પશ્ચિમ કિનારે સ્થિત ડુકમ પોર્ટ દેશના તેલ અને ગેસ ખાણકામ પ્રોજેક્ટ્સ માટેનું મુખ્ય કેન્દ્ર છે. અહીં હાજર ઓઈલ રિફાઈનરી ડુકમના મોટા ઔદ્યોગિક વિસ્તારનો એક ભાગ છે, જે ઓમાનનો સૌથી મોટો અને એકમાત્ર આર્થિક પ્રોજેક્ટ છે.



એડન એ યમનની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકાર દ્વારા રાખવામાં આવેલ છેલ્લું મોટું શહેર છે. હકીકતમાં, યમનમાં ૨૦૧૪ થી ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ સાથે ગૃહ યુદ્ધ ચાલી રહ્યું છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધની શરૂઆતથી, હુથીઓ આસપાસના દરિયાઈ વિસ્તારમાં ખાસ કરીને એડનના અખાતની નજીક જહાજો પર હુમલો કરી રહ્યા છે.

હુથી હુમલાના જવાબમાં અમેરિકા અને બ્રિટને મળીને અત્યાર સુધીમાં ચાર વખત યમનમાં હુતી સ્થાનો પર હવાઈ હુમલા કર્યા છે. અમેરિકન મીડિયા બ્લૂમબર્ગના અહેવાલ મુજબ લાલ સમુદ્રમાં હુથીઓના સતત હુમલાને કારણે આંતરરાષ્ટ્રીય વેપારને ગંભીર અસર થઈ રહી છે.

ભારતથી યુરોપમાં ડીઝલનો પુરવઠો છેલ્લા બે વર્ષમાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. લગભગ ૯૦% નો ઘટાડો નોંધવામાં આવ્યો છે. એશિયાથી યુરોપિયન યુનિયન અને બ્રિટનમાં જતા કાર્ગોના શિપિંગ ચાર્જમાં વધારો થયો છે.

# તાઈવાન ઉપરથી હાથ ઉઠાવી લેવાની ટ્રમ્પની ચીમકીને લઈ સોનુ-ક્રૂડ ભડકે બળશે

## ટ્રમ્પ સત્તામાં આવશે તો વૈશ્વિક વર્ગ વિગ્રહમાં હસ્તક્ષેપ નહિ કરે, અનેક નાના દેશો ઉપર સંકટ વધવાની ભીતિએ સોનાના ભાવ ઉછળીને રૂ.૭૬ હજારને પાર

**અબતક, નવી દિલ્હી**

ટ્રમ્પ સતામાં આવશે તો વૈશ્વિક વર્ગ વિગ્રહમાં હસ્તક્ષેપ નહિ કરે તેવી તેને જાહેરાત કરી છે. ઉપરાંત તાઈવાન ઉપરથી અમેરિકાનો હાથ ઉઠી જશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે. પરિણામે વૈશ્વિક અશાંતિને લઈ સોનુ-ક્રૂડ ભડકે બળશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ટ્રમ્પ સતત મજબૂત ઉમેદવાર બની રહ્યા છે. તેવામાં ટ્રમ્પે પોતાના કાર્યકાળનું વિઝન પણ ત્યાંની પ્રજા સમક્ષ મૂકી દીધું છે. જેમાં ટ્રમ્પે સ્પષ્ટપણે કહી દીધું છે કે વૈશ્વિક વર્ગ વિગ્રહમાં અમેરિકા કોઈ ધ્યાન નહિ દયે. તેઓ માત્ર અમેરિકાના વિકાસ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરશે. ખાસ તેઓએ તાઈવાનની મદદ કરવાની પણ ના કહી દીધી છે. હાલ તાઈવાન ચીન સાથે સંઘર્ષમાં ઉતર્યું છે. તેવામાં અમેરિકાનો સાથ નહિ મળે તો ચીન તાઈવાનને ભીંસમાં લેતા સહેજ પણ અચકાશે નહિ. આમ હવે આવનારા દિવસોમાં વૈશ્વિક ઘર્ષણ વધવાની ભીતિ સેવાઈ રહી હોય સોનુ અને ક્રૂડ ભડકે બળશે તેવું નિષ્ણાંતો જણાવી રહ્યા છે.

મુંબઈ ઝવેરી બજારમાં સોનાના ભાવ ઝડપી ઉછળ્યા હતા. ચાંદી નીચી ખુલ્યા પછી ફરી ઉંચકાઈ હતી. વિશ્વ બજારમાં સોનામાં તેજી આગળ વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી જતાં દેશના ઝવેરી બજારોમાં સોનામાં તેજીનો ચમકારો દેખાયો હતો. અમદાવાદ સોના-ચાંદી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના ઝડપી



રૂ.૭૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૭૬૨૦૦ બોલાતા થયા હતા.

જો કે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦ ઘટી રૂ.૯૨૫૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૪૧૯થી ૨૪૨૦ વાળા વધી ૨૪૪૪થી ૨૪૪૫ થઈ ૨૪૩૦થી ૨૪૩૧ ડોલર રહ્યાના નિર્દેશો હતા. ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડમાં પીછેહટ વચ્ચે વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાની ચર્ચા હતી. જો કે વૈશ્વિક ચાંદી નરમ હતી.

વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૦.૭૮ વાળા નીચામાં ૩૦.૪૮ થઈ ૩૦.૫૧ ડોલર રહ્યા હતા. ચીનની નવી માગ ધીમી પડવાની ભીતિ વચ્ચે વૈશ્વિક ચાંદી, કોપર, ક્રૂડતેલ, પ્લેટીનમ તથા પેલેડીયમના ભાવમાં પીછેહટ દેખાય હતી. એકમાત્ર સોનાના ભાવ ઉંચા જતા દેખાયા હતા.

દરમિયાન, ભારતમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે વૃદ્ધી કર્યાના સમાચાર હતા તથા તેના પગલે કિંમતી ધાતુઓની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી ઉંચી ગયાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. આવી ટેરીફ વેલ્યુ સોનામાં ૧૦ ગ્રામદીઠ ડોલરના સંદર્ભમાં ૭૪૮થી વધી ૭૭૫ ડોલર કરાઈ છે. જ્યારે ચાંદીની આવી ટેરીફ વેલ્યુ કિલોદીઠ ડોલરના સંદર્ભમાં ૯૩૪ વાળી વધી ૧૦૦૦ ડોલર કરાઈ છે.

દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ ૯૯.૫૦ના રૂ.૭૨૬૪૦ વાળા વધી રૂ.૭૩૦૪૫ રહ્યા હતા. ૯૯.૯૦ના ભાવ રૂ.૭૨૯૩૨ વાળા રૂ.૭૩૩૩૯ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૧૮૩૫ વાળા રૂ.૯૧૮૦૨ ખુલી ૯૨૦૧૪ રહ્યા હતા.

વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઘટી ૯૮૧ ડોલર રહ્યા હતા.પેલેડીયમના ભાવ ૯૩૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ક્રૂડતેલના ભાવ આજે દોઢ ટકો તૂટયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના નીચામાં ૮૩.૩૦ થઈ ૮૩.૪૯ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૮૦.૨૨ ડોલર થઈ ૮૦.૪૯ ડોલર રહ્યા હતા.

### જર, જમીન અને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ

# મિલકતની ભાગ બટાઈ માટે પોલીસની હાજરીમાં માતાને ભળકે બાળી

## મૃતક મહિલાનો તેના પતિના મામા સાથે જમીનના કબજાને લઈને વિવાદ ચાલતો હતો

**અબતક, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશના અલીગઢમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અલીગઢના ખેર પોલીસ સ્ટેશનમાં એક માતાને તેના જ પુત્રએ સળગાવી દીધી હતી. તેના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે પીડિત મહિલાનો તેના પતિના મામા સાથે જમીનનો વિવાદ ચાલી રહ્યો હતો. આ જ ઘટના પર અલીગઢના એસ.એસ.પીએ કહ્યું કે આગ લગાડવાના મામલામાં પ્રથમ દ્રષ્ટીએ પુત્રને દોષિત માનવામાં આવ્યો છે. એસએસપી સંજીવ સુમને જણાવ્યું કે મહિલાનો તેના પતિના મામા સાથે જમીનના કબજાને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ મામલે એફઆઈઆર પણ નોંધવામાં આવી છે અને ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી છે. આથી બંને પક્ષોને બોલાવવામાં આવ્યા હતા અને પૈસાને લઈને વાતચીત ચાલી રહી હતી..



પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા જેવી બહાર નીકળી, તેના પુત્રએ તેને લાઈટર વડે આગ લગાવી દીધી. પોલીસ પુત્રને રોકી શકી ત્યાં સુધીમાં માતા દાઝી ગઈ હતી. વાયરલ વીડિયોમાં પોલીસકર્મીઓ આગ ઓલવવાનો પ્રયાસ કરતા જોવા મળે છે, પરંતુ મહિલા સળગી રહી છે. મહિલાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. લગભગ ૪૦ ટકા બળી ગયો છે. જોકે તેની હાલત સારી છે. પોલીસે કહ્યું છે કે જો પીડિતાના પરિવારજનો કોઈ પર આરોપ લગાવતી ફરિયાદ કરશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

ઘર મહિલાના પતિના મામા ચંદ્રભાનના નામે છે. મહિલાનો પતિ રાજ બહાદુર પરિવાર સાથે અહીં રહેતો હતો. તેના મૃત્યુ બાદ કાકા ચંદ્રભાન તેના પર ઘર ખાલી કરવા દબાણ કરતા હતા. માતા-પુત્ર ઘર ખાલી કરાવવાના નામે ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી રહ્યા હતા. આ માટે ચંદ્રભાન પાંચ લાખ આપવા તૈયાર હતા. મહિલા હેમલતાએ પાંચ મહિના પહેલા જ તેના મામા, સસરા અને તેના પરિવારના સભ્યો સામે છેડતીનો કેસ નોંધાવ્યો હતો. પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી, પરંતુ ચંદ્રભાનની ધરપકડ કરી ન હતી. આ પછી મહિલાએ બીજી ફરિયાદ આપી, જેમાં તેણે જણાવ્યું કે ચંદ્રભાન અને તેના પરિવારે તેને માર માર્યો હતો

# શું કેપ્ટનશીપનો ભાર હાર્દિકના બદલે સૂર્યકુમારના ખંભે?

## ભારતીય ટીમના શ્રીલંકા પ્રવાસનું શિડ્યુલ જાહેર થઈ ગયું છે, એક કે બે દિવસમાં ટીમની થશે જાહેરાત

**અબતક, નવીદિલ્હી**

હાલમાં જ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વેને તેના ઘરઆંગણે ટી૨૦ શ્રેણીમાં હરાવ્યું છે. હવે આ ટીમ શ્રીલંકા પ્રવાસની તૈયારીમાં વ્યસ્ત છે. આ પ્રવાસમાં ભારતીય ટીમ ૩ ટી૨૦ અને તેટલી જ વનડે મેચોની શ્રેણી રમશે. ભારતીય ટીમના શ્રીલંકા પ્રવાસનું શિડ્યુલ જાહેર થઈ ગયું છે, પરંતુ હજુ સુધી ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી નથી. શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટીમની આજે જાહેરાત થઈ શકે છે. પરંતુ આ પહેલા પણ ટી૨૦ ટીમની કેપ્ટનશીપને લઈને પસંદગી સમિતિની સામે માથાનો દુખાવો વધી ગયો છે.

વાસ્તવમાં, રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. આવી સ્થિતિમાં શ્રીલંકા પ્રવાસ માટે ટી૨૦ ટીમોના નવા કેપ્ટનની શોધ કરવી પડશે. સૂત્રોનું માનીએ તો નવા મુખ્ય કોચ ગૌતમ ગંભીરે આ જવાબદારી સૂર્યકુમાર યાદવને સોંપવાની સંપૂર્ણ યોજના બનાવી છે એટલે કે તેણે સૂર્યા પર જ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. હાર્દિક પંડ્યાનો સફાયો થશે તે નિશ્ચિત મનાય છે. પરંતુ અહીં ચાહકોને જણાવી દઈએ કે પંડ્યા અને સૂર્યા બંનેને ટી-૨૦માં ભારતીય ટીમની કેપ્ટનશિપ કરવાનો અનુભવ છે. સ્ટાર ઓલરાઉન્ડર પંડ્યાએ અત્યાર સુધી ૧૬ ટી૨૦ મેચોમાં ભારતીય ટીમની કમાન સંભાળી છે.

પંડ્યાને પહેલીવાર જૂન ૨૦૨૨માં કેપ્ટનશીપ મળી હતી. ત્યારબાદ તેણે તેની પ્રથમ ટી૨૦ શ્રેણીમાં આયર્લેન્ડને ૨-૦થી ક્લીન સ્વિપ કર્યું હતું. આ પછી, તેની કેપ્ટન્સીમાં તેણે વેસ્ટ ઈન્ડિઝ, ન્યુઝીલેન્ડ અને શ્રીલંકાને હરાવ્યું. તેણે વેસ્ટ ઈન્ડિઝ સામે ૬ મેચ અને ન્યૂઝીલેન્ડ સામે ૫ મેચમાં કેપ્ટનશિપ કરી છે.. બીજી તરફ, સૂર્યકુમાર યાદવ છે, જેમને ગયા વર્ષે એટલે કે નવેમ્બર ૨૦૨૩માં પ્રથમ વખત કેપ્ટનશીપ મળી હતી. સૂર્યાએ કેપ્ટન તરીકે પોતાની પ્રથમ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાને ૨-૧થી હરાવ્યું હતું. આ પછી તેણે પોતાની કેપ્ટનશિપમાં દક્ષિણ આફ્રિકાને પણ હરાવ્યું છે.

### શ્રીલંકા સામેની વનડે સિરીઝમાં રોહિત, કોહલી અને હાર્દિક રમે તેવો ગૌતમ ગંભીરનો આગ્રહ

**ભારતીય ક્રિકેટ ટીમના નવનિયુક્ત હેડ કોચ ગૌતમ ગંભીર ની આ પ્રથમ સિરીઝ છે ત્યારે તેના આ કાર્યકાળની શરૂઆતમાં જ તે એક પણ એવી તક છોડવા માંગતા નથી જેનાથી તેના ભવિષ્ય પર અસર પડે માટે ગંભી રહે શ્રીલંકા સામેની વનડે સિરીઝમાં રોહિત શર્મા, વિરાટ કોહલી તથા હાર્દિક પંડ્યાને રમવાનો આગ્રહ કર્યો છે. સાથોસાથ બોર્ડ એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે કે, સિનિયર ખેલાડીઓ દુલિપ ટ્રોફીમાં રમે એટલું જ નહીં સિલેક્ટરોનું માનવું છે કે હાર્દિક પંડ્યા વિજય હજારે ટ્રોફી માટે પણ તેનું યોગદાન આપે જે ૫૦ ઓવર ની મેચ હોય છે. હાલ સિનિયર ખેલાડીઓ ની ક્ષમતામાં વધારો થાય તે હેતુસર દિલીપ ટ્રોફી માટે કોઈ ઝોનલ સિલેક્શન કમિટી નહીં પરંતુ નેશનલ સિલેક્શન કમિટી ટીમનું ચયન કરશે. બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે જણાવ્યું હતું કે ટીમના જે સ્ટાર ક્રિકેટરો છે તે જ્યારે નેશનલ ટુર્નામેન્ટ ન હોય તે હર્ષામાં છે ડોમેસ્ટિક ટુર્નામેન્ટ રમાતી હોય તેમાં તેઓ સહભાગી થાય.**

# વિટામિન, મિનરલ્સને લગતા સપ્લીમેન્ટરી દવાઓને ડ્રગ્સના દાયરામાંથી મુક્ત રાખવા માંગ

## ન્યુટ્રાસ્યુટિકલ્સ ઉદ્યોગ વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ૧.૪૪ લાખ કરોડે પહોંચશે

**અબતક, નવીદિલ્હી**

ફાર્મા લોબી જૂથો અને ઉદ્યોગ નિષ્ણાતોએ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મોનિટરિંગમાંથી ન્યુટ્રાસ્યુટિકલ્સ દૂર કરવા અને તેને ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીને સોંપવાની સરકારની યોજના સામે સખત વાંધો ઉઠાવ્યો છે. તેમણે આ પગલા પર આશંકા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે જ્યાં સુધી વિગતવાર ચર્ચા ન થાય ત્યાં સુધી આ પ્રસ્તાવને મુલતવી રાખવો જોઈએ. ન્યુટ્રાસ્યુટિકલ્સ એવા ખાદ્ય ઉત્પાદનોનો સંદર્ભ આપે છે જેમાં વધારાના સ્વાસ્થ્ય લાભો હોય છે અને તેમાં પૂરક, કાર્યાત્મક ખોરાક અને પીણાંનો સમાવેશ થાય છે. ઉદ્યોગના ડેટા અનુસાર, ભારતમાં આ ક્ષેત્ર ૨૦૨૦માં ૩૨ હજાર કરોડની માર્કેટ ધરાવતું હતું જે વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧.૪૪ લાખ કરોડ સુધી પહોંચશે તેવી શકયતાઓ વ્યક્ત કરાઈ રહી છે.



મહત્વનું એ છે કે વિટામીન અને મિનરલ્સ ને લગતી જે સપ્લીમેન્ટરી દવાઓ નો ડ્રગ્સ રેગ્યુલેટર માં સમાવેશ ન કરવો જોઈએ કારણ કે આ એવી દવાઓ છે કે જેનાથી કોઈ પણ વ્યક્તિને તેની આડ અસર થતી નથી અને કોઈ જોખમ રહેતું નથી ત્યારે જો આ પરિસ્થિતિ અંગે જ્ઞાન કેન્દ્રિત કરવામાં નહીં આવે તો આ ઉદ્યોગને ઘણો ખરો ફટકો પણ પહોંચી શકે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે દેશમાં ન્યુટ્રાસ્યુટિકલ્સ માટેના નિયમો કોડેક્સ એલિમેન્ટેરિયસ સાથે જોડાયેલા છે, જે ગ્રાહકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થાના નેજા હેઠળ કામ કરતી વૈશ્વિક સંસ્થા છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા નિયમો વૈશ્વિક પ્રથાઓ સાથે સુસંગત છે અને યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન અને યુરોપિયન યુનિયન જેવા અન્ય દેશોમાં પ્રચલિત નિયમો સાથે તુલનાત્મક છે.

ઈન્ડિયન ડ્રગ મેન્યુફેકચરર્સ એસોસિએશનની ન્યુટ્રાસ્યુટિકલ કમિટીના ચેરમેન ડો આરકે સંઘવીએ જણાવ્યું હતું કે, “આ દેશોના નિયમોમાં વિટામિન્સ, મિનરલ્સ, પ્રી- અને પ્રોબાયોટિક્સ સહિત ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા નિયમો જેવી જ શ્રેણીઓ આવરી લેવામાં આવી છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ ભારતના ન્યુટ્રાસ્યુટિકલ્સને વૈશ્વિક પ્રણાલીઓ અનુસાર લાવ્યા છે, જેનાથી આ ઉત્પાદનોની સલામતી સુનિશ્ચિત થાય છે.



# સેટેલાઈટ બ્રોડબેન્ડ માટે તાત્કાલિક સ્પ્રેકટમ ફાળવવા નેટવર્ક કંપનીઓની માંગ

## કેન્દ્રીય ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સેટેલાઈટ કોમ્યુનિકેશન્સને લઈને નેટવર્ક કંપનીઓ સાથે બેઠક યોજી

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ તાજેતરમાં સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ (સેટકોમ)ને લઈને નેટવર્ક કંપનીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં સમગ્ર ભારતમાં કનેક્ટિવિટી સેવાઓની ઍક્સેસને સુધારવાની રીતો પર ચર્ચા કરવામાં આવી હતી.

ભારતી ગ્રૂપ સમર્થિત વન વેબ અને રિલાયન્સ જીઓ એ કેન્દ્રીય મંત્રીને લગભગ છ મહિના માટે સેટેલાઈટ સ્પેક્ટ્રમની પ્રારંભિક કામચલાઉ ફાળવણી પર વિચારણા કરવા જણાવ્યું હતું. આનાથી તેઓ ભારતમાં ઝડપથી સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવાઓ શરૂ કરી શકશે, જે નોંધપાત્ર સંભાવનાઓ સાથે વિકસતું બજાર છે.

હાલમાં, કંપનીઓને કોમર્શિયલ સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ (સેટકોમ) સેવાઓ ઓફર કરતા પહેલા બે મુખ્ય મંજૂરીની જરૂર પડે છે: એક જીએમપીસીએસ લાઈસન્સ અને ઈન સ્પેસ તરફથી અધિકૃતતા. વન વેબ અને જીઓએ બંનેએ પહેલેથી જ આ લાયસન્સ, તેમજ ભારતમાં તેમના સેટેલાઈટ નેટવર્કનું સંચાલન કરવા માટે અધિકારો મેળવી લીધા છે.

સ્ટારલિંક જેવી વૈશ્વિક જાયન્ટ્સ પણ ભારતીય બજાર પર નજર રાખી રહી છે, પરંતુ હજુ પણ નિયમનકારી પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. વન વેબ અને જીઓ પોતાની જાતને પ્રથમ મૂવર્સ તરીકે સ્થાપિત કરવામાં ઈચ્છે છે. ટેલિકોમ પ્રધાન સાથેની તાજેતરની બેઠક દરમિયાન, ઉદ્યોગના પ્રતિનિધિઓએ સેટેલાઈટ સ્પેક્ટ્રમની અસ્થાયી ફાળવણીનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ લાઈસન્સ ધરાવતી કંપનીઓને કામગીરી શરૂ કરવાની મંજૂરી આપશે જ્યારે અંતિમ સ્પેક્ટ્રમ કિંમત નિર્ધારણ નિયમો નક્કી કરવામાં આવી રહ્યાં છે.

સેટેલાઈટ ઉદ્યોગ ચિંતિત છે કે સ્પેક્ટ્રમ ફાળવણીના નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં મહિનાઓ લાગી શકે છે, જેના કારણે ભારતમાં કોમર્શિયલ સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવાઓમાં નોંધપાત્ર વિલંબ થાય છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા ને હમણાં જ સ્પેક્ટ્રમ કિંમત નિર્ધારિણ અને ફાળવણીની શરતોની ભલામણ કરવાનું કામ મળ્યું છે, અને આ પ્રક્રિયામાં ઘણા મહિનાઓ લાગવાની અપેક્ષા છે.

આ બેઠકમાં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન સેક્રેટરી નીરજ મિત્તલ, સભ્ય (ફાઈનાન્સ) મનીષ સિંહા, સભ્ય (ટેક્નોલોજી) મધુ અરોરા ઉપરાંત રિલાયન્સ જિયો ઈન્ફોકોમના ચીફ રેગ્યુલેટરી ઓફિસર રવિ ગાંધી, ભારતી એરટેલના ચીફ રેગ્યુલેટરી ઓફિસર હાજર હતા. અને વનવેબ ઈન્ડિયાના ડિરેક્ટર રાહુલ વત્સ અને ઈન્મરસેટના મેનેજિંગ ડિરેક્ટર ગૌતમ શર્મા પણ હાજર હતા.

# આજીની જેમ સાબરમતી નદીમાં જળકુંભી વેલે ત્રાસ વર્તાવ્યો



## જળકુંભી વેલને હટાવવા માટે હજુ એક મહિના જેટલો સમય લાગે તેવી સંભાવના

**અબતક, અમદાવાદ**

આજી નદી ની જો વાત કરવામાં આવે અને માર્કેટિંગ યાર્ડ પાછળના ભાગમાં જળકુંભી વેલ નો ત્રાસ અત્યંત સતાવી રહ્યો છે અનેકવિધ પગલાંઓ લેવા છતાં સ્થિતિ યથાવત જોવા મળે છે ત્યારે આવી જ એક ઘટના સાબરમતી નદીમાં પણ જોવા મળી જેના કારણે હાલ જળકુંભી વેલનાથ ત્રાસથી પ્લોટીંગ રેસ્ટોરન્ટ પણ બંધ થઈ ચૂક્યું છે. અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર હજુ આવેલને કાઢતા એક મહિના જેટલો માધબર સમય લાગી શકે તેમ છે.

ભારે વરસાદના ભયને કારણે જ્યારે મહાનગરપાલિકાએ સાબરમતી નદીનું જળસ્તર ઘટાડવા માટે પાણી છોડ્યું ત્યારે નદીની સપાટી પર હ્યુસિન્થની ચાદર ફેલાઈ ગઈ હતી. આ અણધારી ઘટનાને કારણે લોકપ્રિય ફ્લોટિંગ રેસ્ટોરન્ટ મંગળવારે બંધ કરવી પડી હતી. આ મુદ્દાએ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ પ્રયાસોની અસરકારકતા પર શંકા ઊભી કરી છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દરરોજ ચાર સ્કિમર મશીન ચલાવવા માટે રૂ. ૪૮,૦૦૦ ખર્ચે છે. જળ હાયસિન્થનો ચેપ મુખ્યત્વે ગરમી, બાષ્પીભવન, ગટર અને પાણીમાં પોષક તત્વોના વધેલા સ્તરને કારણે થાય છે. આ બધું પાણીના હાયસિન્થના ફેલાવા તરફ દોરી જાય છે. સમસ્યાની ગંભીરતા ઈન્દિરા બ્રિજથી સુભાષ બ્રિજ સુધી અને વાડજમાં વાસણા બેરેજ અને દધીચી બ્રિજ વચ્ચે દેખાય છે, જ્યાં નદીની સપાટી પર નીંદણના મોટા પેચ ઉગી ગયા છે.

અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે, "જ્યારે વાસના બેરેજ પર પાણીનું સ્તર ૧૩૫ ફૂટથી વધી જાય છે, ત્યારે અમારે નદીના કાંઠામાંથી પાણી છોડવું પડશે કારણ કે આસપાસના વિસ્તારોમાં પૂર આવી શકે છે. આ પરિબળો અમને ભારે વરસાદ દરમિયાન બેરેજના દરવાજા ખોલવા માટે દબાણ કરે છે, જેમ કે સોમવારે કરવામાં આવ્યું હતું જ્યારે પાણીનું સ્તર લગભગ ૧૩૨ ફૂટ જાળવવા માટે ૩ ફૂટ દ્વારા પાંચ દરવાજા ખોલવામાં આવ્યા હતા તે એટલી હદે અવરોધિત કરવામાં આવ્યા હતા કે તે અમને લઈ જશે તેને સાફ કરવા માટે ઓછામાં ઓછો એક મહિનો

સાબરમતીની દુર્દશા તેમાં ગંદા પાણીના નિકાલને કારણે વધુ વકરી છે.

અનધિકૃત ડ્રેનેજ જોડાણોને કારણે શુદ્ધિકરણના પ્રયાસો પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં. અમે આ જોખમને નિયંત્રણમાં લેવા માટે અન્ય ભારતીય શહેરો દ્વારા અપનાવવામાં આવતી વૈકલ્પિક પદ્ધતિઓનો અભ્યાસ કરી રહ્યા છીએ. અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં, નદીમાં ખાલી થતા વરસાદી પાણીની લાઈનોમાં ગટરનું પાણી છોડવામાં આવી રહ્યું છે, જે એક મોટી ચિંતાનો વિષય છે.

# પૂર્ણ બજેટ પહેલા જ વિવિધ ક્ષેત્રોમાં નીતિગત ફેરફારો થવાની સંભાવના

### આવકવેરામાં ટેક્સ સ્લેબની સાથોસાથ માળખાગત સુવિધા તથા વહીવટી પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવાની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોની અપેક્ષા


## પૂર્ણ બજેટમાં ખેતી તથા મધ્યમ વર્ગના લોકોને રાહત મળે તેવી યોજનાઓની જાહેરાતની અપેક્ષા

**રાજકોટ, તા. ૧૭**

જેમ જેમ કેન્દ્રીય બજેટ ૨૦૨૪ નજીક આવી રહ્યું છે તેમ તેમ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર નીતિગત ફેરફારો અને નાણાકીય ફાળવણીની અપેક્ષાઓ વધી છે. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે પરંપરાગત 'હલવા' સમારોહમાં ભાગ લીધો હતો, જે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ની તૈયારીના અંતિમ તબક્કાને ચિહ્નિત કરે છે. બજેટ ૨૩ જુલાઈએ લોકસભામાં રજૂ થવાનું છે. પ્રેઝન્ટેશન પહેલાં, 'હલવો' તૈયાર કરવામાં આવે છે અને બજેટની તૈયારી સાથે સંકળાયેલા નાણા મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓને પીરસવામાં આવે છે. નિયમનકારી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવી અને કર પ્રોત્સાહનો પ્રદાન કરવા, જેમ કે સ્ટાર્ટઅપ માટે ટેક્સ હોલિડે ત્રણથી પાંચ વર્ષ સુધી વધારવાથી, ખૂબ જ જરૂરી રાહત મળશે.

### બજેટમાં આવકવેરા વિભાગની વહિવટી કામગીરીને મજબૂત બનાવવાની જરૂર : રણજીત લાલચંદાણી

ઈન્કમટેક્સ કન્સલ્ટન્ટ રણજીત લાલચંદાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે જ્યારે નાણામંત્રી દ્વારા પૂર્ણ બજેટ રજૂ કરવામાં આવશે તેમાં લેબમાં ફેર કરવો એ કોઈ મોટું રિફોર્મ નહીં હોય અને આ પ્રકાર ના નિર્ણયથી કરદાતાઓને કોઈ મોટો ફાયદો પહોંચતો નથી પરંતુ જરૂરી એ છે કે વહીવટી કામગીરીને જો વધુ મજબૂત બનાવવામાં આવે તો આવકવેરા વિભાગને તથા કેન્દ્ર સરકારને ઘણો ફાયદો પહોંચશે. તેઓ જણાવ્યું હતું કે હાલ અપીલના ઘણા ખરા કેસો પેન્ડિંગ છે કારણ કે યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે જે કેસનો નિકાલ થવો જોઈએ તે થતો નથી ત્યારે બજેટમાં એ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવે જેનાથી અપીલના કહેશો ઝડપભેર પૂર્ણ થાય તે જરૂરી છે. જણાવ્યું હતું કે કાં તો નાણામંત્રાલય દ્વારા આવક વિભાગની કામગીરીને વધુ સરળ બનાવવા માટે અને લીટીગેશનના પ્રશ્નોને નિવારવા માટે વિવિધ સ્કીમ ની અમલવારી કરવામાં આવે તોપણ ઘણા અંશે આ પ્રશ્ન હલ થઈ જશે. સાથો સાથ તેઓએ જણાવ્યું હતું કે અધિકારીઓ માટે પણ કોઈ એવા નિયમો બનવા જોઈએ અને આ તમામ પ્રક્રિયા વહીવટી હોવાના કારણે તેનો સમાવેશ બજેટમાં થઈ શકે છે.



ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ, ખાસ કરીને ઓછી સેવા ધરાવતા વિસ્તારોમાં અને એ.આઈ , રિન્યુએબલ એનર્જી અને ડીપ ટેક માટે કેન્દ્રિત કૌશલ્ય વિકાસ કાર્યક્રમો જરૂરી છે. આ કૌશલ્ય વિકાસ પહેલોમાં ખાનગી અને જાહેર ક્ષેત્રો વચ્ચેનો સહયોગ મજબૂત પ્રતિભા પુરવઠા શૃંખલાને સુનિશ્ચિત કરશે. વધુમાં, ઈકોસિસ્ટમ ભાગીદારી દ્વારા સામુદાયિક વિકાસને પ્રોત્સાહન આપવું અને ટેકમાં મહિલાઓ માટે સહાયક પહેલ આપણા ઉદ્યોગની વિવિધતા અને સમાવેશને મજબૂત બનાવશે. સરકાર સંખ્યાબંધ નવીનતા કેન્દ્રો બનાવીને અને સંશોધન અને વિકાસ માટે અનુદાન આપીને આ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં પ્રગતિ કરી શકે છે.

પૂર્ણ બજેટને લઈને રાજકોટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પણ પ્રતિક્રિયા આપવામાં આવી હતી જેમાં તેઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે મધ્યમ વર્ગના લોકોની સાથો સાથ ખેતીવાડી ક્ષેત્રે નાણામંત્રાલય દ્વારા અનેકવિધ ફેરફારો કરવામાં આવશે જેનો મહત્તમ લાભ લોકો લઈ શકશે.

### હાઉસિંગ લોનના વ્યાજની લિમિટ વધારવામાં આવે તેવી અપેક્ષા : સી.એ. મિતુલ મહેતા

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા ના રાજકોટ બ્રાન્ચના ચેરમેન મિતુલ મહેતાએ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ દરેક લોકો કે જે સામાન્ય કરદાતા છે અથવા તો મધ્યમ વર્ગ પરિવારમાંથી આવે છે તેનો એક જ પ્રશ્ન હોય કે બજેટમાં તેઓને શું લાભ મળશે? તો બીજી તરફ મધ્યમ વર્ગ અને ઉચ્ચતર માધ્યમ વર્ગમાં જે ટેક્સ લેબમાં મળતો બેનિફિટ કેમ વધુ થાય અને તે લિમિટ ને વધારવામાં આવે તેવી અપેક્ષા અને માંગ કરવામાં આવતી હોય છે આ તકે મિતુલભાઈએ જણાવ્યું હતું કે, ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે હોમ લોન ના વ્યાજ માટેની જે લીમીટ બે લાખ રૂપિયા છે તે અત્યંત જૂની છે જેથી આ લિમિટ ને વધારવામાં આવે તો લોકોને ઘણો ખરો ફાયદો પણ પહોંચશે બીજી તરફ તેઓ જણાવ્યું હતું કે હાલ નાણામંત્રાલય દ્વારા નવી કાર માળખા સુવિધા અને જૂની કર માળખાની સુવિધા આ બંને કરદાતાઓને આપવામાં આવી છે જેને લઈને ઘણી વિસંગતતાઓ જોવા મળે છે ત્યારે નાણામંત્રાલય દ્વારા એક કોમન કર માળખું ઊભું કરવામાં આવે તો ઉદ્ભવેલા પ્રશ્નોનું નિવારણ શક્ય બની શકે. જણાવ્યું હતું કે સેલેરાઈડ એમપ્લોઈ માટે પણ આ વખતે સરકાર પગારદારો માટે કંઈક વિચારે તેવા ઉજળા સંજોગો જોવા મળે છે.



### પૂર્ણ બજેટ ખેતી તથા મધ્યમ વર્ગના લોકો ઉપર વધારે મદાર રાખતું હોય તો નવાઈ નહીં : સી. એ. જીગ્નેશ રાઠોડ

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જીગ્નેશ રાઠોડ એ જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીપૂર્વે કેન્દ્ર સરકાર દ્વારા વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જેમાં મહત્તમ તમામ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા ત્યારે નાણામંત્રી દ્વારા જે પૂર્ણ બજેટ રજૂ કરવામાં આવશે તેમાં એવી કોઈ કદાચ મોટી જાહેરાત ન હોય પરંતુ એ વાત પાકી છે કે સરકાર આ વખતે ખેતી તથા મધ્યમ વર્ગના લોકો ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે અને આ બંને વર્ગમાં વધુને વધુ લાભ મળી રહે તે હેતુસર કામગીરી હાથ ધરવામાં આવશે. જણાવ્યું હતું કે જીએસટીની બેઠક દર માસે મળતી હોવાના કારણે કોઈ મોટા ફેરફાર ન આવે પરંતુ ડાયરેક્ટ ટેક્સમાં સરકાર અને નાણામંત્રાલય કરતા અને વધુ લાભ આપે તેવી યોજનાઓ ની જાહેરાત કરી શકે છે. તમે જણાવ્યું હતું કે એકંદરે આ પૂર્ણ બજેટ લોક ઉપયોગી નીવડે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.



### જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને ક્રેડાઈ વુમન્સ વિંગ આયોજિત

# સિદ્ધિ સ્પેસ સાઈટ પર ઈ-નિર્માણ કાર્ડ કેમ્પમાં ૧૦,૦૦૦ મજૂરોને ઈ-નિર્માણ કાર્ડનો લીધો લાભ

### ૫૦૦થી વધુ મજૂરોને ઇ નિર્માણ કાર્ડ વિશે માહિતી અપાઈ: સિદ્ધિ સ્પેસ સાઈટ પર ઇ નિર્માણ કાર્ડ કેમ્પ યોજાયો






**અબતક-રાજકોટ**

રાજકોટમાં અંબિકા ટાઉનશિપમાં આવેલ સિદ્ધિ સ્પેસ સાઈટ પર ઈ નિર્માણ કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ક્રેડાઈ વુમન્સ વિંગ અને રાજકોટ બિલ્ડર એસોસિએશન દ્વારા મજૂરો કન્સ્ટ્રક્શન સાઈડ ઉપર કામ કરે છે તેને હેલ્થ જાગૃતિ માટે આ કેમ્પ યોજાયો હતો. કન્સ્ટ્રકશન સાઈડ

(અનુ. આઠમા પાને)

### સરકારની વિવિધ લેબર સ્કીમો વિશે અપાયું સચોટ માર્ગદર્શન: કે.એમ. ગોહીલ

'અબતક' સાથેની વાતચીતમાં કે.એમ. ગોહિલએ જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ કિરણ વૈષ્ણવના અધ્યક્ષતા લીગલ અવેરનેસ માટે મજુરોને જાગૃતિ અર્થે અને ઈ-નિર્માણ કાર્ડના વિવિધ લાભો તથા ૨૦૧૫ની સરકારની વિવિધ સ્કીમો વિશે મજુરોને શું શું લાભ મળશે તેનું સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. રાજકોટ બિલ્ડર એસો. ની અનન્ય પહેલથી મજુરોને ખુબ જ ફાયદો થયો છે.




### સક્ષમ ભારતનું સ્વપ્ન પરિપૂર્ણ કરવા અમે પ્રયત્શીલ: હેમલ મહેતા

'અબતક' સાથેની વાતચીતમાં સિધ્ધી ગ્રુપના હેમલ મહેતાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન ના સક્ષમ ભારતના સ્વપ્નને સાકાર કરવા રાજકોટ બિલ્ડર એસો. દ્વારા એક પહેલ કરવામાં આવી છે જે મજુરો કન્ટ્રકશન સાઈટ પર કામ કરે છે તે માટે ઈ-નિર્માણ કાર્ડ થકી મળતા લાભોથી પરિચિત કરાશે.સિધ્ધી ગ્રુપ ૫૦૦-૬૦૦ નો લેબર ફોર્સ ધરાવે છે.જેમાં વિવિધ લાભો આરોગ્ય લક્ષી ચકાસણી કરવામાં આવે છે. અ સેવાકીય કાર્યમાં નીખીલભાઈ, ચેતનભાઈ સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી રહ્યા છે. સક્ષમ ભારતનું સ્વપ્ન પુર્ણ કરવા અમે હંમેશા કાર્યશીલ રહેશે.



### બે વર્ષના લેબર જાગૃતિ અભિયાનમાં ૧૦,૦૦૦ લેબરોને કરાયા માહિતીસભર

'અબતક' સાથેની વાતચીતમાં ડેકોરા ગ્રુપના દર્શનાબેન પટેલે જણાવ્યું હતું કે, સરકારની જે સ્કીમો મજુરો માટે બહાર પડે છે. તેનાથી મજુરો વંચિત રહે છે તે માટે તેનામાં જાગૃતિ લાવવા અમે આ બીડું ઝડપયું છે. આ ઉપરાંત મજુરોના આરોગ્ય માટે અલગ અલગ ૧૭ પ્રકારના ટેસ્ટ કરાવવામાં આવે છે. બે વર્ષથી સતત આ કાર્ય સાથે જોડાઈને ૧૦,૦૦૦ લેબરોને ફાયદો કરાવીને માહીતી સભર બનાવ્યા છે.



# મંગલ બેલા આયી...

# નવદંપતી અનંત-રાધિકાને ફૂલડે વધાવતો રિલાયન્સ પરિવાર



## રિલાયન્સના કર્મચારીઓએ એરપોર્ટ પર ઢોલ નગારા સાથે ફૂલોની વર્ષા કરી નવદંપતીઓને હોંશભેર આવકાર્યા



## રિલાયન્સ પરિવારની દિકરીઓએ અનંત અને રાધિકાને ભાવભેર પોખ્યા

**અબતક, જામનગર**

એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના નાનાપુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના જાજરમાન લગ્નોત્સવ યોજાયો હતો. અનંત રાધિકના લગ્નમાં દુનિયાભરમાંથી ખ્યાતનામ હસ્તીઓએ ઉપસ્થિત રહી આશિર્વાદ આપ્યા હતા. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ય લગ્નગ્રંથીએ જોડાયા બાદ ગઈકાલે રાત્રે પ્રથમ વખત જામનગર પહોચ્યા હતા મુંબઈમાં લગ્નવિધિ સહિતના ફંકશન પૂર્ણ થયા બાદ અનંત અને રાધિકા જામનગર એરપોર્ટ પર પહોચતા નવદંપતીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. અનંત અને રાધિકા માટે કાર શણગારવામાં આવી હતી. તેઓ જામનગર પહોચે તે પહેલા જ રિલાયન્સ પરિવાર દ્વારા તેઓના ભવ્ય સ્વાગતની તૈયારી કરવામાં આવી હતી. અનંત રાધિકાને સુશોભિત કરેલ કારમાં રિલાયન્સ ગ્રીન સુધી લઈ જવામાં આવ્યા હતા.અનંત અને રાધિકા જામનગર પહોંચતા રિલાયન્સ પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ રિલાયન્સ પરિવારની દિકરીઓએ અનંત અને રાધિકા ને ભાવ ભેર પોખ્યા હતા..

આજે અનંત અને રાધિકા દ્વારકાધીશના દર્શન કરવા જશે તેવી શકયતા છે.

અનંત અને રાધિકાના લગ્નોત્સવ પહેલા અંબાણી પરિવાર દ્વારા જામનગરમાં ૧ થી ૩ માર્ચ દરમિયાન પ્રી-વેડીંગ ફંકશન યોજવામાં આવ્યુ હતુ. જામનગના ખાવડી પાસે રિલાયન્સ ગ્રીન્સમાં યોજાયેલા પ્રી વેડીંગ ફંકશનમાં અંબાણી પરિવાર, મર્ચન્ટ પરિવારના સભ્યો, ફિલ્મ સ્ટાર સહિત દેશ-વિદેશની જાણીતી હસ્તીઓ સામેલ થઈ હતી.

અનંત અને રાધિકાના પ્રિ-વેડીંગ ફંકશનમાં પોપ સ્ટાર રોહાનાએ પરફોમન્સ આપ્યું હતુ.ત્યારે જામનગરમાં એરપોર્ટ પર રિલાયન્સના કર્મચારીઓએ ઢોલ નગારા, સાથે ભવ્ય સ્વાગત કર્યું હતુ અને બંને પર ફૂલોની વર્ષા કરી હતી.

રાધિકા અને અનંતએ લોકોનું હાથ જોડીને અભિવાદન કર્યું હતુ. અનંત સફેદ પેન્ટ અને પ્રિન્ટેડ હાઈ જેકેટ સાથે ગુલાબી કુર્તામાં તથા રાધિકા પણ ગુલાબી ડ્રેસમાં સુંદર લાગતી હતી.

## અનંત-રાધિકાએ હાથ જોડી રિલાયન્સ પરિવારનું અભિવાદન ઝિલ્યું

બંનેએ લોકોનું અભિવાદન ઝિલ્યું હતુ.મળતી માહિતી મુજબ મુંબઈના જિયો વર્લ્ડ કન્વેનશન સેન્ટરમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં દુનિયાભરનાં બિઝનેશ ટાયકુન, ગ્લોબલ સ્ટાર, રાજકીય અગ્રણીઓ, ફિલ્મ સ્ટાર સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. ડેલ હાઉન સિંગર રેમાએ પણ લગ્નમાં પર્ફોર્મ કરી સ્ટેજ પર આગ લગાવી હતી.

મુંબઈમાં લગ્નવિધિ સહિતનાં ફંકશન પૂર્ણ થયાં બાદ અનંત અને રાધિકા જામનગર પહોંચતાં એરપોર્ટ પર નવદંપતીનું સ્વાગત કરવામાંઆવ્યું હતું. અનંત અને રાધિકા માટે કાર શણગારવામાં આવી હતી. જેમાં સવાર થઈ નવદંપતી સુરક્ષા બંદોબસ્ત સાથે 'રિલાયન્સ ગ્રીન' જવા રવાના થયા હતા... મુંબઈમાં લગ્નગ્રંથિથી જોડાયા બાદ અનંત અને રાધિકા ગઈ કાલે રાત્રે જામનગર એરપોર્ટ પર આવી પહોંચ્યાં હતાં. નવદંપતી જામનગર પધારે તે પહેલાં જ રિલાયન્સ પરિવાર દ્વારા તેઓના ભવ્ય સ્વાગતની તૈયારી કરવામાં આવી હતી.



# ધરતીને લીલીછમ બનાવવા રોપાઓનું વાવેતરની સાથે જતન કરવું જરૂરી : સાંસદ રૂપાલા

**અબતક-રાજકોટ**

પર્યાવરણ જતન અને વાતાવરણ શુદ્ધિ માટે વૃક્ષોનું પ્રદાન અમૂલ્ય છે. જેને ધ્યાનમાં રાખીને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી 'એક પેડ માં કે નામ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જસદણ તાલુકાના વીરનગર ગામે રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં અને સાંસદ રામભાઈ મોકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ વેળાએ સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા એ ગ્રામજનોને 'એક વૃક્ષ માતાના નામે' અભિયાનમાં સહભાગી થવાનું આહવાન કરતા જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વૈશ્વિક ફલક પર વૃક્ષારોપણની ભાવવાહી અપીલ કરવામાં આવી છે. ત્યારે આંખોની સારવાર માટે સુપ્રસિદ્ધ એવું વીરનગર ગામ ભવિષ્યમાં હરિયાળાં ગામ તરીકે ઓળખાય તેની જવાબદારી ગામલોકોની છે. ધરતીને લીલીછમ બનાવવા માત્ર રોપાઓનું વાવેતર જ નહીં પરંતુ વૃક્ષોનો ઉછેર કરવો અને જતન કરવું પણ એટલું જ આવશ્યક છે. ત્યારે ગામલોકો માતા સાથે મળીને અથવા સદગત માતાની યાદમાં અઢળક વૃક્ષો વાવીને આ અભિયાનને વ્યાપક પ્રતિસાદ આપશે, તેવો વિશ્વાસ છે.અંતે સાંસદઓએ બાલા હનુમાનજી મંદિરના પટાંગણમાં જન્મદાત્રીની સ્મૃતિરૂપે વડીલ બહેનો સાથે મળીને વૃક્ષોનું વાવેતર કર્યું હતું અને હનુમાનજીના દર્શન કર્યા હતા. મહાનુભવોએ નિર્દોષાનંદ સ્વામી આશ્રમની મુલાકાત લઈને વિશ્વનાથ મહાદેવજીની આરતી ઉતારી હતી.


ઉલ્લેખનીય છે કે જસદણ-વીંછિયા પંથકમાં ચાલુ વર્ષે આશરે એક લાખ રોપાઓનું વાવેતર કરવાનો ધ્યેય છે, જે પૈકી અત્યાર સુધીમાં અંદાજે ૩૨ હજાર રોપાઓનું વાવેતર થઈ ચૂક્યું છે.

જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણી અને જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં મામલતદાર એમ. ડી. દવે, તાલુકા રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર. એસ. રાઠવા, જસદણ તાલુકા વિકાસ અધિકારી કરશનભાઈ ચુડાસમા, જિલ્લા આજીવિકા મિશન અધિકારી વી. બી. બસિયા સહિતના અધિકારીઓ અને રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયાના સહિતના દૂધ મંડળીઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.





બાલા હનુમાન મંદિરના પટાંગણમાં જન્મદાત્રીની સ્મૃતિરૂપે વૃક્ષોરોપણ કરતા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા અને રામભાઈ મોકરીયા



# સાસણગીરની પ્રેમ – કરૂણાથી ભરપુર ફિલ્મ 'રામ ભરોસે' શુક્રવારે રિલીઝ

## 'રામ ભરોસે' ફિલ્મ ગામડામાં રહેતા કેશવ અને કેસર નામના યુગલની પ્રેમ વાર્તા છે

**અબતક, રાજકોટ**

આજના સમય ગુજરાતી ફિલ્મોનો ક્રેઝ દિન પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. ગુજરાતી ફિલ્મ લોકોને પસંદ પડી રહી છે. ત્યારે આગામી ૧૯મી જુલાઈના રોજ ગુજરાતી ફિલ્મ 'રામ ભરોસે'આવી રહી છે જેનું શુટીંગ સાસણગીરમાં થયેલું છે.


સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારની એક પ્રેમ કહાની લઈને આવે છે ફિલ્મ 'રામ ભરોસે' આ ફિલ્મમાં ગીરના એક ગામડામાં જયા લોકો ખુલ્લા હૃદયના છે, પણ શિક્ષણનો પણ અભાવ છે, એવા એક ગામડામાં કેશવ અને કેસર નામના યુગલની આ પ્રેમ વાર્તા છે. પ્રેમમાં પડેલા કેશવ અને કેસરની જીંદગીમાં મોટા ઉલટફેર થાય છે જયારે કેસર પ્રેગ્નેન્ટ થઈ જાય છે. અને એના પછી એ બન્ને કેશવના મિત્ર પરાગ અને કાકુભાની મદદથી શું કરશે એ વાત વાર્તાને આગળ ધપાવે છે.

આ રીતે આ (અનુ. આઠમા પાને)





તસવીરઃ કરન વાડોલિયા



## ફિલ્મના ડિરેકટર, વાર્તાકાર વિશાલ વડાવાળા, કલાકારો રીવા રાચ્છ, ધૈર્ય ઠકકરએ 'અબતક'ની મુલાકાતમાં ફિલ્મ વિશે આપી માહીતી

### એસ્ટાબ્લીસ હિરો-હિરોઇન થી જ ફિલ્મ ચાલે તે જરૂરી નથી વાર્તા સારી હોવી જોઈએ: વિશાલ વડાવાળા

'અબતક' ની મુલાકાતે આવેલા ડિરેકટર વાર્તાકાર વિશાલ વડાવાળાએ જણાવ્યું હતું કે, આજથી ૨૭ વર્ષ પહેલા માત્ર ત્રણ હજાર રૂ. સાથે ઉનાથી મુંબઈ ગયેલ હતો. અભિનેતા બનવા માટે પરંતુ ન બની શકયો પરંતુ ફીલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં વેનીટીવેનના બિઝનેસ સાથે જોડાયો, આજે ૬૫ વેન મારી છે. મને પ્રોડકયુસર નોલજે હતું. **(અનુ. આઠમા પાને)**

### કાઠીયાવાડી બોલી બોલવી પડકારરૂપ હતી પરંતુ સૌના સહકારથી મે મારા પાત્રને ન્યાય આપ્યો: ધૈર્ય ઠકકર

'અબતક' સાથેની વાતચીતમાં રામ ભરોસે ફિલ્મના કલાકારોએ ધૈર્ય ઠકકરએ જણાવ્યું હતું કે મેં ક્યારેય થિયેટર કર્યુ નથી. મને ફિલ્મ મળી ત્યારથી જ કામ પર ફોકસ કર્યુ હતું. સફળતાની એક જ ચાવી છે પરિશ્રમ કરો હું ધીમે ધીમે મારી સ્કીલ, ડેવલપ કરી રહ્યો છું. આ ફિલ્મ કાઠીયાવાડી લેગ્વેજમાં છે. મને કાઠીયાવાડી બોલી નહોતી આવડતી તે મારા માટે પડકારરુપ હતું. પરંતુ બધાના સાથ સહકારથી મેં ખુબ જ સારી રીતે મારા રોલને ન્યાય આપ્યો.

# પાણીના ખાડામાં પડેલા વીજ તાર પરથી પસાર થતા એક્ટિવા ચાલક યુવતીનું કરન્ટ લાગતા મોત

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગત સમી સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ વરસાદી માહોલ વચ્ચે શહેરના નાનામવા રોડ પરથી પસાર થતી કોલેજીયન યુવતીને ચાલુ વાહને પાણી માંથી વીજશોક લાગતા બેભાન થઈ ગઈ હતી ત્યારે સરવાર અર્થે તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાંજ યુવતીનું મોત નિપજયુ હતું યુવતીના મોતથી પરિવારમાં કાળો કકળાટ થયો હતો. બનાવ અંગે તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ હરિદ્વાર હાઈટ્સ બી વિંગમાં રહેતી નિરાલીબેન વિનોદભાઈ કુકડીયા ઉં.૨૨ નામની યુવતી રાત્રે ચાલુ વરસાદે આઠેક વાગ્યે નાનામવા રોડ નજીક આવેલ સત્યસાંઈ હોસ્પિટલ પાસેથી પોતાનું વાહન લઈને પસાર થતી હતી ત્યારે નજીકમાં રોડ પર એક વીજપોલ હોય તેમાંથી કોઈ ખામીને લીધે વાયર તૂટી ગયો હતો અને તે વાયર પાણીમાં પડ્યો હોવાથી પાણીમાં ચાલુ વીજવાયરમાંથી યુવતીને વીજ શોક શાગતા બેભાન થઈ ઢળી પડી હતી. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઈ જતા તેણીને સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવની જાણ થતા પરિવારજનો પણ હોસ્પિટલે દોડી ગયા હતા. પરંતુ ટુકી સારવાર દરમિયાન યુવતીનું મોત નિપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવની જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સિવીલ હોસ્પિટલે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતી આભ્યાસ કરતી હોવાનું અને કામ સબબ બહાર નિકળી હતી ત્યારે આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે. આશાસ્પદ યુવતીના મોતથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો છે.

## કલ્યાણપુરમાં વિજળી પડતા ચાર અબોલ પશુના મોત

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ગઈકાલે વરસાદ સાથે વીજળી પડતા કલ્યાણપુર તાલુકાના ગાંગહી ગામે વાડી વિસ્તારમાં રહેતા મશરીભાઈ આહિરની ત્રણ ભેંસો પર વીજળી પડતા તેમના મોત થયા હતા

તો કલ્યાણપુરના લાંબા ગામે એક ગાય પર વીજળી પડતા તેનું પણ મોત થયું હતુ. ખંભાળીયા તાલુકાના બેટાની બાગડી ગામે દેવશીભાઈ ચાવડાના ઘર પર વીજળી પડતા તેમના ઘરના તમામ ઈલેક્ટ્રીક વાયર વીજ બોર્ડ સળગી ગયા હતા તથા ભીતમાં ખાડા પડી ગયા હતા. જોકે પરિવારજનોનો બચાવ થયો હતો. તો ચાયલાભા ગામ તા. કલ્યાણપુરમાં ભારે પવનથી અનેક ખેડુતોના મકાનના એકઢાળીયાના પતરા તુટી ગયા હતા.

## કાલાવડ નજીક જસાપર ગામમાં ખેત મજૂરી કરી રહેલા શ્રમિક યુવાન પર વીજળી પડતાં મૃત્યુ

### કાલાવડ ના મકાજી મેઘપર ગામમાં પાણીના વોકળામાં યુવાન તણાયોઃ બાઈક મળી આવ્યું; પરંતુ યુવક લાપતા

જામનગર જિલ્લામાં વરસાદી વીજળીના કારણે કાલાવડ તાલુકાના જસાપર ગામમાં એક શ્રમિક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે, જ્યારે કાલાવડ તાલુકાના મકાજી મેઘપર ગામમાં વોકળામાં એક યુવાન બાઈક સાથે તણાયો હતો, જેનું બાઈક મળી આવ્યું છે, પરંતુ યુવક લાપતા બન્યો છે. જામનગર જિલ્લામાં મંગળવારે સાંજે પડેલા વરસાદના કારણે વરસાદી વીજળીમાં વધુ એક માનવીનો ભોગ લેવાયો હતો. મૂળ સંતરામપુરના વતની અને હાલ કાલાવડ તાલુકાના જસાપર ગામના ખેડૂત લાખાભાઈ ત્રીકમભાઈ ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા અંબાલાલભાઈ વરસીંગભાઈ નામના શ્રમિક યુવાન પર સાંજે પાંચ વાગ્યાના અરસામાં ચાલુ ખેતી કામ દરમિયાન એકાએક વીજળી પડતાં ભડથું થવાથી તેમનું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હોવાના અહેવાલો મળ્યા છે. જે મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરવામાં આવી છે. આ ઉપરાંત કાલાવડ પંથકમાં પડેલા વરસાદના કારણે મકાજી મેઘપર ગામમાં એક બાઈક ચાલક યુવાન નદીના વોકળામાં તણાયો હતો. જોકે તેનું બાઈક મળી આવ્યું છે, પરંતુ યુવાનનો કોઈ પત્તો સાંપડ્યો નથી. જે મામલે મકાજી મેઘપર ગામના સરપંચ એમ.એન.જાડેજાએ જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમને જાણ કરી હતી, જેથી કાલાવડના ગ્રામ્ય મામલતદાર ની ટીમ તેમજ કાલાવડ ગ્રામ્ય પોલીસ સમગ્ર મામલે તપાસ ચલાવે છે.

# જ્ઞાનસાધના સ્કોલરશીપની મેરીટ યાદીમાં ૨૫ હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો

### વિદ્યાર્થીઓએ ૩૧ જુલાઈ સુધીમાં વેબસાઈટ પર જઈને રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવાની રહેશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપની કામચલાઉ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ૨૫ હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે આ વિદ્યાર્થીઓએ ૩૧ જુલાઈ સુધીમાં વેબસાઈટ પર જઈને રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવાની રહેશે. રજિસ્ટ્રેશન પુર્ણ થયા બાદ સ્કોલરશીપ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૪.૪૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી મેરિટ માટે જરૂરી ૫૦ ટકા લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦ હજાર જેટલી જ હતી. આ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ કામ ચલાઉ મેરિટ યાદીમાં ૨૫ હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧થી ૮નો અભ્યાસ પૂર્ણ કરેલા વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી- ગ્રાન્ટેડ અથવા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલી ખાનગી શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષાનું આયોજન ૩૦ માર્ચના રોજ રાજયના તમામ જિલ્લાઓમાં કરવામાં આવ્યું હતું. ધોરણ-૮ના કુલ ૪૪૬૬૯૮ વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપની પરીક્ષા આપી હતી. મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપમાં બેસનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૪૬૬૯૮ જેટલી હતી. જેનું પરિણામ જાહેર કરવામાં આવ્યું તેમાં ૯૯૯૭ સ્કૂલોના ૩૦૩૮૭ વિદ્યાર્થીઓ મેરિટ માટે જરૂરી ૫૦ ટકા ગુણ લાવવામાં સફળ રહ્યા હતા. પરિણામ જાહેર કરાયા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરિણામ યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો- જોગવાઈ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આગળની આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવાયું હતું. મેરિટ યાદીમાં આવેલા ૨૫ હજાર વિદ્યાર્થીઓએ ૩૧ જુલાઈ સુધી વેબસાઈટ પર જઈને ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવાની રહેશે. રજિસ્ટ્રેશન વખતે વિદ્યાર્થીઓએ આનુષાંગિક આધાર-પુરાવા પણ અપલોડ કરવાના રહેશે.

# પેરા મેડિકલ કોર્ષમાં ૪૯૯૯૫ બેઠક સામે માત્ર ૩૩૦૬૨ને પ્રવેશ

### તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવે તો પણ ૧૫ હજાર બેઠકો ખાલી પડેઃ દરવર્ષની જેમ ચાલુવર્ષે પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા ફરીવાર રજિસ્ટ્રેશન ખોલવામાં આવે તેવી પણ શકયતાં

**અબતક, રાજકોટ**

નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતની પેરા મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે, કુલ ૩૩૦૬૨ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ કરાવી દીધા છે. બીજીબાજુ પ્રવેશ સમિતિ દ્વારા બેઠકોની જાહેરાત કરવામાં આવી છે જે પ્રમાણે કુલ ૪૯૯૯૫ બેઠકો ઉપલબ્ધ છે. એટલું જ નહી આગામી દિવસોમાં ૨૮૦ કોલેજો મંજૂરી માટે લાઈનમાં આ કોલેજોની મંજૂરી મળે તો વધુ ૪ હજાર બેઠકો વધે તેમ છે. એટલે કે પ્રવેશ પ્રક્રિયા પહેલા જ ૧૦ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે હાલ અનિશ્ચિતતા જોવા મળી રહી છે ત્યારે નીટ વગર જે કોર્સમાં પ્રવેશ થવાનો છે તે નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતની ૯ કોર્સની બેઠકો જાહેર કરી દેવામાં આવી છે. જુદા જુદા કોર્સની ૧૦૮૨ સંસ્થાઓમાં હાલ ૪૯૯૯૫ બેઠકો ઉપલબ્ધ છે. જેની સામે અત્યાર સુધીમાં ૩૩૦૬૨ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટની ચકાસણી કરાવી લીધી છે. એટલે કે તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવે તો પણ ૧૫ હજાર બેઠકો ખાલી પડે છે. મહત્વની વાત એ કે, ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરનારા તમામ વિદ્યાર્થીઓ જે તે કોર્સમાં પ્રવેશ લેશે તે નક્કી નથી. કારણ કે હાલની સ્થિતિમાં મેડિકલ-ડેન્ટલ કે ફાર્મસીમાં પ્રવેશ માટે દરખાસ્ત કરનારા વિદ્યાર્થીઓએ પણ સલામતી માટે પેરા મેડિકલ કોર્સમાં રજિસ્ટ્રેશન કરાવ્યુ હોવાની શકયતાં છે. સૂત્રો કહે છે ચાલુ વર્ષે ૨૮૦ સંસ્થાઓએ નવી નર્સિંગ સહિતની જુદા જુદા કોર્સની મંજૂરી માટે દરખાસ્ત કરી છે. આ તમામ કોલેજોને મંજૂરી આપી દેવામાં આવે તો હાલની કુલ બેઠકોમાં ૪ હજાર બેઠકોનો વધારો થાય તેમ છે. એટલે કે કુલ મળીને ૫૫ હજાર બેઠકોની સામે ૩૩ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ માટે દરખાસ્ત કરી છે. નવી બેઠકો પ્રમાણે ગણતરી કરવામાં આવે તો ચાલુવર્ષે ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી પડશે તે નક્કી છે. દરવર્ષની જેમ ચાલુવર્ષે પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા ફરીવાર રજિસ્ટ્રેશન ખોલવામાં આવે તેવી પણ શકયતાં છે.

# વકીલ દ્વારા પાડોશીઓ વિરુધ્ધ કરવામાં આવેલી એટ્રોસિટી એક્ટની ફરિયાદ રદ્દ કરતી હાઈકોર્ટ

### જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાના નક્કર પુરાવાના અભાવે હાઈકોર્ટે એટ્રોસિટી એક્ટનો 'દુરૂપયોગ' ગણાવી ચાર્જ હટાવ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં જ એક વકીલ દ્વારા તેના પાડોશી વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ કરવામાં આવેલી ફરિયાદમાંથી એટ્રોસિટી એક્ટની કલમો હટાવવાના આદેશ આપતાં આ કલમનો દુરુપયોગ થતો હોય તેવું અવલોકન કર્યું હતું.

ગુજરાત હાઈકોર્ટે વકીલ દ્વારા તેના પડોશીઓ સામે લગાવવામાં આવેલા એટ્રોસિટીના આરોપોને રદબાતલ કર્યા હતા. આ કેસનું અવલોકન એટ્રોસિટી એક્ટની જોગવાઈઓના 'મોટા દુરૂપયોગ'નું ઉદાહરણ હતું તેવું હાઈકોર્ટએ નોંધ્યું હતું. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી અનુસૂચિત જાતિ સમુદાયમાંથી આવતા હોવાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ના રૂપમાં તેમની પાસે ખૂબ જ શક્તિશાળી શસ્ત્ર છે. પરંતુ આ મામલામાં ક્યાંક એટ્રોસિટી એક્ટની જોગવાઈઓનો ઘોર દુરુપયોગ થતો હોય તેવું અવલોકન કરી કોર્ટે એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો હતો.

અનુસૂચિત સમુદાયના વકીલ દ્વારા તેના પડોશીઓ વિરુદ્ધ ઓગસ્ટ ૨૦૧૯માં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવવામાં આવી હતી. પાડોશીઓ દ્વારા રસ્તા પર પાણી ઠાલવવા સામે વકીલે વાંધો ઉઠાવતાં પડોશીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. મામલામાં કથિત રીતે ફરિયાદીને માર મારવામાં આવ્યો હતો અને જાતિય દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો તેવો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

મામલામાં આરોપી સમીર પટેલ અને તેના પરિવારના સભ્યોએ એફઆઈઆર રદ કરવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે એફઆઈઆરમાં જાતિના દુરૂપયોગનો કોઈ સંદર્ભ જ નથી અને સંદર્ભની ગેરહાજરીમાં એટ્રોસિટી એક્ટની અરજી એ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ છે. કેસની સુનાવણી કર્યા પછી જસ્ટિસ ડી એ જોશીએ પૂછ્યું કે શું એટ્રોસિટી એક્ટમાં આ ચોક્કસ ફરિયાદના તથ્યો માટે કોઈ અરજી છે, જેમાં ફરિયાદી વિરુદ્ધ આરોપીએ જાતિના પ્રત્યે હડધુત સમાન શબ્દોનો ઉપયોગ કર્યો છે તે પણ સ્પષ્ટ કર્યું નથી. ફરિયાદી અને રાજ્ય સરકારે એફઆઈઆર રદ કરવાની માંગનો વિરોધ કર્યો હતો. રાજ્ય સરકાર વતી સરકારી વકીલે રજૂઆત કરી હતી કે સ્થળ પરથી મળેલા સીસીટીવી ફૂટેજ પરથી જાણવા મળ્યું છે કે ત્યાં ઝપાઝપી થઈ હતી ત્યારવા હાઈકોર્ટે એટ્રોસિટી એક્ટ હેઠળના આરોપોને રદ કરીને ફોજદારી ફરિયાદ પર કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપી હતી.

# ઘરેણા બનાવવા આપેલો ચેક પરત ફરતામાં વેપારીને દોઢ વર્ષ જેલ

### ચેકની રકમ સમય મર્યાદામાં ન ચુકવે તો વધુ છ માસની કેદ

**અબતક, રાજકોટ**

રાજકોટના ચાંદીના દાગીનાના ઉત્પાદક હોલસેલ વેપારીને આપેલા બે ચેક રિટર્ન થવાના કેસમાં અમદાવાદ માણેકચોકના સોની વેપારીને દોઢ વર્ષની કેદ અને ચેકની રકમ વળતર તરીકે ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો છે.

રાજકોટમાં આર્યનગરમાં રહેતા અને એસ.એસ.ઓ. કોર્પોરેશનના નામે ચાંદીના દાગીનાનું ઉત્પાદન અને વેચાણ કરતા ચાંદીના હોલસેલ વેપારી ઘનશ્યામભાઈ કાનજીભાઈ સખરેલીયા પાસેથી અમદાવાદ માણેકચોક વિસ્તારમાં અંબર ઓર્નામેન્ટસના નામે સોના-ચાંદીના દાગીનાનો ધંધો કરતા ગોપાલ રસીકભાઈ સોનીએ ઓર્ડર મુજબ ચાંદીના દાગીના અલગ અલગ ઈનવોઈસથી લીધા હતા, તેની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે એક ચેક રૂા.૧૨,૬૧,૯૩૧/- અને બીજો ચેક રૂા. ૨,૦૬,૨૨૦/- નો આપેલ જે બંને ચેકો બેંકમાં રજુ રાખતા ફંડસ ઈનસફીસ્યન્ટની નોંધ સાથે પરત ફરેલ, જેથી ઘનશ્યામભાઈએ એડવોકેટ મારફત લીગલ નોટીસ આપ્યા બાદ કોર્ટમાં બે ફોજદારી ફરીયાદો દાખલ કરી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા હતો. ફરીયાદી પક્ષે જુદા જુદા દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા હતા. સદરહું કામમાં ફરીયાદપક્ષ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે આરોપીએ લીગલ નોટિસનો જવાબ આપ્યો નથી કે કોર્ટ કેસમાં કોઈ યોગ્ય બચાવ કરવામાં આવેલ નથી, અને અદાલતના કિંમતી સમય વ્યય કરેલ હોવાનું જણાવી ઉચ્ચ અદાલતોના વિવિધ ચુકાદાઓ અને કાયદાકીય બાબતો રજૂ કરી હતી. જે ધ્યાને રાખી અદાલત દ્વારા બંને કેસોમાં નેગોશ્યેબલ એકટની કલમ -૧૩૮ના ગુન્હા સબબ અમદાવાદના આરોપી ગોપાલ રસિકભાઈ સોનીને ૧ વર્ષ અને ૬ માસની કેદની સજા તથા સી.આર.પી.સી.ની કલમ-૩૫૭ (ક) અન્વયે ફરિયાદીને ચેક મુજબની રકમ વળતર આરોપી મળી આવ્યેથી દિન-૩૦માં ચુકવી આપવા, જો રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ ૬ માસની કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. આરોપી અદાલતમાં ચુકાદાના દિવસે હાજર ન હોય તેમની સામે સજા વોરંટ કાઢવાનો પણ હુકમ કર્યો હતો. આ કામમાં ફરીયાદી વતી યુવા લો એસોસિએટસના યુવા ધારાશાસ્ત્રી હેમાંશુ પારેખ, કિરીટ નકુમ, કુલદીપ ચૌહાણ, યશપાલ ચૌહાણ, નિધિ રાયચુરા, ડેનીશા રાઠોડ તથા જીજ્ઞેશ ચૌહાણ રોકાયા હતા.

# રાહદારીને હડફેટે લેવાના ગુનામાં બાઈક ચાલક નિર્દોષ

### ઢેબર રોડ પર બાઈક મંડળીના કર્મચારીને ઠોકરે લીધા તા

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર રોડ નજીક કાન્તા વિકાસ ચોક પાસે બાઈકે રાહદારી ને હડફેટે લેવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે ચાલકને છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીનગર સોસાયટીમાં રહેતા અને ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીમાં ફરજ બજાવતા અજયભાઈ અમૃતલાલ વડેરા નામના કર્મચારી ઢેબર રોડ નજીક કાન્તા વિકાસ ચોક પાસેથી ચાલીને જઈ રહ્યા હતા ત્યારે બાઈકે હટફેટે લેતા ઈજા પહોંચ્યા અંગેની ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મોરબી રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો પ્રિયાંશુ અશ્વિનભાઈ મેંદપરા નામના શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજુ કરવામાં આવ્યું હતુ. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરીયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં ફરિયાદી અકસ્માત કરનાર બાઈક ચાલકને ઓળખી બતાવ્યો નથી. અકસ્માતના બનાવો પુરવાર કરવા માટે કોઈ મજબૂત પુરાવો આપવામાં નિષ્ફળ નીકળેલા છે. ફરિયાદીની જુબાની અને રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા ઉપરથી ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલા હોય તે ધ્યાને લઈ અધિક ચીફ મેજિસ્ટ્રેટ એમ.એમ.શુકલે પ્રિયાશુ મેદપરાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. બચાવ પક્ષે એડવોકેટ તરીકે સૌરાષ્ટ્રના જાણીતા ધારાસભ્ય દિલીપ પટેલ અને કલ્પેશ નસીત રોકાયા હતા

# ચેક રિટર્ન કેસમાં એજન્સી ધારકને ૧ વર્ષની સજા

### ધંધા માટે લીધેલી ઉછીની રકમ પરત કરવા આપેલો ચેક પરત ફર્યો તો

**અબતક, રાજકોટ**

મિત્ર પાસેથી ઉછીના નાણાં મેળવી એજન્સી લીધા બાદ નાણા પરત કરવાનો ૧.૨૫ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે સાવરકુંડલાના એજન્સી ધારકને એક વર્ષની કેદ અને ચેકની રકમ સમયસર ન ચૂકવે તો વધુ છ માસની કેદનો હુકમ કર્યો છે.

કેસની હકીકત મુજબ નીતિન ત્રિલોકભાઈ મંડીર પાસેથી સાવરકુંડલાના મયુર રસીકભાઈ ટાંકે એજન્સી મેળવવા માટે નાણાની જરૂર હોય હાથ ઉછીની રકમ રૂા. ૫ લાખ લીધી હતી. કટકે કટક રકમની ચુકવણી બાદ છેલ્લે બાકી રૂા. ૧,૨૫,૫૦૦/-નો ચેક આપ્યો હતો. તે ચેક નિતીનભાઈએ બેંકમા રજૂ કરતા ફંડસ ઈન્સફીસયન્ટના શેરા સાથે ચેક પરત ફર્યો હતો. જેની લીગલ નોટિસ બજાવવા છતાં મયુર ટાંકે ચેકની રકમ ચૂકવી ન હતી. આથી નીતિન મંડીરે કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.આ કેસ ચાલવા ઉપર આવતા કોર્ટમાં ફરિયાદ પક્ષે આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણા પેટે ફરિયાદવાળો ચેક ફરિયાદીને આપેલ હતો તે બાબત અને તે ચેક ફરિયાદીએ પોતાની બેંકમા પાસ થવા માટે રજુ કરેલ હતો અને તે ચેક ફંડ ઈન્સફીસયન્ટના કારણે પરત થયેલ હતો, તે પણ પુરાવાથી સાબિત કર્યું હતું. તેથી આરોપીએ ધી નેગોશીયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અનુસારનો શિક્ષાપાત્ર અપરાધ કરેલ હોવાનું પુરવાર થાય છે તેવું તારણ લઈને કોર્ટ દ્વારા આરોપી મયુર રસિકભાઈ ટાંક નેને ૧ વર્ષની કેદ અને ચેક મુજબની વળતર પેટે રકમ ચુકવવા અને રકમ ન ચુકવે તો વધારાની ૬ માસની કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં મુળ ફરિયાદી તરફે વકીલ જયપ્રકાશ આર. ફુલારા તથા ધવલ જે. પડીયા રોકાયા હતા.

# ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલને દારૂબંધીના જડ નિયમોમાંથી મુક્તિ આપવા પરફ્યુમ ઉત્પાદકોની માંગ

### પરફ્યુમમાં કાચા માલ તરીકે વપરાતા ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ ઉપર સરકારે સુપરવિઝન ફી લાગુ કરતા ઉત્પાદકોએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

**અબતક, અમદાવાદ**

ઔધોગિક આલ્કોહોલનો ઉપયોગ કરતા પરફયુમ ઉત્પાદકોએ દારૂબંધીના જડ નિયમોને કારણે પડતી મુશ્કેલીને લઈને હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. તેઓએ સુપરવિઝન ફી નાબૂદ કરવાની માંગ ઉઠાવી છે.

રાજ્ય સરકારની હસ્તક્ષેપ કરવાની સત્તા અને ગુજરાત પ્રોહિબિશન એકટના ભાગોની બંધારણીય માન્યતાને પરફ્યુમ ઉત્પાદકોએ હાઈકોર્ટમાં પડકારી છે, રાજ્ય સરકારના નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા ''સુપરવિઝન ચાર્જીસ'' લાદવામાં આવ્યા બા કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ)ના દસ પરફ્યુમ ઉત્પાદકોએ એડવોકેટ વિકાસ નાયર મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે.

તેમની અરજી અનુસાર, બિન-પીવા યોગ્ય વિકૃત ઈથેનોલ, જે માનવ વપરાશ માટે અયોગ્ય છે, તે પરફ્યુમના ઉત્પાદનમાં મુખ્ય કાચો માલ છે. જાન્યુઆરી ૨૦૨૩ માં, પ્રતિબંધ વિભાગે માંગ કરી હતી કે પરફ્યુમ ફેક્ટરીએ આ ઔધોગિક આલ્કોહોલના ઉપયોગ માટે ''સુપરવિઝન ફી'' ચૂકવવી જોઈએ. સેઝમાં રાજ્ય સરકારના વિભાગની આ ''દખલગીરી'' સામે ઉધોગ સંગઠને વિરોધ દર્શાવ્યો હતો. નવેમ્બર ૨૦૨૩માં, પ્રોહિબિશન ડિપાર્ટમેન્ટે ઔધોગિક આલ્કોહોલ ખરીદવા માટે એન્ટિટીનું લાઈસન્સ સસ્પેન્ડ કર્યું હતું. અરજીમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રોહિબિશન ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ યુનિટને મેન્યુફેક્ચરિંગ બંધ કરવા દબાણ કર્યું હતું અને માર્ચમાં આવા ૧૦ એકમો પાસેથી સુપરવિઝન ફીની માંગણી કરી હતી.

પરફ્યુમ ઉત્પાદકોએ સુપરવિઝન શુલ્ક લાદવાના રાજ્ય સરકારના નિર્ણયને રદ કરવા હાઈકોર્ટને વિનંતી કરી અને વિકૃત ઈથેનોલના કબજા, ઉપયોગ, પરિવહન અને સંગ્રહને નિયંત્રિત કરવાની કાયદાકીય ક્ષમતાને પડકારી છે. તેમના વકીલે કેન્દ્રના ઉદ્યોગો (વિકાસ અને નિયમન) અધિનિયમમાં ૨૦૧૬ માં કરાયેલા સુધારાને ટાંક્યો, જેના હેઠળ ઔધોગિક દારૂના ઉપયોગના લાઈસન્સિંગ અને નિયમનને નિયંત્રિત કરવાની સત્તા હવે કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્રમાં આવી ગઈ છે.

અરજદારોએ જણાવ્યું હતું કે કેન્દ્રીય કાયદામાં ૨૦૧૬માં કરાયેલા સુધારા સાથે, ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ ૨(૨૪), ૨(૪૩), ૨૯, ૩૧, ૩૧એ, ૫૮એ, ૫૯એએ, ૫૯સી, ૫૯ડી, ૬૭સી, ૧૨૮એ, ૧૯૪૯, ૧૩૯ અને ૧૪૩(૨) અને બોમ્બે ડિનેચર્ડ સ્પિરિટ્સ રૂલ્સના નિયમો ૨૩ અને ૨૬ - જે હેઠળ રાજ્ય સરકાર ગુજરાતમાં ઔધોગિક આત્માઓના ઉપયોગનું નિયમન કરે છે - હવે બંધારણની કલમ ૨૪૬, ૧૪, ૧૯ અને ૩૦૦એનું ઉલ્લંઘન કરે છે. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચે અરજદારોને આ કેસમાં કેન્દ્રને પ્રતિવાદી બનાવવા કહ્યું હતું અને રાજ્ય સરકારના એડવોકેટ જનરલને આ મુદ્દે કોર્ટને સંબોધવા જણાવ્યું હતું. આગામી સુનાવણી આગામી સપ્તાહે થશે.

# ભાદર સહિત ૩૦ જળાશયોનાં જળ વૈભવમાં વધારો

## ન્યારી-૨ ડેમ ૭૦ ટકા ભરાયોઃ રૂલ લેવલ જાળવી રાખવા ગમે ત્યારે દરવાજા ખોલાશેઃ હેઠવાસના ગામોનાં લોકોને સાવચેત કરાયા



**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં સતત વરસી રહેલા વરસાદના કારણે જળાશયોનો જળ વૈભવમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૦ જળાશયોમાં માતબર નવા નીરની આવક થવા પામી છે. હજી ધીમી ધારે જળાશયોમાં પાણીની આવક સતત ચાલુ જ છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમના સૂત્રોના જણાવ્યાનુસાર છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૦ ડેમની સપાટીમાં વધારો થયો છે. રાજકોટ જિલ્લાના સૌથી મોટા એવા ભાદર ડેમમાં ૨.૨૦ ફૂટ નવા નીરની આવક થવા પામી છે.ડેમ સાઈટ પર ગઈકાલે ૩૮ મીમી વરસાદ પડયો હતો ૩૪ ફૂટે ઓવરફલો થતા અને ૬૬૪૪ એમસીએફટીની જળ સંગ્રહ શકિત ધરાવતા ભાદરની જીવંત જળ સપાટી ૧૭.૩૦ ફૂટે પહોચી જવા પામી છે. ડેમમાં ૧૩૫૯ એમસીએફટી જળ જથ્થો સંગ્રહિત છે. ઉંડાઈની દ્રષ્ટિએ ડેમ ૫૦ ટકા સુધી ભરાય ગયો છે. આ ઉપરાંત મોજ ડેમમાં નવું ૦.૪૩ ફૂટ, ફોફળ ડેમમાં ૧.૫૭ ફૂટ, આજી ૧ ડેમમાં ૦.૭૫ ફૂટ, આજી ૩ ડેમમાં ૦.૯૫ ફૂટ, સુરવો ડેમમાં ૦.૩૩ ફૂટ, ડોંડી ડેમમાં ૨.૯૫ ફૂટ, ન્યારી ૧ ડેમમાં ૧.૯૭ ફૂટ, ફાડદંગ બેટીમાં ૮.૦૪ ફૂટ, છાપરવાડી ૧ ડેમમાં ૧.૩૧ ફૂટ, કરમાળમાં ૬.૫૬ ટકા, અને કણુંકી ડેમમાં ૪.૪૯ ફૂટ પાણીની આવક થવા પામી હતી. રાજકોટ જિલ્લાના ૨૭ ડેમમાં ૩૫.૯૦ ટકા પાણી સંગ્રહિત છે.

મોરબી જિલ્લાના મચ્છુ-૨ ડેમમાં ૦.૩૦ ફૂટ, જામનગ જિલ્લાના સસોઈ ડેમમાં ૧.૨૧ ફૂટ, પન્ના ડેમમાં ૦.૯૮ ફૂટ, સપડા ડેમમાં ૧.૯૪ ફૂટ, ફુલઝર-૨ ડેમમાં ૩.૯૪ ફૂટ, ઉંડ-૩ ડેમમાં ૧.૧૫ ફૂટ, રંગમતીમાં ૩.૯૪ ફૂટ, ઉંડ ૧ ડેમમાં ૪.૫૯ ફૂટ, વાડીસંગમાં ૧.૩૮ ફૂટ અને રૂપારેલ ડેમમાં ૧.૭૭ ફૂટ પાણીની આવક થવા પામી છે. જામનગર જિલ્લાના ૨૧ ડેમમાં ૩૩.૪૫ ટકા પાણી સંગ્રહિત છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધી ડેમમાં ૦.૮૨ ફૂટ, વર્તુ-૧ ડેમમાં ૧.૩૧ ફૂટ, વર્તુ-૨ડેમમાં ૦.૪૯ ફૂટ, શેઢાભાડથરીમાં ૨.૮૫ ફૂટ, સીંધણીમાં ૧.૪૮ ફૂટ અને વેરાડી ૨માં ૧.૧૫ ફૂટ, પાણીની આવક થવા પામી છે. જિલ્લાના ૧૨ ડેમમાં ૧૪.૧૫ ટકા પાણી સંગ્રહિત છે. જયારે પોરબંદરનાં સોરઠી ડેમમાં ૦.૫૯ ફૂટ પાણીની આવક થવા પામી હતી.

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ન્યારી - ૨ ડેમમાં ૭૦ % પાણી ભરાયેલ હોવાથી પાણીનું રુલ લેવલ જાળવવા પાણી છોડવામાં આવે ત્યારે નદીના ઘટમાં આવેલા પડધરી તાલુકાના ખામટા ગામના તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા અને નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા રાજકોટ સિંચાઈ પુર વર્તુળ એકમની યાદીમાં જણાવ્યું છે.

# ગત વર્ષની સરખામણીએ ૨૦૭ ડેમના જળસંગ્રહમાં ૧૧%ની ઘટ

**રાજયના ૧૫ ડેમ ૭૦%થી વધુ ભરાયા**

| જિલ્લા | ડેમ | કેટલા % પાણી |
|---|---|---|
| જામનગર | વાગડીયા | ૧૦૦ % |
| સુરેન્દ્રનગર | વાંસલ | ૧૦૦ % |
| જામનગર | સસોઈ-૨ | ૧૦૦ % |
| જૂનાગઢ | બાંટવાખારો | ૮૨.૬૩ % |
| જૂનાગઢ | ઓઝત-૨ | ૮૨.૧૭ % |
| મોરબી | ઘોડાધ્રોઇ | ૮૨.૦૮ % |
| રાજકોટ | ભાદર-૨ | ૮૧.૧૧ % |
| ભરૂચ | ધોડી | ૮૦.૭૩ % |
| જામનગર | ફલઝર-૧ | ૭૯.૭૬ % |
| સુરેન્દ્રનગર | ધોળીધજા | ૭૮.૮૫ % |
| ભરૂચ | બલદેવા ડેમ | ૭૮.૬૫ % |
| કચ્છ | કાલાઘોઘા | ૭૮.૦૬ % |
| પોરબંદર | સારણ | ૭૫.૮૬ % |
| રાજકોટ | આજી-૨ | ૭૩.૨૭ % |
| જામનગર | ફલઝર | ૭૩.૧૩ % |

**અબતક, રાજકોટ**

રાજયમાં આ વર્ષે ચોમાસાનું વહેલું આગમન થયું હતું પરંતુ આગમન બાદ ૧૦ થી ૧૨ દિવસ સુધી ચોમાસું દક્ષિણ ગુજરાતમાં જ અટવાયું હતું. બાદમાં ધીમેધીમે આગળ વધ્યું હતું. અડધો જુલાઇ મહિનો વિતી ચુક્યો છે ત્યારે રાજ્યમાં સરેરાશ ૪૦ ટકા જેટલો વરસાદ વરસી ચુક્યો છે. જયારે રાજયના ૨૦૭ જળાશયમાં ૪૧ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રાજયના જળાશયોમાં ૧૧ ટકા પાણીની ઘટ્ટ વર્તાઇ રહી છે. ગુજરાત રાજયમાં નર્મદા સિવાય અલગ-અલગ ઝોનના મળીને કુલ ૨૦૬ જળાશય આવેલા છે. જેમાં હાલ કુલ જળસંગ્રહ ૩૨.૨૧ ટકા જેટલો થયો છે. ઝોન વાઈઝ વાત કરીએ તો ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયમાં ૨૫.૪૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયમાં ૩૭.૨૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૭.૭૮ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૨૨.૬૭ ટકા અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૭.૭૫ ટકા જળસંગ્રહ થયો છે. રાજયની જીવાદોરી સમાન નર્મદા ડેમની સપાટી હાલ ૧૨૦ મીટરને પાર થઈ ગઈ છે. ડેમમાં જળસંગ્રહ પણ ૫૨ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવરમાં હાલ ૧,૭૫,૬૬૨ એમસીએફટી એટલે કે કુલ સંગ્રહશક્તિના ૫૨.૫૮ ટકા જેટલો જળસંગ્રહ છે. ગત વર્ષે રાજયના ૨૦૭ જળાશયની સરખામણી કરીએ તો જળ રાશીમાં કુલ ૧૧ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. સરદાર સરોવર ડેમના જળસંગ્રહમાં પણ ગત વર્ષની સરખામણીએ ૧૦ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કુલ ત્રણ જળાશયો સંપૂર્ણ રીતે છલકાઇ ગયા છે. જેમાં જામનગર જિલ્લાનો વાગડીયા અને સસોઇ-૨ ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ ૧૦૦ ટકા ભરાઇ જતા હાઇએલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય રાજયના પાંચ ડેમ ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર છે. જેમાં જૂનાગઢના ઓઝત-૨ અને બાંટવાખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઇ, રાજકોટના ભાદર-૨ તથા ભરૂચના ધોલી ડેમને એલર્ટ અપાયું છે. રાજયમાં સૌથી વધુ વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૦ ટકા જેટલો વરસી ગયો છે.



રસાલા ડેમ, માણાવદર

**ઝોન પ્રમાણે ડેમમાં પાણીની સ્થિતિ**

| ઝોન | ડેમ | પાણી |
|---|---|---|
| ઉત્તર | ૧૫ | ૨૫.૪૨ ટકા |
| મધ્ય | ૧૭ | ૩૭.૨૪ ટકા |
| દક્ષિણ | ૧૩ | ૩૭.૭૮ ટકા |
| કચ્છ | ૨૦ | ૨૨.૬૭ ટકા |
| સૌરાષ્ટ્ર | ૧૪૧ | ૨૭.૭૫ ટકા |
| કુલ | ૨૦૭ | ૪૧.૦૭ ટકા |

### કોરો ધાકોડ કહેવાતો કચ્છ આ વર્ષે તરબોળ

# ઉલટી ગંગાઃ કચ્છમાં સૌથી વધુ ૪૩.૨૩ ટકા વરસાદ

## રાજયમાં આજ સુધીમાં સિઝનનો સરેરાશ ૩૩.૪૧ ટકા વરસાદઃ સૌરાષ્ટ્રમાં ૪૨.૮૪ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૩૭.૮૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૩.૮૦ ટકા અને પૂર્વ મધ્ય ગુજરાતમાં સૌથી ઓછો ૨૨.૭૮ ટકા વરસાદ પડયો

**અબતક, રાજકોટ**

આ વર્ષ મેઘ રાજા કચ્છ પર સવિશેષ હેત વરસાવી રહ્યાં છે. હમેશા વરસાદની ખેંચ અનુભવતા કચ્છમાં આજ સુધી રાજયમાં સૌથી વધુ વરસાદ વરસી ગયો છે. કોરો ધાકોડ રહેતું કચ્છ હાલ જળમગ્ન બની ગયું છે. રાજયમાં આજ સુધી સિઝનનો ૩૩.૪૮ ટકા વરસાદ વરસી ગયો છે.

ચોમાસાના વહેલા આગમન બાદ મેઘરાજાએ વિરામ લીધો હતો દરમિયાન હવે અષાઢમાં અનરાધાર હેત વરસાવી રહેલા ઈન્દ્રદેવે કચ્છને તરબોળ કરી દીધું છે. રાજયમાં પાંચ રીજીયન પૈકી સૌથી વધુ વરસાદ કચ્છ રીજીયનમાં ૪૩.૨૩ ટકા જેટલો વરસી ગયો છે. કચ્છના અબડાસા તાલુકામાં ૩૬.૦૫ ટકા, અંજારમાં ૪૯.૪૫ ટકા, ભચાઉમાં ૨૩.૬૪ ટકા, ભુજમાં ૪૦.૪૩ ટકા, ગાંધીધામમાં ૫૮.૧૩ ટકા, લખપતમાં સૌથી ઓછો ૧૪.૩૨ ટકા, માંડવીમાં ૫૭.૧૬ ટકા, મુંદરામાં સૌથી વધુ ૭૬.૯૪ ટકા, નખત્રાણામાં ૪૭.૯૭ ટકા, રાપરમાં ૧૭.૪૭ ટકા વરસાદ વરસી ગયો છે.


આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ૨૩.૮૦ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૨૨.૭૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૨.૮૪ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૭.૮૬ ટકા, સાથે રાજયમાં સરેરાશ ૩૩.૪૧ ટકા વરસાદ પડ્યો છે.

સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જીલ્લામાં ૨૩.૨૦ ટકા, રાજકોટમાં ૩૭.૦૩ ટકા, મોરબી જીલ્લામાં ૪૦.૮૦ ટકા, જામનગરમાં ૩૩.૨૬ ટકા, દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ૬૪.૩૧ ટકા, પોરબંદર જીલ્લામાં ૪૬.૩૭ ટકા, જુનાગઢ જીલ્લામાં ૬૩.૫૨ ટકા, ગીર સોમનાથ જીલ્લામાં ૩૫.૫૫ ટકા, અમરેલી જીલ્લામાં ૪૩.૧૫ ટકા, ભાવનગર જીલ્લામાં ૪૨.૬૧ ટકા અને બોટાદ જીલ્લામાં ૪૨.૬૪ ટકા વરસાદ વરસી ગયો છે. રાજયમાં જુન માસમાં સરેરાશ ૧૧૫ મીમી વરસાદ પડ્યો હતો. જયારે જુલાઈ માસમાં ૧૮૦ મીમી વરસાદ વરસી ગયો છે. રાજયના ૪૨ તાલુકાઓમાં બે થી લઇ પાંચ ઈંચ સુધી, ૯૯ તાલુકાઓમાં પાંચથી લઈ દશ ઈંચ સુધી, ૭૭ તાલુકાઓમાં ૧૦ થી લઈ ૨૦ ઈંચ સુધી, ૩૨ તાલુકાઓમાં ૨૦ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જયારે માત્ર એક તાલુકામાં ૪૦ ઈંચથી વધુવરસાદ વરસી ગયો હતો. હજી પાંચ દિવસ રાજયભરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

# અઢી ઈંચ વરસાદમાં રાજકોટ પાણી પાણી

## વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે સામાન્ય વરસાદમાં પણ જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણઃ રાજકોટની જળ જરૂરિયાત સંતોષતા તમામ ડેમમાં પાણીની આવક





તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

માત્ર અઢી ઈંચ વરસાદમાં સ્માર્ટ સીટી રાજકોટ પાણી પાણી થઈ ગયું હતું. શહેરભરમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી.

વરસાદી પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે સામાન્ય ઝાપટામાં પણ શહેરમાં પાણી પાણી જેવી સ્થિતિ સર્જાય જવા પામે છે. ગઈકાલે સમી સાંજે પડેલા માત્ર અઢી ઈંચ વરસાદમાં મેઘરાજાએ કોર્પોરેશનની પ્રિ-મોનસુન કામગીરીની પોલ ખોલી નાંખી હતી. મોટાભાગના વિસ્તારોમાં ગોઢણ ડુબ પાણી ભરાયા હતા પંચાયત નગર ચોકમાં તો મોટર કારના ટાયર પાણીમાં ડુબી ગયા હતા. શહેરીજનોએ ભારે હાલાકીનો સામાનો કરવો પડયો હતો.

મંગળવારે આખો દિવસ રાજકોટમાં આકાશ ગોરંભાયેલું રહ્યું હતું. સમી સાંજે મેધરાજાનું ધમાકેદાર આગમન થયું હતું. જોત જોતામાં ઈન્દ્રદેવ અનરાધાર વરસવા લાગ્યા હતા. કોર્પોરેશનની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ શાખાના રેકોર્ડ મુજબ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૫૨ મીમી વરસાદ પડયો હતો. સિઝનનો કુલ ૨૭૬ મીમી વરસાદ સેન્ટ્રલ ઝોનમાં વરસી ગયો છે. જયારે વેસ્ટ ઝોનમાં ૬૬ મીમી વરસાદ વરસી ગયો હતો અહીં આજ સુધીમાં સિઝનમાં ૨૭૧ મીમી વરસાદ વરસી ગયો છે.

જયારે ઈસ્ટ ઝોનમાં માત્ર ૩૨ મીમી વરસાદ પડયો હતો. સાંમા કાંઠા વિસ્તારમાં સિઝનનો ૨૧૮ મીમી વરસાદ વરસી ગયો છે. ફલડ કન્ટ્રોલ રૂમના રેકોર્ડ પર ૫૧ મીમી વરસાદ પડયો છે જયારે હવામાન વિભાગના રેકોર્ડ પર ૬૦ મીમી જેટલો વરસાદ વરસ્યો છે.

મંગળવારે રાજકોટ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં પડેલા અનરાધાર વરસાદના કારણે શહેરની

(અનુ. આઠમા પાને)